અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : 01 ઓગષ્ટ 2026 શનિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 3 | અંક : 33 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  સ્પેનમાં ઘુસવા 60 હજાર પ્રવાસીઓ પહોંચ્યા, 34નાં મોત : પોલીસથી બચવા નાસભાગ મચી; શ્વાસ રુંધાતા, દરિયામાં ડુબતા મોતને ભેટ્યાં

4  સંસદમાં અમિત શાહની ભેદી ગેરહાજરી પર રાહુલે સવાલ કર્યા બીજી તરફ, બિહારમાં NEET પેપર લીક મામલે આંદોલન દરમિયાન મહિલા IPS શૈલજા દાસ 'જેન ઝી લેડી સિંઘમ' તરીકે છવાયા

6  ભોજપુરી એક્ટ્રેસિસે બોલિવૂડ હીરોઈનોની બોટોક્સ સર્જરીની મજાક ઉડાવી: કહ્યું- 'અમારું બધું જ નેચરલ છે, બોલિવૂડમાં હોત તો બતક જેવા હોઠ કરાવવા પડત'

7   Gen-Z પ્રદર્શનમાં ઉપયોગમાં લીધેલી એપ હવે ઈન્ટરનેટ વિના ઈન્સ્ટોલ થશે : ગિટહબ પરથી બિટચેટ એપ બ્લોક કરવાની સરકારની માંગ પછી કંપનીનો નિર્ણય

## બંગાળ પોલીસને ઘરમાંથી દસ્તાવેજો મળ્યા; પુલવામા હુમલાનો માસ્ટરમાઈન્ડ સજ્જાદ ભટની નજીકનો

# CM શુભેન્દુની રેકી કરી રહેલો જૈશનો આતંકવાદી પકડાયો

કોલકાતા,તા.31

બંગાળ પોલીસે પૂર્વ બર્ધમાન જિલ્લામાંથી જૈશ-એ-મોહમ્મદના શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ કરી છે. બંગાળ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ હામિદ મંડલ નામના આ વ્યક્તિને ગુરુવારે મોડી રાત્રે એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાંથી પકડ્યો હતો.

પોલીસ સૂત્રોનું કહેવું છે કે તપાસ એજન્સીઓની નજરથી બચવા માટે મંડલ છેલ્લા બે થી ત્રણ મહિનાથી છુપાયેલો હતો. જોકે, પડોશીઓનો દાવો છે કે તે પરિવાર સાથે લગભગ દોઢ વર્ષથી ત્યાં રહેતો હતો.

પોલીસે તેની ધરપકડ કરીને બર્ધમાનની એક કોર્ટમાં હાજર કર્યો.

બર્ધમાન જિલ્લા કોર્ટમાં શંકાસ્પદ આતંકવાદીને રજૂ કરતી વખતે રેપિડ એક્શન ફોર્સ તૈનાત કરવામાં આવી હતી.

બર્ધમાન જિલ્લા કોર્ટમાં શંકાસ્પદ આતંકવાદીને રજૂ કરતી વખતે રેપિડ એક્શન ફોર્સ તૈનાત કરવામાં આવી હતી.

**શુભેન્દુ અધિકારીની માહિતી ભેગી કરવાની શંકા**

પોલીસને હામિદ મંડલના મોબાઈલ અને ઘરેથી કેટલાક એવા દસ્તાવેજો મળ્યા છે. જેના પરથી જાણવા મળ્યું છે કે તે મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી વિશે માહિતી ભેગી કરી રહ્યો હતો. પોલીસને શંકા છે કે તે કોઈ હુમલાનું કાવતરું ઘડી રહ્યો હતો.

**પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડ સાથે જોડાયેલું નામ**

પોલીસના જણાવ્યા અનુસાર, મંડલ પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો હોઈ શકે છે. એવું માનવામાં આવે છે કે તે સજ્જાદ ભટનો નજીકનો સહયોગી છે, જેને 2019ના પુલવામા આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ્સમાંથી એક માનવામાં આવે છે. 14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામામાં જૈશના એક



આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકો ભરેલી કાર સીઆરપીએફ જવાનોની બસ સાથે અથડાવી હતી, જેમાં 40 જવાનો શહીદ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મંડલ પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો હોઈ શકે છે. એવું માનવામાં આવે છે કે તે સજ્જાદ ભટનો નજીકનો સહયોગી છે, જેને 2019ના પુલવામા આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ્સમાંથી એક માનવામાં આવે છે. 14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામામાં જૈશના એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકો ભરેલી કાર સીઆરપીએફ જવાનોની બસ સાથે અથડાવી હતી, જેમાં 40 જવાનો શહીદ થયા હતા.

**ભાજપે કહ્યું- સરકાર બદલાતા જ બદલો લેવાની ફિરાકમાં કટ્ટરપંથીઓ**

શંકાસ્પદ આતંકવાદી પકડાયા પછી, ભાજપના પ્રવક્તા દેબજીત સરકારે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળ દાયકાઓથી કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો માટે સુરક્ષિત કોરિડોર રહ્યું છે. તેમણે દાવો કર્યો કે મમતા સરકારના 15 વર્ષમાં કટ્ટરપંથીઓને પ્રોત્સાહન મળ્યું છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે હવે રાજ્યની વિચારધારામાં ફેરફારને કારણે આતંકવાદીઓ તેને સુરક્ષિત ઠેકાણું માનતા નથી. તેમણે એમ પણ આરોપ લગાવ્યો કે કટ્ટરપંથી જૂથો હવે તે નેતાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમણે કટ્ટરપંથીઓના ઈરાદાઓ પર પાણી ફેરવી દીધું છે. શંકાસ્પદ આતંકવાદી પકડાયા પછી, ભાજપના પ્રવક્તા દેબજીત સરકારે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળ દાયકાઓથી કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો માટે સુરક્ષિત કોરિડોર રહ્યું છે. તેમણે દાવો કર્યો કે મમતા સરકારના 15 વર્ષમાં કટ્ટરપંથીઓને પ્રોત્સાહન મળ્યું છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે હવે રાજ્યની વિચારધારામાં ફેરફારને કારણે આતંકવાદીઓ તેને સુરક્ષિત ઠેકાણું માનતા નથી. તેમણે એમ પણ આરોપ લગાવ્યો કે કટ્ટરપંથી જૂથો હવે તે નેતાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમણે કટ્ટરપંથીઓના ઈરાદાઓ પર પાણી ફેરવી દીધું છે.

---

### PM મોદીના એડિટેડ-વીડિયો મામલે મેટા-ઈન્ડિયા હેડ પર FIR

## દિલ્હી પ્રદર્શન પછીનો વીડિયો, નોઈડામાં મહિલા પર પણ કેસ દાખલ

હૈદરાબાદ/નોઈડા,તા.31

હૈદરાબાદની સાયબર ક્રાઈમ પોલીસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ એડિટ કરાયેલા વાંધાજનક વીડિયોના મામલે કેસ નોંધ્યો છે. આ FIRમાં સોશિયલ મીડિયા યુઝર્સની સાથે મેટા ઈન્ડિયાના હેડને પણ સહ-આરોપી એટલે કે કો-એક્યુઝ્ડ બનાવવામાં આવ્યા છે.

જ્યારે બીજી તરફ નોઈડા પોલીસે પણ પીએમ મોદી વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાના મામલે એક મહિલા પર ઝીરો FIR નોંધી છે. હૈદરાબાદમાં 2 અલગ-અલગ કેસ નોંધાયા, મેટાને પોલીસની નોટિસ

હૈદરાબાદ પોલીસે ભાજપના કાર્યકરોની ફરિયાદો બાદ બે અલગ-અલગ કેસ નોંધ્યા છે. આ કાર્યવાહી ભારતીય ન્યાય સંહિતા (BNS) અને સૂચના પ્રૌદ્યોગિકી (IT) અધિનિયમ હેઠળ કરવામાં આવી છે.

પોલીસે સંબંધિત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના હેન્ડલર્સને આરોપી બનાવ્યા છે, જ્યારે મેટાના ઈન્ડિયા હેડને બંને કેસમાં સહ-



આરોપી તરીકે નોમિનેટ કર્યા છે.

**જંતર મંતર પર વિદ્યાર્થી પ્રદર્શનથી શરૂ થયો મામલો**

પોલીસ તપાસ મુજબ, પીએમ મોદીને નિશાન બનાવતા આ વાંધાજનક અને મોર્ફ્ડ વીડિયો દિલ્હીના જંતર-મંતર પર થયેલા એક વિદ્યાર્થી આંદોલન દરમિયાનથી ફેલાવવામાં આવી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.

**પોલીસ અધિકારીનું નિવેદન: આરોપીઓની શોધખોળ ચાલુ**

કેસની તપાસ કરી રહેલા હૈદરાબાદ સાયબર ક્રાઈમના એક તપાસ અધિકારીએ જણાવ્યું કે અમે નોંધાયેલા કેસો અને ફરિયાદીઓ દ્વારા રિપોર્ટ કરાયેલી વાંધાજનક લિંક્સને લઈને મેટાને નોટિસ જારી કરી દીધી છે. અમે આરોપીઓની ઓળખ કરવા અને તેમને પકડવા માટે તેમની માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'

**નોઈડામાં મહિલા પર FIR: પીએમ પર અપમાનજનક ટિપ્પણીનો આરોપ**

અન્ય એક કિસ્સામાં, જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ નોઈડામાં એક મહિલા પર ઝીરો FIR નોંધવામાં આવી છે.

ગાઝિયાબાદની રહેવાસી સ્મૃતિ સિંહની ફરિયાદ પર નોઈડાના સેક્ટર 168ની રહેવાસી રુચિકા સિંહ વિરુદ્ધ એક્સપ્રેસવે પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધવામાં આવ્યો છે.

**BNSની 3 કલમો હેઠળ કેસ નોંધાયો, બંધારણીય પદના અપમાનની ફરિયાદ**

ફરિયાદ અનુસાર, આરોપી મહિલાએ 23 જુલાઈએ જંતર-મંતર પર વડાપ્રધાન વિરુદ્ધ 'અભદ્ર અને વાંધાજનક' ભાષાનો પ્રયોગ કર્યો હતો.

---

## 8મું પગાર પંચ : ફિટમેન્ટ ફેક્ટર અને ભલામણો પર પહેલીવાર બોલી સરકાર, સંસદમાં જવાબ આપ્યો

નવી દિલ્હી,તા.31

8માં કેન્દ્રીય પગાર પંચ (8th Pay Commission)ના ફિટમેન્ટ ફેક્ટર અને વેતન નક્કી કરવાના ફોર્મ્યુલામાં ફેરફારને લઈને લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે પહેલીવાર સંસદમાં આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.



સરકારે કોઈપણ માંગને સીધી મંજૂર કે ફગાવી દેવાને બદલે સ્પષ્ટ કર્યું છે કે 8મું પગાર પંચ સંપૂર્ણપણે સ્વતંત્ર સંસ્થા છે અને તે પોતાની પ્રક્રિયા જાતે નક્કી કરશે.

**ફિટમેન્ટ ફેક્ટર અને ફેમિલી યુનિટની માગ પર સરકારનું નિવેદન**

રાજ્યસભામાં સરકારને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, શું કર્મચારી સંગઠનોએ ફિટમેન્ટ ફેક્ટર નક્કી કરતી વખતે 'ફેમિલી યુનિટ'ની સંખ્યા 3 થી વધારીને 5 કરવાની માંગ કરી છે, જેથી કર્મચારીઓના માતા-પિતાનો પણ તેમાં સમાવેશ થઈ શકે?

આ સવાલના જવાબમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગત 3 નવેમ્બર 2025ના રોજ 8મા પગાર પંચની રચના તેના નક્કી કરેલા કાર્યક્ષેત્ર (Terms of Reference) હેઠળ કરવામાં આવી હતી અને પંચ તે અનુસાર જ કામ કરી રહ્યું છે.

**સરકાર પણ પંચની આંતરિક બાબતોથી અજાણ**

સંસદમાં સરકારે સ્પષ્ટ કર્યું કે 8મા પગાર પંચને તેની ભલામણો, આંતરિક ચર્ચાઓ અથવા કયા પ્રસ્તાવો પર ચર્ચા ચાલી રહી છે તેની વિગતો સરકારને આપવાની કોઈ બંધાયેલી નથી. એટલે કે, પંચ પોતાની પ્રક્રિયા અને નિર્ણયો જાતે લેશે અને અંતિમ અહેવાલ તૈયાર ન થાય ત્યાં સુધી સરકાર પણ તેમાં દખલ કરતી નથી.

સાંસદોએ એ પણ પૂછ્યું હતું કે પંચે અત્યાર સુધી કેટલી બેઠકો યોજી છે અને કયા કર્મચારી સંગઠનો સાથે ચર્ચા થઈ છે? આ અંગે પણ સરકારે કોઈ આંકડા કે વિગતો શેર કરી નથી.

---

## જમ્મુ-કાશ્મીરના CM ઓમર અબ્દુલ્લા અને પાયલના છૂટાછેડા : સુપ્રીમ કોર્ટમાં પરસ્પર સંમતિથી સંબંધ તોડ્યો

નવી દિલ્હી,તા.31

સુપ્રીમ કોર્ટે શુક્રવારે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને તેમની પત્ની પાયલને છૂટાછેડાને મંજૂરી આપી દીધી છે.

બંનેએ કોર્ટને જણાવ્યું કે તેમણે પરસ્પર સંમતિથી તેમના લગ્ન ખતમ કરવાના અને તમામ વિવાદોને ઉકેલવાનો નિર્ણય કર્યો છે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ઉમર અબ્દુલ્લા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટને જણાવ્યું કે પતિ-પત્ની વચ્ચેના તમામ વિવાદો પરસ્પર સમજૂતીથી ઉકેલાઈ ગયા છે.

ઓમર અબ્દુલ્લાએ સુપ્રીમ કોર્ટમાં દિલ્હી હાઈકોર્ટના તે નિર્ણયને પડકાર્યો હતો, જેમાં તેમના છૂટાછેડા કરવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

ઉમર અબ્દુલ્લા પત્ની પાયલથી લગભગ 15 વર્ષથી અલગ રહી રહ્યા હતા.

જસ્ટિસ પીએસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન ઓમર અબ્દુલ્લા અને પાયલ



બંને પક્ષો દ્વારા કોર્ટને જણાવવામાં આવ્યું કે તેમની વચ્ચેના તમામ વિવાદો ઉકેલાઈ ગયા છે. તેઓ વૈવાહિક સંબંધો સમાપ્ત કરવા સંમત છે. ત્યારબાદ કોર્ટે છૂટાછેડાની મંજુરી આપીને વૈવાહિક સંબંધ ખતમ કર્યો.

સુનાવણી દરમિયાન ઉમર અબ્દુલ્લા વતી વરિષ્ઠ અધિવક્તા કપિલ સિબ્બલે કોર્ટને જણાવ્યું કે બંને પક્ષોએ પોતપોતાના સ્વતંત્ર જીવનને સ્વીકારી લીધું છે. તેમણે દલીલ કરી કે બંનેએ પોતપોતાની આઝાદી સ્વીકારી લીધી છે. તમામ વિવાદો ઉકેલાઈ ગયા છે.

ઓમર અબ્દુલ્લા અને પાયલે 1994માં લગ્ન કર્યા હતા.

**ઓબેરોય હોટલમાં થઈ હતી મુલાકાત**

ઓમર અને પાયલની મુલાકાત દિલ્હીની ઓબેરોય હોટલમાં કામ કરતી વખતે થઈ હતી. બંનેએ 1994માં લગ્ન કર્યા હતા. તેમના બે પુત્રો છે, જેમના નામ ઝહીર અને ઝમીર છે. અબ્દુલ્લા અને પાયલ 2011થી અલગ રહી રહ્યા હતા.

**ઓમર અને પાયલે લવ મેરેજ કર્યા હતા**

ઓમર અબ્દુલ્લાએ સપ્ટેમ્બર 1994માં પાયલ નાથ સાથે લગ્ન કર્યા હતા. પાયલ આર્મી મેજર જનરલ રામનાથની દીકરી છે. તેમના પિતા મૂળ રૂપે લાહોરના રહેવાસી છે. દેશના વિભાજન પછી તેમનો પરિવાર લાહોરથી ભારત આવી ગયો હતો. ઓમર અને પાયલે લવ મેરેજ કર્યા હતા. પરંતુ લગ્નના 15 વર્ષ પછી, વર્ષ 2009માં તેમના સંબંધોમાં તિરાડ પડી ગઈ, જેના પછી પાયલ ઉમરથી અલગ રહેવા લાગી.

**300 કરોડ આપવાની માંગનો આરોપ**

સુપ્રીમ કોર્ટે અગાઉની સુનાવણીમાં કોર્ટે બંને પક્ષોને એકસાથે બેસીને મુદ્દાઓ પર ગંભીરતાથી વિચાર કરવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે બંને પક્ષો ગંભીરતા દાખવશે અને મામલો ઉકેલાઈ જશે.



# બોપલ અને ઘુમામાં બે ઇંચ, શહેરમાં સરેરાશ એક ઇંચ વરસાદ : વરસાદ બંધ થયા બાદ એક કલાકથી સરસપુરમાં ઘૂંટણસમા પાણી






**અમદાવાદ, તા.31**

આજે 31 જુલાઈ અને આવતીકાલે 1 ઑગસ્ટે હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં રેડ એલર્ટ જારી કર્યું છે. એટલે કે શહેર અને જિલ્લાના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે 31 જુલાઈએ બપોરના સમયે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં એસજી હાઈવેના પેલેડિયમ મોલ પાસે અને ઈન્ડિયા કોલોની તેમજ સરસપુર વિસ્તારમાં તો પાણી ભરાયા હતા. શહેરમાં સરેરાશ એક ઈંચ વરસાદ અને બોપલ અને ઘુમામાં બે ઈંચ વરસાદથી પાણી ભરાયા.

શાહીબાગ વિસ્તારમાં 30 મિનિટ સુધી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. ત્યારે રચના સ્કૂલ બહાર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોલા બ્રિજ પર વરસાદના કારણે વિઝિબિલિટીમાં પણ ઘટાડો થયો હતો. તો સરસપુરમાં વોરાના રોજા પાસે, ચેનપુર અંડરપાસ પાસે સામાન્ય વરસાદમાં પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. વોરાના રોજા પાસે ટ્રાફિક થતા એમ્બ્યુલન્સ પણ ફસાઈ હતી. જ્યાં તંત્રના કર્મચારીઓ ગટરના ઢાંકણા ખોલ્યા વિના જ કામગીરી કરવા પહોંચી ગયા છે એવા ફોટા પાડ્યા હતા. શાહીબાગ વિસ્તારમાં 30 મિનિટ સુધી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. ત્યારે રચના સ્કૂલ બહાર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોલા બ્રિજ પર વરસાદના કારણે વિઝિબિલિટીમાં પણ ઘટાડો થયો હતો. તો સરસપુરમાં વોરાના રોજા પાસે, ચેનપુર અંડરપાસ પાસે સામાન્ય વરસાદમાં પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. વોરાના રોજા પાસે ટ્રાફિક થતા એમ્બ્યુલન્સ પણ ફસાઈ હતી. જ્યાં તંત્રના કર્મચારીઓ ગટરના ઢાંકણા ખોલ્યા વિના જ કામગીરી કરવા પહોંચી ગયા છે એવા ફોટા પાડ્યા હતા.

શહેરમાં સરેરાશ એક ઈંચ વરસાદથી પાણી ભરાયા

અમદાવાદમાં બપોરે 2:00 વાગ્યા બાદ વરસાદ શરૂ થયો હતો. માત્ર એક કલાક ધોધમાર વરસાદ પડ્યો તો ત્યારબાદ ધીમીધારે વરસાદ કેટલાક વિસ્તારોમાં પડ્યો હતો. શહેરમાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સૌથી વધુ વરસાદ એસજી હાઈવે, થલતેજ, બોડકદેવ, અને બોપલમાં બે ઈંચ જેટલો પડ્યો છે. જોધપુર, ચાંદખેડા, રાણીપ, જગતપુર, ન્યુ રાણીપ, કાલુપુર, દિલ્હી દરવાજા, શાહીબાગ, અસારવા, એરપોર્ટ, સરદારનગર, દૂધેશ્વર ના શાહપુર વિસ્તારમાં જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે આશ્રમરોડ, પાલડી, વાસણા, નવરંગપુરા, ઓગણજ, મેમનગર, ઘાટલોડીયા, જમાલપુર, નરોડા, હંસપુરા એસ્પીરીંગ રોડ સહિતના વિસ્તારોમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો

બોપલ અને ઘુમામાં બે ઈંચ વરસાદ પડ્યો

બોપલ અને ઘુમામાં બે ઈંચ વરસાદ પડ્યો હતો જેના કારણે વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શેલા વિસ્તારમાં પણ દોઢથી બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે ક્લબ 07 રોડ અને વીઆઈપી રોડ તેમજ આકાશ રેસીડેન્સી સહિતના વિસ્તારોમાં ખૂબ પાણી ભરાઈ ગયા હતા લોકોને અવરજવરમાં તકલીફ પડી હતી.

ગુજરાત હાઈકોટથી ચાણક્યપુરી તરફ જતો રોડ

માત્ર 30 મિનિટના વરસાદે ફરી એકવાર શેલાની નવી બનેલી રોડ અને ડ્રેનેજ વ્યવસ્થાની પોલ ખોલી દીધી. આકાશા રેસિડેન્સી અને ક્લબ O7 રોડ પર ગંભીર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે.

કરોડો રૂપિયાના જાહેર નાણાં ખર્ચાયા પછી પણ જો આવી સ્થિતિ હોય તો જવાબદાર કોણ? ગુજરાત સરકાર, AMC અને AUDAને અમારી વિનંતી છે કે તાત્કાલિક સ્થળ તપાસ કરી કાયમી ઉકેલ લાવવામાં આવે. શેલાના નાગરિકોને દર વરસાદે મુશ્કેલી ભોગવવી ન પડે. કરોડો રૂપિયાના જાહેર નાણાં ખર્ચાયા પછી પણ જો આવી સ્થિતિ હોય તો જવાબદાર કોણ? ગુજરાત સરકાર, AMC અને AUDAને અમારી વિનંતી છે કે તાત્કાલિક સ્થળ તપાસ કરી કાયમી ઉકેલ લાવવામાં આવે. શેલાના નાગરિકોને દર વરસાદે મુશ્કેલી ભોગવવી ન પડે.

શાહીબાગ અંડર બ્રિજમાં એક રીક્ષા બંધ થઈ ગઈ હતી. ત્યારે અંડરબ્રિજ ટ્રાફિક બીટ ઉપર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ દ્વારા રીક્ષા ચાલકને મદદ કરવામાં આવી હતી અને રીક્ષાને ધક્કો મારી ને અંડર બ્રિજમાંથી બહાર લાવવામાં આવી હતી.

## ખાનગી કંપનીમાં નોકરી કરતો યુવક 5માં માળેથી પટકાયો

## ગંભીર ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલમાં ખસેડાયો, અમદાવાદના મકરબામાં કોમર્સ હાઉસ-6 બિલ્ડિંગનો બનાવ

**અમદાવાદ, તા.31**

અમદાવાદના મકરબાના કોર્પોરેટ રોડ પર આવેલા કોમર્સ હાઉસ-6 બિલ્ડિંગમાં આજે 31 જુલાઈએ અંદાજે 10:30 વાગ્યે ખાનગી કંપનીમાં નોકરી કરતો એક યુવક બિલ્ડિંગના ચોથા અને પાંચમા માળ વચ્ચેના ભાગમાંથી નીચે પટકાયો હતો. ઘટના બનતાની સાથે જ તેને તાત્કાલિક સારવાર માટે શેલ્બી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તેને વધુ તપાસ હાથ ધરી છે. ઓડિશાના વતની અને કીમના પીપોદ્રાના સંચા ખાતામાં કામ કરતા મિથુન નામના યુવકના હાર્ટને વંદે ભારતમાં 217 મિનિટમાં અમદાવાદ પહોંચાડાયું હતું, જેના માટે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરાયો



હતો. મિથુનના 2 કિડની, લીવર અને હૃદયના દાનથી 4ને નવજીવન મળશે. સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું. આ હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ જવામાં આવ્યું છે.ઓડિશાના વતની અને કીમના પીપોદ્રાના સંચા ખાતામાં કામ કરતા મિથુન નામના યુવકના હાર્ટને વંદે ભારતમાં 217 મિનિટમાં અમદાવાદ પહોંચાડાયું હતું, જેના માટે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરાયો હતો. મિથુનના 2 કિડની, લીવર અને હૃદયના દાનથી 4ને નવજીવન મળશે. સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું. આ હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ જવામાં આવ્યું છે. સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું. આ હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ જવામાં આવ્યું છે.

## ભારતમાં પ્રથમ વખત ટ્રેનમાં 'લાઈવ હાર્ટ' લવાયું : વંદે ભારતમાં 217 મિનિટમાં સુરતથી અમદાવાદ પહોંચાડાયું

### સુરતથી અમદાવાદ પહોંચાડાયું; યુ.એન.મહેતા હોસ્પિટલમાં થશે પ્રત્યારોપણ

**અમદાવાદ, તા.31**

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં 96મું સફળ અંગદાન થયું છે. રેલવેએ આરોગ્ય સેવાના ક્ષેત્રમાં પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મારફતે જીવંત હૃદય એટલે કે 'લાઈવ હાર્ટ'નું સફળતાપૂર્વક પરિવહન કર્યું છે. સુરતથી અમદાવાદ સુધી સમયસર લાઈવ હાર્ટ પહોંચાડીને એક દર્દીને નવજીવન આપવાના પ્રયાસને સફળ બનાવવામાં આવ્યો છે.

ઓડિશાના વતની અને કીમના પીપોદ્રાના સંચા ખાતામાં કામ કરતા મિથુન નામના યુવકના હાર્ટને વંદે ભારતમાં 217 મિનિટમાં અમદાવાદ પહોંચાડાયું હતું, જેના માટે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરાયો હતો. મિથુનના 2 કિડની, લીવર અને હૃદયના દાનથી 4ને નવજીવન મળશે.

વંદે ભારત એક્સપ્રેસથી લાઈવ હાર્ટ સુરક્ષિત પહોંચાડાયું

સુરતથી અમદાવાદ સુધી ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું. આ હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ જવામાં આવ્યું છે.

ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ પહોંચાડાયું.

આ સમગ્ર ઓપરેશનમાં ભારતીય રેલવે, ગુજરાત પોલીસ, આરપીએફ અને તબીબોની ટીમ વચ્ચે ઉત્તમ સંકલન જોવા મળ્યું. અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી લઈને યુ. એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો, જેના કારણે લાઈવ હાર્ટને કોઈપણ વિલંબ વિના નિર્ધારિત સમયમાં હોસ્પિટલ સુધી પહોંચાડી શકાયું.

રેલવેના ઈતિહાસમાં પ્રથમવાર માનવીય અંગને રેલવેમાં લવાયું

આ લાઈવ હાર્ટને સુરતથી સવારે 9:18એ લઈને બપોરે 12:55 વાગ્યે અમદાવાદ હોસ્પિટલ સુધી પહોંચવામાં આવ્યું હતું. એટલે કે પોણા 4 કલાકમાં લાઈવ હાર્ટને પ્રથમ વખત રેલવેમાં સુરતથી અમદાવાદ લાવવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં થયેલા ભારે વરસાદને પગલે કોઈ ફ્લાઈટ અવરજવર કરતી ન હોવાને કારણે ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ માનવીય અંગને રેલવેમાં લાવવામાં આવ્યું હતું. આના પહેલા કોઈપણ માનવીય અંગને રેલવેમાં લાવવામાં આવ્યું નથી.

અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરાયો.

અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરાયો.

ઈમરજન્સી આરોગ્ય સેવાઓમાં પણ ઉપયોગી

વંદે ભારત એક્સપ્રેસની ઝડપી ગતિ, સમયપાલન અને વિશ્વસનીયતાએ આ જીવનરક્ષક મિશનની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી. આ સિદ્ધિ એ પણ દર્શાવે છે કે ભારતીય રેલવે હવે માત્ર મુસાફરો અને માલસામાનના પરિવહન સુધી મર્યાદિત નથી, પરંતુ ઈમરજન્સી આરોગ્ય સેવાઓમાં પણ મહત્વપૂર્ણ સહયોગી તરીકે ઉભરી રહી છે.

દર્દીને નવું જીવન આપવાની દિશામાં મહત્વપૂર્ણ મિશન સફળ

આ અભિયાનને સફળ બનાવવા માટે ભારતીય રેલવેના વિવિધ વિભાગો, ગુજરાત રાજ્ય પોલીસ, આરપીએફ, તબીબો, અંગ પ્રત્યારોપણ સંકલનકારો તેમજ સંબંધિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## AMCની મુખ્ય ઓફિસને જ નોટિસ આપવાની સ્થિતિ!

## એસ્ટેટ-નગર વિકાસ અને ટેક્સ સહિતની 15 ખાતાની ઓફિસ જર્જરિત બિલ્ડિંગમાં, લિફ્ટ પણ બંધ

**અમદાવાદ, તા.31**

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મહાનગરપાલિકા ચોમાસામાં નાગરિકોના ભયજનક મકાનો અથવા તેનો ભાગ ઉતારી લેવા માટે નોટિસ આપી અને કાર્યવાહી કરતી હોય છે. જો કે શહેરના દાણાપીઠ વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસની બિલ્ડીંગનો ભાગ જર્જરીત છે. મુખ્ય ઓફિસના બી બ્લોકની બિલ્ડીંગનો એક ભાગ જર્જરીત છે અને તેને રીપેરીંગની જરૂરિયાત છે ત્યારે લોકોને નોટિસ આપી અને ખાલી કરાવવાની કામગીરી કરતું મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર જ તેમની જર્જરીત બિલ્ડીંગનો ભાગ દૂર કરી શકી નથી અને ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ તેમજ નાગરિકોને જીવનું જોખમ છે. મધ્ય ઝોનના



ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફીસ દાણાપીઠમાં ત્રણ બ્લોક છે. જેમાં એ બ્લોકના હેરિટેજ બિલ્ડીંગનું રીનોવેશન ચાલી રહ્યું છે. સી બ્લોક જે વર્ષ 2009-10માં બનાવવામાં આવ્યો હતો. તેમાં કેટલીક જગ્યાએ બાથરૂમ તૂટી ગયા છે તો કેટલીક જગ્યાએ રીપેરીંગની જરૂરિયાત છે. જેથી નાનું મોટું તેમાં રીપેરીંગની જરૂરિયાત હોવાથી આગામી દિવસોમાં તેને રિપેર કરવામાં આવશે. બી બ્લોક બિલ્ડીંગ અંદાજિત 50 વર્ષ જૂનું હોવાથી તેનો સ્ટ્રક્ચર રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો. જેમાં બિલ્ડિંગને રીપેરીંગની જરૂરિયાત છે. વર્ષો જૂનું બિલ્ડીંગ છે ત્યારે હવે આ બિલ્ડીંગને રીપેર કરાવવું કે પછી તોડીને નવું કરવું તેના માટે હાલ વિચારણા કરવામાં આવી રહી છે. શહેરના દાણાપીઠ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસના A બ્લોક કે જેમાં હેરિટેજ બિલ્ડીંગ છે. B બ્લોકની બિલ્ડીંગ આવેલી છે જેમાં તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ બેસીને કામ કરે છે. જ્યારે C બિલ્ડીંગ આવેલું છે જેમાં મેયર ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન સહિતના પદ અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના ચેરમેનોની ઓફિસો આવેલી છે.

## નવસારીની પૂર્ણા નદી બે કાંઠે, NDRF-SDRF અને આર્મી તૈનાત

### 7 વાગ્યા સુધી 17 જિલ્લામાં રેડ એલર્ટ, નેત્રંગમાં 11 ઈંચ, દરિયાકાંઠે 3 નંબરનું સિગ્નલ

**અમદાવાદ, તા.31**

'રેડ એલર્ટ'ની આગાહી સાથે સવારના 6થી 4 વાગ્યા સુધીમાં 154 તાલુકામાં સૌથી વધુ ભરૂચના નેત્રંગમાં 11 ઈંચ વરસાદ ખબાક્યો છે, જ્યારે અન્ય 22 તાલુકામાં 5 ઈંચથી વધુ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નવસારીમાં ભારે વરસાદ વચ્ચે કરંટ લાગતા 3 લોકોના મોત થયાં છે. સુરતમાં ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે.

છોટાઉદેપુર જિલ્લામાં નસવાડીમાં અશ્વિન નદીમાં ફસાયેલા યુવક અને તિલકવાડામાં પૂર વચ્ચે ઝાડ પરથી યુવકનું રેસ્ક્યૂ કરાયું હતું. વડોદરા, ભરૂચમાં પણ ભારે વરસાદથી પાણી ભરાયા છે. અમદાવાદમાં પણ રેડ એલર્ટ વચ્ચે બપોરબાદ પવન સાથે વરસાદ શરૂ થયો છે.

7 વાગ્યા સુધી 17 જિલ્લામાં રેડ એલર્ટ

નાઉકાસ્ટ મુજબ, 4 થી 7 વાગ્યા સુધી 17 જિલ્લા રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. મહેસાણા, બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, વડોદરા, આણંદ, ખેડા, નર્મદા, ભરૂચ, નવસારી, સુરત, તાપી, ડાંગ, વલસાડ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ ઉપરાંત દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુરમાં ઓરેન્જ એલર્ટ તેમજ જામનગર, દ્વારકા અને પોરબંદરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આગામી 2 ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આજે 31 જુલાઈએ 14 જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે, જ્યારે 6 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને 15 જિલ્લામાં



'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. 1 ઓગસ્ટએ ભારે વરસાદની આગાહીને પગલે સુરત જિલ્લાની તમામ સ્કૂલ-કોલેજ અને આંગણવાડીમાં રજા જાહેર કરાઈ છે.

સુરતના વરસાદની પળેપળની અપડેટ્સ: પોશ વિસ્તારમાં પાણી ઘૂસ્યા, BRTS, કારખાનાઓ અને તમામ કાપડ માર્કેટ બંધ

અમદાવાદના વરસાદની પળેપળની અપડેટ્સ: ધોધમાર વરસાદથી અનેક સ્થળે પાણી ભરાયા, એક કલાકથી સરસપુરમાં ઘૂંટણસમા પાણી

TAT અને GPSCની પરીક્ષાઓ વરસાદના કારણે મુલતવી, નવી તારીખો જાહેર

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ અને ઉમેદવારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અગાઉ 2 ઓગસ્ટના રોજ યોજાનારી TAT (ઉચ્ચતર માધ્યમિક)-2026ની મુખ્ય પરીક્ષા હવે 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે, જેના માટે જૂની હોલટિકિટ જ માન્ય રહેશે. આ સાથે જ GPSC દ્વારા 1 ઓગસ્ટે લેવાનારી તમામ પરીક્ષાઓ મોકૂફ રાખીને હવે 9 ઓગસ્ટે યોજવાનો નિર્ણય કરાયો છે.

સેટેલાઈટ મેપમાં જુઓ ગુજરાત પર છવાયેલા વાદળો

નવસારીના ગણદેવા ગામમાં વીજકરંટથી 3 મજૂરોના મોત

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામ નજીક પસાર થઈ રહેલો એક ટેમ્પો અકસ્માતે વીજળીના વાયર સાથે અડી જતાં ટેમ્પોમાં સવાર મજૂરોને વીજકરંટ લાગતાં 3ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા 2 મજૂરોને સારવાર અર્થે ખારેલ હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે વધુ એક ગંભીર દર્દીને સુરત રિફર કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ગણદેવી પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. આ દુઃખદ ઘટનાને પગલે કેન્દ્રીય મંત્રી નરેશ પટેલ સહિતના સ્થાનિક આગેવાનો પણ સ્થિતિની સમીક્ષા માટે ગણદેવા જવા રવાના થયા હતા.

સૂર્યપુર ગરનાળામાં પાણી ભરાતાં વાહનચાલકો અટવાયા.

તિવકવાડાના ગૌચરીયા ગામે પાણીમાંથી યુવકનું રેસ્કૂય, રાજપીપળા-સિસોદરા માર્ગ ધોવાયો. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આગામી સાત દિવસ માટે ભારે વરસાદની આગાહી કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સ્પેનમાં ઘુસવા 60 હજાર પ્રવાસીઓ પહોંચ્યા, 34નાં મોત : પોલીસથી બચવા નાસભાગ મચી; શ્વાસ રુંધાતા, દરિયામાં ડુબતા મોતને ભેટ્યાં



**સ્યુટા, તા.31**

સ્પેનમાં બળજબરીપૂર્વક પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે 34 આફ્રિકન પ્રવાસીઓના મોત થયા. ન્યૂઝ એજન્સી AP અનુસાર, આ ઘટના ગુરુવારે સવારે બની હતી, જ્યારે 3 હજાર પ્રવાસીઓ એકસાથે સ્પેનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

સરહદ પર પોલીસની ઘેરાબંધી અને સુરક્ષા વાડ વચ્ચેના સાંકડા રસ્તાઓને કારણે લોકો એકબીજા પર પડી ગયા. ભીડમાં દબાઈ જવા, શ્વાસ રૂંધાવા અને સમુદ્રમાં ડૂબી જવાને કારણે આ દુર્ઘટના થઈ. આ દરમિયાન સ્પેન અને મોરોક્કોના 100થી વધુ સૈનિકો પણ ઘાયલ થયા.

સ્પેનિશ સરકાર તરફથી માહિતી મળી છે કે 24 કલાકમાં મોરોક્કો તરફથી લગભગ 60 હજાર લોકો તરીને અથવા ચાલીને સ્પેનિશ શહેર સ્યુટામાં પ્રવેશ કરી ચૂક્યા છે. આ સ્યુટાની વસતીના 70% છે.

મોરોક્કોથી આવેલા પ્રવાસીઓ દરિયાઈ માર્ગે તરીને સ્પેનના સ્યુટા શહેરમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા. તસવીર 31 જુલાઈની છે.

મોરોક્કોથી આવેલા પ્રવાસીઓ દરિયાઈ માર્ગે તરીને સ્પેનના સ્યુટા શહેરમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા. તસવીર 31 જુલાઈની છે.

મોરોક્કોથી આવેલા કેટલાક પ્રવાસીઓ ગુરુવારે સ્પેનના સ્યુટા શહેરથી પાછા મોરોક્કો ફરતા. તેઓ સ્પેનની સરહદમાં પ્રવેશી શક્યા ન હતા.

મોરોક્કોથી આવેલા કેટલાક પ્રવાસીઓ ગુરુવારે સ્પેનના સ્યુટા શહેરથી પાછા મોરોક્કો ફરતા. તેઓ સ્પેનની સરહદમાં પ્રવેશી શક્યા ન હતા.

ગુરુવારે સ્પેનના સ્યુટામાં બખ્તરબંધ સૈન્ય વાહનો પાસે એકઠા થયેલા લોકો. મોરોક્કોથી હજારો પ્રવાસીઓ સમુદ્ર અને જમીન માર્ગે સરહદ પાર કરીને સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગુરુવારે સ્પેનના સ્યુટામાં બખ્તરબંધ સૈન્ય વાહનો પાસે એકઠા થયેલા લોકો. મોરોક્કોથી હજારો પ્રવાસીઓ સમુદ્ર અને જમીન માર્ગે સરહદ પાર કરીને સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મોરોક્કોથી આવેલો એક પ્રવાસી ગુરુવારે સ્પેનના સ્યુટા શહેરની સરહદ પર પહોંચ્યા બાદ ખુશી વ્યક્ત કરતો. મોટી સંખ્યામાં પ્રવાસીઓ સમુદ્ર અને જમીન માર્ગે સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મોરોક્કોથી આવેલો એક પ્રવાસી ગુરુવારે સ્પેનના સ્યુટા શહેરની સરહદ પર પહોંચ્યા બાદ ખુશી વ્યક્ત કરતો. મોટી સંખ્યામાં પ્રવાસીઓ સમુદ્ર અને જમીન માર્ગે સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સ્પેનના સ્યુટા શહેરમાં ગુરુવારે મોરોક્કો સરહદ નજીક પેટ્રોલિંગ કરતા સ્પેનિશ સૈનિકો.

સ્પેનના સ્યુટા શહેરમાં ગુરુવારે મોરોક્કો સરહદ નજીક પેટ્રોલિંગ કરતા સ્પેનિશ સૈનિકો.

સ્યુટાથી જ યુરોપમાં ઘૂસવાની સૌથી વધુ કોશિશ કેમ થાય છે?

સ્યુટા ભલે ભૌગોલિક રીતે આફ્રિકામાં હોય, પરંતુ તે સ્પેન અને યુરોપિયન યુનિયન (EU)નો ભાગ છે. એટલે કે જો કોઈ પ્રવાસી સ્યુટામાં ઘૂસી જાય છે, તો તે યુરોપની સરહદ સુધી પહોંચી જાય છે. આ જ કારણ છે કે હજારો લોકો દર વર્ષે અહીંથી યુરોપમાં દાખલ થવાનો પ્રયાસ કરે છે.

સ્યુટા અને તેની નજીકનું મેલિલા એવા બે શહેરો છે, જ્યાં આફ્રિકા અને યુરોપની સીધી જમીની સરહદ મળે છે. તેથી સારી નોકરી અને સારા જીવનની શોધમાં મોરોક્કો સહિત ઘણા આફ્રિકન દેશોના લોકો સૌથી વધુ આ જ રસ્તાઓ પસંદ કરે છે.

આ સપ્તાહની શરૂઆતમાં 1,500 લોકો સ્યુટામાં ઘૂસ્યા

સ્યુટામાં પ્રવેશવા માટે કેટલાક લોકો સમુદ્રમાં તરીને સરહદ પાર કરે છે, કેટલાક નાની બોટનો સહારો લે છે. જ્યારે મોટી સંખ્યામાં લોકો સરહદ પર લગાવેલી ઊંચી વાડ પર ચઢીને અથવા તેને કાપીને અંદર જવાનો પ્રયાસ કરે છે.

આ સપ્તાહની શરૂઆતમાં જ લગભગ 1,500 પ્રવાસીઓ સ્યુટામાં પ્રવેશ કરી ચૂક્યા હતા. ત્યારબાદ ગુરુવારે પરિસ્થિતિ અચાનક બગડી ગઈ.

આ પહેલા વર્ષ 2021માં માત્ર બે દિવસની અંદર 10 હજારથી વધુ લોકો સ્યુટામાં ઘૂસી ગયા હતા. જ્યારે 2022માં મેલિલામાં સરહદ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે મચેલી ભાગદોડમાં ઓછામાં ઓછા 23 પ્રવાસીઓના મોત થયા હતા.

હજારો સ્થળાંતર કરનારાઓએ ગુરુવારે મોરોક્કોથી સ્પેનના સ્વાયત્ત શહેર સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો.

હજારો સ્થળાંતર કરનારાઓએ ગુરુવારે મોરોક્કોથી સ્પેનના સ્વાયત્ત શહેર સ્યુટામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો.

સ્થળાંતર કરનારાઓને રોકવા માટે સ્પેને સેના મોકલી

સ્પેન સરકારના અધિકારી ફર્નાન્ડો રોડ્રિગ્ઝ કોન્ટ્રેરાસે જણાવ્યું હતું કે પ્રારંભિક અંદાજ મુજબ હજારો, સંભવતઃ દસ હજારો લોકો એકસાથે મોરોક્કોથી સ્યુટામાં ઘૂસી આવ્યા હતા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સ્પેન સરકારે સરહદ પર સુરક્ષા વધારી દીધી છે. આ અંતર્ગત સેનાની વધારાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે, જ્યારે હવાઈ અને નૌકાદળની દેખરેખ પણ વધારવામાં આવી છે.

સમુદ્ર માર્ગે આવતા સ્થળાંતર કરનારાઓ પર નજર રાખવા માટે ડાઈવર્સની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. તે જ સમયે, યુરોપિયન યુનિયન (EU) એ પણ સ્પેનને મદદની ઓફર કરી છે.

સ્યુટા અને મેલિલાને લઈને સ્પેન-મોરોક્કોમાં વિવાદ

મોરોક્કોને 1956માં સ્પેનથી આઝાદી મળી હતી. જોકે સ્પેને સ્યુટા અને મેલિલાને આઝાદ કર્યા નહોતા.

મોરોક્કોનું કહેવું છે કે સ્યુટા અને મેલિલા પણ તેને પાછા મળવા જોઈએ. આ બંને શહેરો આફ્રિકી મહાદ્વીપમાં છે અને મોરોક્કોનો ભાગ છે.

સ્પેનનું કહેવું છે કે સ્યુટા પર તેનો કબજો 350 વર્ષથી છે. ત્યારે મોરોક્કો પણ બન્યું નહોતું.

સ્યુટા પર પોર્ટુગલે 1415માં કબજો કર્યો હતો. 1668માં પોર્ટુગલે તેને સ્પેનને આપી દીધું.

સ્પેને સ્યુટા કેમ છોડ્યું નહીં?

1. વ્યૂહાત્મક કારણ

સ્યુટા જિબ્રાલ્ટર સ્ટ્રેટ પાસે છે. અહીંથી ભૂમધ્ય સાગર અને એટલાન્ટિક મહાસાગર વચ્ચે આવન-જાવન કરતા જહાજો પર નજર રાખી શકાય છે.

2. રાજકીય કારણ

જો સ્પેન સ્યુટા છોડી દે છે, તો બીજા શહેર મેલિલા પર પણ દબાણ વધી શકે છે. આનાથી સ્પેન માટે મોટું રાજકીય અને સુરક્ષા સંકટ ઊભું થઈ શકે છે.

3. સ્થાનિક લોકોની ઈચ્છા

સ્યુટાના મોટાભાગના રહેવાસીઓ પોતાને સ્પેનિશ માને છે. તેઓ સમૃદ્ધ દેશ સ્પેન સાથે જ રહેવા માંગે છે.

# પાકિસ્તાનમાં ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈ પર હુમલો : લિયારીમાં અજાણ્યા હુમલાખોરોએ ઘરની બહાર ગોળી મારી, સ્થિતિ ગંભીર

**પાકિસ્તાન તા.31**

પાકિસ્તાનના કરાચીમાં જેલમાં બંધ કુખ્યાત ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈ ઝુબેર બલોચ પર ગુરુવારે સાંજે જીવલેણ હુમલો થયો. કરાચીના લ્યારી વિસ્તારમાં તેમના ઘરની બહાર બાઈક સવાર અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ગોળીબાર કર્યો.

હુમલામાં 40 વર્ષીય ઝુબેર ગંભીર રીતે ઘાયલ થયા, જ્યારે ગોળીબારની ઝપેટમાં આવેલા બે રાહદારીઓ પણ ઘાયલ થયા છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝુબેરના છાતી અને પેટમાં ગોળીઓ વાગી છે અને તેમની હાલત ગંભીર છે.

પાકિસ્તાની અખબાર ડોન અનુસાર, હુમલાખોરો ઘટનાને અંજામ આપ્યા બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયા. ઘાયલોને તરત જ કરાચીની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ઝુબેરની સર્જરી કરવામાં આવી. હોસ્પિટલ પ્રશાસન અનુસાર, ઘાયલ રાહદારીઓમાંથી એકની હાલત પણ ગંભીર છે.

ગુનેગારોને પકડવા માટે ચેકિંગ તેજ કરાઈ

પોલીસે ઘટનાસ્થળની આસપાસ લાગેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કરી દીધું છે જેથી હુમલાખોરોના ભાગવાના રૂટનો પત્તો લગાવી શકાય.

ઘટનાસ્થળેથી ગોળીઓના ખોખાં મળી આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવામાં આવ્યા છે જેથી ઉપયોગમાં લેવાયેલા હથિયારનો પ્રકાર જાણી શકાય.

હુમલા બાદ લ્યારીમાં સ્થિતિ તણાવપૂર્ણ છે, જેના કારણે ત્યાં વધારાના પોલીસ દળ અને રેન્જર્સને તૈનાત કરવામાં આવ્યા છે.

શંકાસ્પદોને પકડવા માટે કરાચીના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર ચેકિંગ સઘન કરવામાં આવ્યું છે.

ગેંગવોર અને જૂની અદાવતની તપાસ

સાઉથના ડીઆઈજી સૈયદ અસદ રઝાએ જણાવ્યું કે પોલીસ દરેક એંગલથી મામલાની તપાસ કરી રહી છે. હજુ એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે હુમલો ગેંગવોરના કારણે થયો, જૂની દુશ્મનીના કારણે થયો કે તેની પાછળ કોઈ અન્ય કારણ છે. હાલમાં પોલીસે કોઈ એક કારણની પુષ્ટિ કરી નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, ઝુબેર બલોચને 2012માં સાત ગુનાહિત કેસોમાં ધરપકડ કરવામાં આવી



હતી. તે જાન્યુઆરી 2025માં જેલમાંથી બહાર આવ્યો હતો. પોલીસ હવે એ પણ તપાસ કરી રહી છે કે તેની જૂની ગુનાહિત અદાવતોનો આ હુમલા સાથે કોઈ સંબંધ છે કે નહીં.

ઉઝૈર બલોચે ધરપકડ બાદ દાવો કર્યો હતો કે તેને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના કેટલાક મોટા નેતાઓનું રાજકીય સંરક્ષણ મળ્યું હતું.

ઉઝૈર બલોચે ધરપકડ બાદ દાવો કર્યો હતો કે તેને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના કેટલાક મોટા નેતાઓનું રાજકીય સંરક્ષણ મળ્યું હતું.

વિસ્તારમાં ફરીથી ગેંગવોર શરૂ થવાની ચર્ચા

આ ઘટના બાદ લ્યારીમાં ફરી એકવાર ગેંગવોરની આશંકાઓ વધી ગઈ છે. વિસ્તારના એક સામાજિક કાર્યકર્તાએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે ઝુબૈરે તાજેતરમાં એક રાજકીય પક્ષમાં જોડાયો હતો અને થોડા મહિના પહેલા વિસ્તારમાં પક્ષના ઝંડા પણ લગાવ્યા હતા.

જોકે, વિસ્તારમાં ચાલી રહેલા તણાવને કારણે તે રાજકીય પક્ષનું નામ જાહેર કરવામાં આવ્યું નથી, અને પક્ષ તરફથી આ જીવલેણ હુમલા પર અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું નથી.

તેમનો દાવો છે કે કરાચી ઓપરેશન દરમિયાન દુબઈ અને ઈરાન ભાગી ગયેલા ઘણા ગેંગસ્ટરોના ફરી પાછા ફરવાની ચર્ચાઓ છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ગેંગવોર ફરી શરૂ થવાનો ડર વધી ગયો છે.

ઉઝૈર બલોચ પર ઘણા ગંભીર કેસ નોંધાયેલા છે

ઉઝૈર બલોચ એક સમયે કરાચીના સૌથી શક્તિશાળી ગેંગ લીડરોમાંનો એક ગણાતો હતો. તેને લ્યારીના કુખ્યાત ગેંગસ્ટર અબ્દુલ રહેમાન ઉર્ફે રહેમાન ડાકુનો જમણો હાથ માનવામાં આવતો હતો.

પોલીસ એન્કાઉન્ટરમાં રહેમાન ડાકુના માર્યા ગયા પછી ઉઝૈરે લ્યારીના ગુનાહિત વિશ્વની કમાન સંભાળી લીધી અને ધીમે ધીમે વિસ્તારનો સૌથી પ્રભાવશાળી ગેંગસ્ટર બની ગયો.

હાલમાં ઉઝૈર બલોચ પાકિસ્તાનની જેલમાં બંધ છે. આ જ વર્ષે માર્ચમાં આતંકવાદ વિરોધી અદાલતે હત્યા, પોલીસ પર હુમલા અને વિસ્ફોટકો રાખવા સહિતના સાત કેસોમાં તેની જામીન અરજીઓ ફગાવી દીધી હતી.

તેના પર 2012માં કલાકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા દળો પર હથિયારો અને વિસ્ફોટકો વડે હુમલો કરવાનો પણ આરોપ છે. આ પહેલા એપ્રિલ 2020માં એક સૈન્ય અદાલતે તેને જાસૂસીનો દોષી ઠેરવીને 12 વર્ષની સજા સંભળાવી હતી.

ઉઝૈર બલોચે દાવો કર્યો હતો કે તેણે તેના પિતાની હત્યાનો બદલો લેવા માટે ગેંગસ્ટર અરશદ પપ્પુની હત્યા કરાવી હતી. આ કામમાં કેટલાક પોલીસ અધિકારીઓએ પણ તેને મદદ કરી હતી.

ઉઝૈર બલોચે દાવો કર્યો હતો કે તેણે તેના પિતાની હત્યાનો બદલો લેવા માટે ગેંગસ્ટર અરશદ પપ્પુની હત્યા કરાવી હતી. આ કામમાં કેટલાક પોલીસ અધિકારીઓએ પણ તેને મદદ કરી હતી.

ધુરંધર ફિલ્મથી ચર્ચામાં આવેલો ઉઝૈર

તાજેતરના દિવસોમાં, ઉઝૈર બલોચનું નામ ભારતીય સ્પાય-થ્રિલર ફિલ્મ 'ધુરંધર'ને કારણે પણ ચર્ચામાં રહ્યું છે.

### ટ્રમ્પના એક સાંસદે વોટિંગ ન કર્યું

# ઈરાન પર હુમલા રોકવાનું બિલ એક વોટથી પડતું મુકાયું : હવે રાષ્ટ્રપતિ પાસે મિલિટરી એક્શનનો અધિકાર

**સ્પેસએક્સે, તા.31**

ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી રોકવાનો પ્રસ્તાવ અમેરિકી સેનેટમાં એક વોટથી પડી ભાંગ્યો છે. ગુરુવારે થયેલી વોટિંગમાં તેની તરફેણમાં 49 અને વિરોધમાં 50 વોટ પડ્યા. ટ્રમ્પની પાર્ટીના એક સાંસદ ડેવ મેકકૉર્મિક વોટિંગમાં સામેલ થયા ન હતા.

જો આ પ્રસ્તાવ પસાર થઈ જાત, તો અમેરિકી રાષ્ટ્રપતિને ઈરાન પર હુમલાઓ પહેલા સંસદની મંજૂરી લેવી જરૂરી બની જાત. એટલે કે રાષ્ટ્રપતિ પોતે આ નિર્ણય લઈ શકતા ન હતા.

ઈરાન યુદ્ધને લઈને વિપક્ષી સાંસદો માગ કરી રહ્યા છે કે આવા કોઈપણ સૈન્ય અભિયાન પર અંતિમ નિર્ણય સંસદ જ લે. તાજેતરના ઘટનાક્રમ બાદ તેને સેનેટમાં લાવવા માટે ફરીથી પ્રયાસ કરવો પડશે.

સૈન્ય કાર્યવાહી રોકવાનું બિલ હાલમાં અમેરિકી સેનેટની વિદેશી બાબતો સાથે સંકળાયેલી કમિટી પાસે છે.

અમેરિકી સંસદના સેનેટમાં ગુરુવારે ઈરાન યુદ્ધ રોકવા અંગે બેઠક યોજાઈ.

1. યુદ્ધમાં પહેલીવાર ઈજિપ્ત પર હુમલો: ઈજિપ્તના બંદર પર ડ્રોન હુમલામાં બે જહાજોમાં આગ લાગી. ઈરાનને આ હુમલા માટે જવાબદાર માનવામાં આવી રહ્યું છે.



2. અમેરિકાનો 10 ઈરાની શહેરો પર હુમલો: અમેરિકી સેનાએ ઈરાન પર મોટા હવાઈ હુમલા કર્યા. બંદર અબ્બાસ, કિશ અને કેશ્મ દ્વીપમાં ધમાકાના સમાચાર છે.

3. ઈરાનનો વળતો હુમલો: રિવોલ્યુશનરી ફોર્સે કહ્યું કે અમેરિકી હુમલા પછી તેમણે કુવૈત અને જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા.

4. કુવૈતમાં ચીની કંપનીની બિલ્ડિંગ પર હુમલો: ઈરાની હુમલામાં ઉત્તરી કુવૈતમાં એક ચીની કંપનીની ઈમારત પર હુમલો થયો, એક કર્મચારીનું મોત.

5. રેડ સીની સુરક્ષા માટે ગઠબંધન બનાવી રહ્યું છે સાઉદી: રેડ સીમાં જહાજોની સુરક્ષા માટે સાઉદી એક આંતરરાષ્ટ્રીય ગઠબંધન બનાવવા જઈ રહ્યું છે. અત્યાર સુધી 14 દેશોએ તેમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

ચીને કહ્યું- કુવૈતમાં કોઈ ચીની નાગરિક ઘાયલ થયો નથી

ચીને જણાવ્યું છે કે કુવૈત પર ઈરાનના હુમલામાં તેનો કોઈ પણ નાગરિક ઘાયલ થયો નથી. ચીનના વિદેશ મંત્રાલયે શુક્રવારે કહ્યું કે તપાસ બાદ તેમને આ માહિતી મળી છે. આ પહેલા ગુરુવારે કુવૈતમાં એક ચીની ઈમારત પર ડ્રોન હુમલો થયો હતો. આ હુમલો ઈરાન તરફથી કરવામાં આવ્યો હતો. અનેક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે હુમલામાં ચીની નાગરિક ઘાયલ થયો છે.

ઈરાની મૌલાના બોલ્યા- અમેરિકા સાથે સમજૂતી કરવી એ છેતરપિંડી હશે

ઈરાનના વરિષ્ઠ ધર્મગુરુ અહમદ અલમોલહોદાએ જણાવ્યું છે કે અમેરિકા સાથે યુદ્ધવિરામ કરવો એ એક છેતરપિંડી હશે. તેમણે કહ્યું કે અમેરિકા યુદ્ધવિરામનો ઉપયોગ પોતાની સૈન્ય તૈયારીઓ પૂરી કરવા અને પાછળથી ફરીથી હુમલો કરવા માટે કરવા માગે છે.

મશહદમાં શુક્રવારની નમાજ બાદ લોકોને સંબોધિત કરતા તેમણે કહ્યું કે અમેરિકાનો હેતુ માત્ર ઈરાનને ઝુકાવવાનો છે. તેમના મતે, અમેરિકાનો સામનો કરવાનો એકમાત્ર રસ્તો જેહાદ છે. ઈરાનને ચારેય તરફથી ઘેરવાનો પ્લાન બનાવી રહ્યા છે અમેરિકા અને ઈઝરાયલ, અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર આર્થિક દબાણ વધારવા માટે તેની જમીની સીમાઓ બંધ કરાવવાના વિકલ્પ પર ચર્ચા કરી છે.

# દુનિયામાં વધી રહી છે 'વન-મેન કંપનીઓ:ન બોસ, ન ટીમ, AIથી એકલા કરોડોની કંપની ઊભી કરી રહ્યા છે યુવાનો

**મુંબઈ, તા.31**

ઔદ્યોગિક ક્રાંતિમાં ફેક્ટરીઓ બની હતી. AI ક્રાંતિ 'વન-મેન કંપની' બનાવી રહી છે. 2023-25 વચ્ચે એવી કંપનીઓ ઝડપથી વધી છે, જેને માત્ર એક વ્યક્તિ ચલા વી રહ્યો છે. પરંતુ નવી નોકરી ઓ ઘટી રહી છે. પેમેન્ટ કંપની સ્ટ્રાઈપનું વિશ્લેષણ કહે છે કે અમેરિકામાં બે વર્ષમાં એક કરોડ ડોલર (95 કરોડ) સુધીની વાર્ષિક કમાણી ધરાવતી વન-મેન કંપનીઓ બમણી થઈ ગઈ છે.

આ સમય ગાળા દરમિયાન, એક ક રો ડ ડોલરથી વધુ કમાણી કરતી આવી કંપનીઓ ત્રણ ગણી થઈ ગઈ. સ્ટ્રાઈપના ચીફ ઈકોનો મિ સ્ટ અર્ની ટેડેસ્ચી અનુસાર, AI ઉદ્યોગસાહસિકોનો 'બિલ્ટ- ઈ ન બિઝનેસ પાર્ટનર' બની ગયું છે.

બેન બ્રોકા - કોઈપણ કર્મચારી વિના 10,000થી વધુ ગ્રાહકો જોડ્યા

અમેરિકામાં 40 વર્ષીય બેન બ્રોકાએ ગયા ડિસેમ્બરમાં ઉદ્યોગસાહસિકો માટે AI ટૂલ્સ બનાવતી કંપની શરૂ કરી. કોઈપણ કર્મચારી વિના માત્ર 8 મહિનામાં તેમણે 10,000 થી વધુ ગ્રાહકો જોડ્યા. આ વર્ષે લગભગ 95



કરોડની આવકનો અંદાજ છે. તેમણે રોકાણકારો પાસેથી પહેલાથી જ 287 કરોડ રૂપિયા એકઠા કરી લીધા છે.

ઉછાળો - ટેક સેક્ટરમાં બિઝનેસ એપ્લિકેશન 45 ટકા વધ્યા

બેન્ક ઓફ અમેરિકા ઇન્સ્ટિટ્યૂટના અર્થશાસ્ત્રી ટેલર બોલે આ ઘટનાક્રમની એક અન્ય ઉભરતી તસવીર તરફ ધ્યાન દોરે છે. તેમના મતે, માત્ર એક વર્ષમાં ઈન્ફોર્મેશન સેક્ટરમાં નવી બિઝનેસ એપ્લિકેશન્સ લગભગ 45% વધી, જે તમામ સેક્ટરોમાં સૌથી વધુ છે. પરંતુ આ જ સેક્ટરમાં નવી ભરતી કરવા ઈચ્છતા પ્રમોટર્સ સૌથી ઝડપથી ઘટ્યા.

પડકાર - બીજાના આઈડિયાની નકલ કરવી હવે ખૂબ જ સરળ

ઓર્લાન્ડોમાં એકલા ક્રેડિટ-કાર્ડ બેનિફિટ્સ એપ ચલાવતા ટ્રોય જોનસ્ટન (40) દર મહિને લગભગ 3,000 ડોલર (લગભગ 29 લાખ રૂપિયા) નફો કમાઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે AI એ દરેકને 'એક્સકેલિબર તલવાર' પકડાવી દીધી છે. એટલે કે, કોઈપણ સરળતાથી તેમના આઈડિયાની નકલ કરી શકે છે.

સફળતા - 9 મહિના સોલો, પછી બિઝનેસને મળી તેજ ગતિ

ક્લેર વો (41) એ 2023 માં એક ડોલર એટલે કે 95.6 રૂપિયા પ્રતિ માસ વાળો એક ઓછો ખર્ચાળ ડોક્યુમેન્ટેશન એપ બનાવ્યો. શરૂઆતના 9 મહિના એકલા કામ કર્યા પછી તેમણે એક એન્જિનિયરને નોકરી પર રાખ્યો. આજે આ એપના લગભગ એક લાખ યુઝર છે અને આ વર્ષે તેમને લગભગ 10 કરોડ રૂપિયાનો જોરદાર નફો નક્કી માનવામાં આવી રહ્યો છે.

AI-કેન્દ્રિત ફર્મ્સમાં સરેરાશ 25 ટકા ઓછા કર્મચારી

- હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર રેમ્બ્રાન્ડ કોનિંગના અભ્યાસમાં સામેલ 50,000 AI-કેન્દ્રિત કંપનીઓમાં સરેરાશ 25% ઓછા કર્મચારીઓ મળ્યા.

- સાન ફ્રાન્સિસ્કોના એક સોલો-ફાઉન્ડર જુલિયન વાઈસરને જૂનમાં 10 સીટો માટે 4,500 અરજીઓ મળી, મે મહિનાની સરખામણીમાં 5 ગણી.

# ભારતના 'કોકરોચ'થી પાકિસ્તાની સરકાર ફફડી ઊઠી : દેશમાં બળવાનો ડર; ગૃહમંત્રીએ નાકામી સ્વીકારી, કહ્યું- 'યુવાનો એકસાથે આવશે

**વોશિંગ્ટન, તા.31**

પાકિસ્તાન સરકાર પર પણ યુવાનોના વિરોધનો ડર સતાવી રહ્યો છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ આશંકા વ્યક્ત કરી છે કે જો સિસ્ટમ ઠીક નહીં થાય, તો આ 'કોકરોચ' બધું જ બદલી નાખશે. મોહસિન નકવીએ પોતાની જ સરકારને એલર્ટ કરતા કહ્યું છે કે તમે તેમને યુથ કહો, કોકરોચ કહો કે ગમે તે કહો, જો તેઓ એક થઈ જશે તો બધું જ ઉથલ-પાથલ કરી નાખશે.

પાકિસ્તાન આ સમયે મોંઘવારી, નબળી અર્થવ્યવસ્થા, દેવું, હિંસા અને બેરોજગારીથી ઝઝૂમી રહ્યું છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ તાજેતરમાં આ વાતનો ઉલ્લેખ કર્યો અને દેશની આર્થિક નાકામીઓને ખુલ્લેઆમ સ્વીકારી.

'કોકરોચ' બધું ઊથલાવી દેશે'

તેમણે કહ્યું કે, 'જો આ 'કોકરોચ' એકસાથે આવી જાય, તો તેઓ બધું જ પલટી શકે છે. તેઓ ઈચ્છે છે કે સિસ્ટમ યોગ્ય રીતે કામ કરે. તેઓ ન્યાય, મેરિટ, નોકરીની તકો અને



સરકારી નોકરીઓ સુધી સમાન પહોંચ ઈચ્છે છે. આપણે આપણા યુવાનોને આ બધું આપી શક્યા નથી. તેમને યુથ કહો, કોકરોચ કહો કે ગમે તે કહો, પરંતુ જો તેઓ એક થઈ જાય, તો તેઓ બધું જ બદલી શકે છે.'

ભારતનું કોકરોચ આંદોલન જોઈને પાકિસ્તાની સરકાર પોતાના દેશમાં પાણી પહેલા પાળ બાંધવાની તૈયારીમાં છે.

ભારતનું કોકરોચ આંદોલન જોઈને પાકિસ્તાની સરકાર પોતાના દેશમાં પાણી પહેલા પાળ બાંધવાની તૈયારીમાં છે.

મોહસિન નકવીએ પોતાની જ સરકારને સાવધ કરી અને કહ્યું કે આના પહેલાં કે 'કોકરોચ' ભડકી ઉઠે, આપણે તેમની અપેક્ષાઓ પૂરી કરવી પડશે. તેમની માંગણીઓ સરળ છે: મેરિટના આધારે નોકરીઓ અને રોજગારીની બેહતર તકો. આપણે આના પર ધ્યાન આપવું જોઈએ.

પાકિસ્તાનના ગૃહમંત્રી નકવીએ યુવાનોમાં વધી રહેલા રોષ વિશે પણ વાત કરી અને ભારતથી 'કોકરોચ' પ્રોટેસ્ટનો રેફરન્સ લઈને ચેતવણી આપી કે 'કોકરોચ' જેવો વિદ્રોહ થઈ શકે છે. તેમણે કહ્યું કે, 'આપણે આપણા યુવાનોને તે નથી આપી શકતા જે તેઓ ઈચ્છે છે.'

પાકિસ્તાનની શાસન વ્યવસ્થા ધ્વસ્ત થઈ ગૃહમંત્રીએ સાર્વજનિક મંચથી સ્વીકાર્યું છે કે પાકિસ્તાનની વર્તમાન શાસન વ્યવસ્થા સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ચૂકી છે અને દેશનું 70 વર્ષ જૂનું માળખું સંપૂર્ણપણે નાકામ સાબિત થયું છે.

મોહસિન નકવી પાકિસ્તાન ઈકોનોમિક સમિટમાં બોલી રહ્યા હતા. તેમણે નવા પ્રશાસનિક યુનિટ અને નવા પ્રાંતો બનાવવાની વાત કરી. આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. શિયા સમુદાયમાંથી આવતા મોહસિન નકવી પ્રેક્ટિકલ, સિસ્ટમ રિફોર્મ પર ફોકસ કરવાની માંગ કરી રહ્યા છે.

તેમણે પ્રશાસનિક સુધારાઓની જોરદાર વકાલત કરી અને નવા પ્રશાસનિક યુનિટ અથવા નવા પ્રાંતો બનાવવાની વાત કરી. ભારતનું ઉદાહરણ આપીને જણાવ્યું કે ત્યાં આઝાદીના સમયે 14 પ્રાંત હતા, હવે 29 છે. સિસ્ટમને લોકોની નજીક લાવવી જરૂરી છે, જેથી ન્યાય અને પાયાની સુવિધાઓ સરળતાથી મળી શકે.

નકવીએ રાજકીય પક્ષોને કહ્યું કે તેઓ મતભેદો ભૂલીને એક રૂમમાં બેસે અને સુધારાઓ પર સહમતિ બનાવે. તેમણે વ્યાપારી સમુદાયને અપીલ કરી કે તેઓ માત્ર ચૂંટણી ફંડિંગ ન કરે, પરંતુ રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવે. યુવાનો પર વાત કરતા તેમણે ચેતવણી આપી કે યુથ માત્ર લેપટોપ કે થોડી રકમ નથી ઈચ્છતા, પરંતુ મેરિટ પર રોજગાર ઈચ્છે છે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન કલાકો સુધી કામ કરે, તો પણ વગર સિસ્ટમ રીસેટના કાયમી સુધારા મુશ્કેલ છે.

## તંત્રી લેખ

# પૂરમાં તણાતા ભારતે જાપાનનું ફ્લડ મેનેજમેન્ટ શીખવા જેવું છે!

ભારતમાં હાલમાં આસામ અને મેઘાલયમાં ભયાનક પૂર આવેલું છે. દર ચોમાસામાં આ રાજ્યોમાં ભયાનક વરસાદ પડે છે અને જીવલેણ પૂર આવે છે પણ ભારતમાં ક્યારેય આ કુદરતી સમસ્યાનો નિકાલ લાવવાની તસદી કોઈએ લીધી નથી. આ રાજ્યો તો એવા છે જેમાં દુનિયાનો સૌથી વધુ વરસાદ પડે છે અને ત્યાં પૂર આવે છે પણ ગુજરાત મોડેલમાં તો બે-ચાર ઈંચ વરસાદમાં શહેરોમાં નદીઓ વહેતી થઈ જાય છે.

તાજેતરમાં જ અમદાવાદમાં તોફાની વરસાદ આવ્યો હતો અને બે દિવસ સુધી અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ રહ્યા હતા. હજી આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી છે ત્યાં લોકોના મનમાં ફફડાટ પેઠો છે કે, મ્યુનિસપાલિટિના અંધાધૂંધ વિકાસનું પરિણામ ફરીએક વખત તેમને ભોગવવાનું આવશે.

ઉલ્લેખનીય છે કે, ભારત જેને પોતાનો મિત્ર દેશ ગણાવે છે તે જાપાન પાસેથી ફ્લડ મેનેજમેન્ટ શીખવા જેવું છે. જાપાનના ટોકિયોમાં વારંવાર આવતા વાવાઝોડા અને તોફાની વરસાદમાં જે પૂર આવે છે તેનાથી શહેરને બચાવવાનો રસ્તો જાપાને છેલ્લાં બે દાયકાથી કરી દીધો છે.

જાપાને પૂર અને વાવાઝોડા જેવી કુદરતી આપત્તીમાં પણ સ્વબચાવ કરવાની અને શહેરોને ભયમુક્ત રાખવાની ટેક્નોલોજી વિકાસવી છે. જાપાનના મિત્ર ભારતમાં અનેક શહેરોમાં પૂરની આફતની રાહ જોવાતી હોય છે જેથી ભ્રષ્ટ અધિકારીઓ અને મળતિયાઓ માટે અવસર ઊભો થાય. પ્રિમોન્સુન કામગીરીના નામે દેશના કરોડો રૂપિયાના ગોટાળા કરનારાઓને એક વખત જાપાનના જી-કેન્સ પ્રોજેક્ટની સમજ આપવા જેવી છે. ભારતે ખરેખર આ ટેક્નોલોજી અપનાવવા જેવી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આધુનિક તકનીકના અદ્‌ભુત સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, જી-કેન્સ પ્રોજેક્ટ. તેને મેટ્રોપોલિટન એરિયા આઉટર અંડરગ્રાઉન્ડ ડિસ્ચાર્જ ચેનલ કહેવાય છે. આ વિશ્વની સૌથી મોટી ભૂગર્ભ પૂર નિયંત્રણ પ્રણાલી છે, જે કાસુકાબે, સાઈતામા (ટોક્યોના બહારના વિસ્તાર)માં જમીનથી ૫૦ મીટર નીચે આવેલી છે. ટોક્યો શહેર ચક્રવાત અને ભારે ચોમાસાના વરસાદથી સતત પૂરના જોખમ હેઠળ રહેતું હતું. નજીકની નદીઓનું પાણી શહેરમાં ઘૂસી જતાં અબજો ડોલરનું નુકસાન થતું. આ કુદરતી આપત્તિથી વિશ્વના સૌથી મોટા મહાનગરને બચાવવા માટે જાપાન સરકારે ૧૯૯૨માં આ મહાકાય પ્રોજેક્ટનું કામ શરૂ કર્યું, જે ૨૦૦૬માં પૂર્ણ થયું. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૨ અબજ ડોલરનો ખર્ચ થયો હતો.

આ સિસ્ટમમાં કોંક્રીટથી બનેલા ૫ વિશાળ વર્તુળાકાર ટાંકીઓ (સાયલો) છે. દરેક ટાંકીની ઊંડાઈ ૬૫ મીટર અને વ્યાસ ૩૨ મીટર છે. આ પાંચેય સાયલો જમીનની અંદર ૬.૩ કિલોમીટર લાંબી અને ૧૦.૬ મીટર વ્યાસ ધરાવતી ટનલ દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે. પ્રોજેક્ટનું સૌથી આકર્ષક અને મહત્વનું પાસું પ્રેસર એડજસ્ટિંગ ટેન્ક છે. આ ટેન્ક ૧૭૭ મીટર લાંબી, ૭૮ મીટર પહોળી અને ૨૫.૪ મીટર ઊંચી છે. તેની છતને ટેકો આપવા માટે ૫૯ મહાકાય કંક્રીટના થાંભલા બનાવવામાં આવ્યા છે. દરેક થાંભલાનું વજન ૫૦૦ ટન જેટલું છે. પૂરના પાણીને બહાર ફેંકવા માટે તેમાં ૧૪,૦૦૦ હોર્સપાવરના જેટ-એન્જિન સંચાલિત ૪ ટર્બાઈન પંપ લગાવાયેલા છે. પ્રતિ સેકન્ડ ૨૦,૦૦,૦૦૦ લીટર પાણી નદીમાં નિકાલ કરવાની આ પંપની ક્ષમતા છે.

જ્યારે ટોક્યોની આસપાસની નાની નદીઓ ઓવરફ્લો થાય છે, ત્યારે વધારાનું પાણી આપોઆપ આ ૫ સાયલોમાં પ્રવેશ કરે છે. સાયલોમાંથી પાણી ટનલ દ્વારા એકઠું થાય છે. ત્યાં પાણીનું દબાણ શાંત થયા પછી શક્તિશાળી ટર્બાઈન્સ ચાલુ કરીને સેકન્ડોમાં લાખો લીટર પાણીને સુરક્ષિત રીતે મોટી એદોગાવા નદીમાં છોડી દેવામાં આવે છે.

**નવીદિલ્હી: લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગૃહમંત્રી અમિત શાહ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે દોષની લાગણીથી અમિત શાહ સંસદમાં આવતા નથી. સુપ્રિમ કોર્ટની દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચારની તપાસ થવી જોઈએ. રાહુલ ગાંધીએ X પર વીડિયો મૂકી વિદ્યાર્થીઓને ન્યાયની માગણી કરી**

# સંસદમાં અમિત શાહની ભેદી ગેરહાજરી પર રાહુલે સવાલ કર્યા

## બીજી તરફ, બિહારમાં NEET પેપર લીક મામલે આંદોલન દરમિયાન મહિલા IPS શૈલજા દાસ 'જેન ઝી લેડી સિંઘમ' તરીકે છવાયા



નવીદિલ્હી : લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ઝાટકી નાખ્યા છે. એમણે ટીકા કરી હતી કે, દોષની લાગણીથી પીડાતા હોવાને કારણે અમિત શાહ સંસદમાં આવી શકતા નથી. સુપ્રિમ કોર્ટની નજર હેઠળ વિદ્યાર્થીઓ પર પોલીસે કરેલા અત્યાચારની તપાસ થવી જોઈએ. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર એક વીડિયો મૂક્યો છે. આ વીડિયોમાં પોલીસ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરતી દેખાય છે. પોતાની પોસ્ટમાં એમણે કહ્યું છે કે, વિદ્યાર્થીઓને ન્યાય મળવો જોઈએ. તપાસ માટે ઉચ્ચસ્તરની કમીટી બનાવવામાં આવવી જોઈએ. બીજી એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ પૂછ્યુ છે કે, વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ બાબતે જવાબ આપતા અમિત શાહ આટલા ડરે છે કેમ. જો એમને પેલેટ ગનનો ઉપયોગ થયો હોવાની માહિતી નહીં હોય તો તેઓ પદ પર રહેવાને લાયક નથી.

**જેન ઝી લેડી સિંઘમ કોણ છે**

નીટ પેપર લીક મામલે બિહારમાં થયેલા વિદ્યાર્થી આંદોલન વખતે પટણાના રસ્તાઓ પરનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો. આંદોલન દરમિયાન તણાવપૂર્ણ પરિસ્થિતિમાં કાયદો વ્યવસ્થાની સંભાળ રાખી રહેલા ૨૦૨૨ બેચના યુવાન આઈપીએસ અધિકારી શૈલજા દાસ એમના સાથીઓને સંયમ રાખવા શીખામણ આપતા દેખાય છે. એમણે કહ્યું હતું કે, 'ફ્રીડમ ઓફ એક્સપ્રેશન છે. જેમણે જે કહેવું હોય એ કહેવા દો. જ્યાં સુધી તેઓ આપણા પર હુમલો નહીં કરે ત્યાં સુધી આપણે બળપ્રયોગ કરવાનો નથી.' મહિલા પોલીસ અધિકારીના શાંત, પરિપક્વ અને લોકશાહી તરફી સ્વભાવના સોશ્યલ મીડિયા પર વખાણ થઈ રહ્યા છે. આ મહિલા અધિકારીનું નામ લોકોએ 'જેન ઝી લેડી સિંઘમ' પાડયું છે. આ મહિલા અધિકારી બિહારના સહરસા જિલ્લાના કાયસ્થ ટોલાના રહેવાસી છે. ૧૯૯૭ની ૭મી નવેમ્બરે ડો. અજય દાસ અને અર્ચના દાસના ઘરે એમનો જન્મ થયો હતો. એમના પિતા ડોક્ટર છે. શૈલજાએ એમનો અભ્યાસ દિલ્હીમાં કર્યો હતો.

**'મોગલોએ પણ શિવાજી મહારાજને ઉંદર કહ્યા હતા'**

કોકરોચ જનતા પાર્ટીના યુવાનો ખુદ પોતાને કોકરોચ ગણાવે છે. જોકે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે અલગ વિચાર ધરાવે છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના પ્રવક્તા હર્ષલ પ્રધાને લખેલા પુસ્તકને લોંચ કરવા માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના પ્રમુખ રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેની મુલાકાત લીધી હતી. એ વખતે એમણે કહ્યું હતું કે જેમને વાંદા કે કોકરોચ કહેવામાં આવે છે તેઓ ૧૬-૧૭ વર્ષની ઉંમરના છે. મોગલોએ તો શિવાજી મહારાજને પણ ઉંદર કહ્યા હતા. આજે તમે યુવાનોને કોકરોચ કહી રહ્યા છો. બંને ઠાકરે ભાઈઓએ યુવાનોના અપમાન, કેન્દ્ર સરકારની નીતિ, બેરોજગારી અને લોકતંત્રની થતી હત્યા બાબતે સરકારની આકરી ટીકા કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, આજે કોઈ વ્યક્તિ પોતાનો અધિકાર માગે છે તો તરત જ તેને દેશ વિરોધી ગણવામાં આવે છે.

**એમએચ-સીઈટી વિવાદ બાબતે કોંગ્રેસ શું માને છે**

કોંગ્રેસનું કહેવું છે કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર મોટા પાયે છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તો લાંબી યાત્રાનું પહેલું પગલું છે. પક્ષના મહામંત્રી જયરામ રમેશે સોશ્યલ મીડિયા એક્સ પર એક મીડિયા રીપોર્ટનો સ્ક્રીન શોર્ટ મૂક્યો છે. આ રીપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, મહારાષ્ટ્રની અગત્યની સંસ્થાઓમાં એન્જીનીયરિંગ પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ઘણા ગોટાળા થયા છે. જયરામ રમેશે લખ્યું છે કે, 'છેલ્લા ત્રણ વર્ષથી એમએચ-સીઈટી (મહારાષ્ટ્ર હેલ્થ એન્ડ ટેક્નીકલ કોમન એન્ટરન્સ ટેસ્ટ)ના પરિણામો અને ૧૨માની બોર્ડ પરીક્ષાના પરિણામોમાં ફેરફાર હોય છે. એમએચ-સીઈટીમાં ટોપ કરનાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરી શકતા નથી. આના પરથી લાગે છે કે, કોઈક કાવતરું થઈ રહ્યું છે.'

**સંસદની બહાર ૧૯૯૭નો હિસાબ**

સંસદ ભવનમાં મકર દ્વારની બહાર રસપ્રદ રાજકીય દ્રશ્ય જોવા મળ્યું હતું. ટીએમસીના સાંસદ કલ્યાણ બેનર્જી 'ગદ્દાર' લખેલા પોસ્ટર લઈને પ્રદર્શન કરી રહ્યા હતા. એજ વખતે ત્યાં કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ પહોંચ્યા હતા. બંને હળવા મૂડમાં હતા અને એમણે કેટલીક જૂની વાતો યાદ કરી હતી. પ્રિયંકા ગાંધી સાથે અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પણ હતા. ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીને સંસદમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પ્રિયંકા ગાંધીએ મજાક કરતા એમને કહ્યું હતું કે, 'તમે લોકોએ કોંગ્રેસના નેતાઓને તોડયા અને એમને ટીએમસીમાં લઈ લીધા.' પ્રિયંકાનો ઈસારો કોંગ્રેસમાંથી ટીએમસીમાં ગયેલા નેતાઓ તરફ હતો. કલ્યાણ બેનર્જીએ પણ સામે કહ્યું હતું કે, 'મમતા બેનર્જીને ૧૯૯૭માં કોંગ્રેસમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.' એમનું કહેવું હતું કે મમતા બેનર્જીએ પોતાની મરજીથી કોંગ્રેસ છોડી નહોતી, પરંતુ એમને કાઢવામાં આવ્યા હતા.

**'પોલીસ પેલેટ ગનનો ઉપયોગ કરી શકે છે'**

નીટ પેપર લીક મામલે દેખાવો કરી રહેલા વિદ્યાર્થીઓ પર પેલેટ ગનના ઉપયોગ બાબતે સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને જંતર મંતર ખાતે ફરજ બજાવતી રેપીડ એક્શન ફોર્સને દારૂગોળાનો રેકોર્ડ જાળવી રાખવા માટે કહ્યું છે. સીજેઆઈ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું હતું કે બીપીઆરડી (બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)ની સલાહ પ્રમાણે પોલીસ પાસે કેટલીક ખાસ પરિસ્થિતિઓમાં પેલેટ ગન ઉપયોગ કરવાની સત્તા છે. આ પરિસ્થિતિમાં પેલેટ ગન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માગણી યોગ્ય નથી. જોકે જે પરિસ્થિતિમાં પેલેટ ગનનો ઉપયોગ થયો હોય એની તપાસ થઈ શકે છે. સુપ્રિમ કોર્ટે દિલ્હી સરકારને સૂચના આપી છે કે વિદ્યાર્થી આંદોલન વખતે જેઓ પેલેટ ગનથી ઘાયલ થયા છે એમનો યોગ્ય ઈલાજ કરે.

**ગોવામાં ઉંમર ખાલીદના સમર્થનથી વિવાદ**

દિલ્હીમાં થયેલા કોમવાદી હુલ્લડોનું કાવતરૂ કરવાના આરોપસર ઉંમર ખાલીદ જેલમાં છે. સુપ્રિમ કોર્ટે પણ વારંવાર ઉંમર ખાલીદની જામીન અરજી રદ કરી છે. ગોવામાં કેટલાક વિદ્યાર્થીઓએ ઉંમર ખાલીદની તરફેણમાં દેખાવો કર્યા હતા. આ બાબતે ગોવા પોલીસે આ પ્રદર્શનોનું આયોજન કરનારની પૂછપરછ કરી છે. ઘટના સ્થળે ઉંમર ખાલીદના સમર્થનમાં સૂત્રોચ્ચાર થયા હતા. ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યા પછી ગોવામાં કેટલાક યુવાનો ઉજવણી કરવા ભેગા થયા હતા. એ વખતે ઉંમર ખાલીદની તરફેણમાં નારા લાગ્યા હતા. પોલીસે આ સંદર્ભે બે યુવાનોની ધરપકડ પણ કરી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ દેખાવો કરવાનું આયોજન એનજીઓ ઉજવાદે કર્યું હતું. માપુસાના એક નાગરીકે આ બાબતે પોલીસ ફરિયાદ કરી હતી. દિલ્હીમાં થયેલા કોમવાદી હુલ્લડોનું કાવતરૂ કરવાના આરોપસર ઉંમર ખાલીદ જેલમાં છે. સુપ્રિમ કોર્ટે પણ વારંવાર ઉંમર ખાલીદની જામીન અરજી રદ કરી છે. ગોવામાં કેટલાક વિદ્યાર્થીઓએ ઉંમર ખાલીદની તરફેણમાં દેખાવો કર્યા હતા. આ બાબતે ગોવા પોલીસે આ પ્રદર્શનોનું આયોજન કરનારની પૂછપરછ કરી છે. ઘટના સ્થળે ઉંમર ખાલીદના સમર્થનમાં સૂત્રોચ્ચાર થયા હતા. ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યા પછી ગોવામાં કેટલાક યુવાનો ઉજવણી કરવા ભેગા થયા હતા. એ વખતે ઉંમર ખાલીદની તરફેણમાં નારા લાગ્યા હતા. પોલીસે આ સંદર્ભે બે યુવાનોની ધરપકડ પણ કરી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ દેખાવો કરવાનું આયોજન એનજીઓ ઉજવાદે કર્યું હતું.

# રામકથા અને એક યુવાનની સફળતાની સફરમાંથી શીખ વ્યવહાર કરો પણ વ્યવહારમાં ખોવાશો નહીં:*મર્યાદામાં જ મોક્ષ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનમાં બે પ્રકારની દોડ હોય છે. એક બહારનીદોડ વધારે મેળવવાની વધારે બનવાની.અને બીજી અંદરની દોડ પોતાને ઓળખવાની, પોતાને સંભાળવાની.આપણે ઘણીવાર બહારની દોડમાં એટલા વ્યસ્ત થઈ જઈએ છીએ કે અંદરનું દીવો ઓલવાઈ જાય છે.શાસ્ત્રો અને સંતો વારંવાર એક જ વાત કહે છે: સંયમ વગરનું સુખ ક્ષણિક છે, અને મર્યાદા વગરની મહત્વાકાંક્ષા દુ:ખનું મૂળ છે.

આ જ સત્યને રામાયણનો એક પ્રસંગ અને એક સામાન્ય ગામડાના યુવાન જગદીશની કહાની બંને આપણને અલગ-અલગ રીતે સમજાવે છે. એક તરફ અયોધ્યાની રાજગાદી,બીજી તરફ રસ્તાની બાજુનો ખાટલો. બંને જગ્યાએ ભગવાન આપણને એ જ શીખવે છે વ્યવહાર કરો,પણ વ્યવહારમાં ખોવાઈ ન જાઓ. સપના જુઓ, પણ સીમાઓને ભૂલો નહીં. ગાદીનો આનંદ અને કાળની નજર દશરથના જીવનનો એ છેલ્લો દરબાર હતો. વર્ષોથી જે પવિત્ર સૂર્ય વંશની ગાદી પર રઘુ,દિલીપ, ભગીરથ બિરાજ્યા હતા,તે ગાદીને આજે દશરથે પોતે પ્રણામ કર્યા. આંખમાં પાણી અને હૃદયમાં ગર્વ સાથે તેઓ બોલ્યા, 'અત્યાર સુધી હું તારી ગોદમાં બેઠો. હવે કાલથી મારો રામ તારી ગોદમાં બેસશે. તું તેનું રક્ષણ કરજે.'

આખું અયોધ્યા શણગારાઈ ગયુંહતું વસિષ્ઠજીની આ જ્ઞા , નગરજનોનો ઉત્સાહ,લક્ષ્મણનો આનંદ બધું પોતાના શિખરે હતું.લક્ષ્મણ તો સૌ ને કહેતા ફરતા હતા,'મોટાભાઈ ગાદી પર બિરાજશે અને હું ચમર ઢોળતો ઊભો રહીશ ' રામ સર્વના અંતર્યામી છે,પણ લક્ષ્મણ રામના અંતર્યામી છે. એટલે જ તેનો આનંદ સૌથી નિર્મળ હતો.પણ જ્યાં અતિશય સુખ હોય,ત્યાં કાળની નજર પડે જ. મહાત્માઓ કહે છે, 'સર્વ રીતે સુખી થાય તે કાળને ગમતું નથી.' કાળ એટલે બીજું કોણ? જે વિઘ્ન નાખે તે જ કાળ. દેવોને પણ ચિંતા થઈ.જો રામ કાલ થી રાજા બનીને અયોધ્યામાં જ બેસી જશે,તો રાવણનો વધ કોણ કરશે?એટલે દેવોએવિઘ્નેશ્વરી દેવીનું આવાહન કર્યું અને કહ્યું, 'અયોધ્યા જઈ રાજ્યાભિષેકમાં વિઘ્ન કરો.' વિઘ્નેશ્વરી વિચારમાં પડ્યા. કોના દ્વારા વિઘ્ન કરું? અને નજર પડી મંથરા પર. મંથરાના શરીરમાં પ્રવેશ થયો. વિઘ્ન આવવાનું હતું, કારણ આવવાનું હતું. વ્યવહારની નાની ભૂલ અને મોટું પરિણામએ સમયે કૌશલ્યાના મહેલમાં પણ ખુશીનું મોજું હતું. એક દાસી દોડતી આવીને કહે,'મા, રામનો રાજ્યાભિ ષેક થવાનો છે! 'સમાચાર સાંભળતા જ કૌશલ્યા એ પ્રેમથી પોતાનો મોતીનો હાર કાઢીને દાસીને આપી દીધો.અને હસીને કહ્યું,'આજે મોતીનો હાર આપું છું. કાલે મારો રામ રાજા થશે ત્યારે તને મારા જેવું માન આપશે.'

દાસી ફુલાઈને બહાર નીકળી. રસ્તામાં મંથરા મળી.મંથરાએ પૂછ્યું 'કેમ આટલી ખુશ છે?' દાસીએ ગર્વથી કહ્યું,'રામ રાજા થવાના છે. જો, મને મોતીની માળા મળી. પણ કાલે જે માન મળશે એ તો જોતીજ રહી જઈશ!હું કૌશલ્યાની દાસી છું. અહીં જ વ્યવહારની નાની ભૂલ થઈ ગઈ. પરમાર્થમાં ભગવાન મોટી ભૂલ પણ માફ કરે,પણ વ્યવહાર કઠણ છે. કૌશલ્યાએ પોતાના ઘરના નોકરોને આપ્યું,પણ શોક્યની એટલે કે કૈકેયીની દાસીઓને કંઈ આપ્યું નહીં. જો તેમને પણ સન્માન મળ્યું હોત,તો કદાચ મંથરાના કાનમાં ઝેર ન જાત.

આ પ્રસંગ આપણને શીખવે છે કે જીવન માત્ર ભાવનાથી નથી ચાલતું. વ્યવહાર પણ જોઈએ.જેમ ગૃહસ્થને કામ કરવું પડે, તેમ સાધુને પણ મૂઠી ચણા માટે વ્યવહાર કરવો પડે. પણ વ્યવહાર કરતી વખતે મનના બે ભાગ રાખો. સ્થૂળ મન વ્યવહારમાં રાખો, અને સૂક્ષ્મ મન ભગવાનમાં. જેમ પનિહારી માથે બેડું લઈને વાતો કરે, પણ તેનું સૂક્ષ્મ ધ્યાન બેડા પર જ હોય,તેમ આપણે પણ કામ કરીએ પણ ઈશ્વરને ભૂલી એ નહીં.બાળકને સાચવીને મા ઘરનું બધું કામ કરે,તેમ સૂક્ષ્મ રીતે પરમે શ્વરને યાદ રાખીને વ્યવહાર કરશો તો સફળતા મળશે અને વિઘ્ન ઓછા આવશે.

**જગદીશ અને ખાટલાની કિંમત**

હવે વાત એક બીજા યુગની,એક બીજા પાત્રની. જગદીશ નામનો યુવાન એક નાના ગામમાં રહેતો હતો. તેની આંખમાં મોટા સપના હતા. ટૂંકા સમયમાં ધનવાન બનવું હતું. એ લોભમાં તે એક સાથે ખેતી, વેપાર, શેરબજાર,નવા ધંધા બધું કરવા માંગતો.પણ ધીરજ અને શિસ્ત નહોતી. પિતા વારંવાર કહેતા, 'દીકરા, દરેક વસ્તુની મર્યાદા હોય છે. જે પોતાની ક્ષમતા ઓળખે છે એ જ સાચી સફળતા પામે છે.' પણ જગદીશ માનતો કે મોટા સપના જોનારને કોઈ સીમા ન હોય. એક દિવસ પ્રવાસમાં રાત પડી. તેણે એક વૃદ્ધ બાઈની નાની ખાણીપીણી ની દુકાનમાં રાત રોકાવાનું નક્કી કર્યું ભોજન પછી તેણે પૂછ્યું,'મા, ખાટલાનું ભાડું કેટલું?'બાઈએ કહ્યું, 'ફક્ત દસ રૂપિયા.' જગદીશને થયું, પૈસા કેમ બગાડવા?જમીન પર ચાદર પાથરી ને સૂઈ જાઉં. તેણે પૂછ્યું, 'જો હું જમીન પર સૂઉં તો?'બાઈએ શાંતિ થી કહ્યું,'તો વીસ રૂપિયા.'

જગદીશ ચોંકી ગયો.'ખાટલો સસ્તો અને જમીન મોંઘી?એવું કેમ?'બાઈ હસીને બોલી,'દીકરા,ખાટલાની મર્યાદા હોય.એના પર સૂનાર ફક્ત એટલી જ જગ્યા રોકે. પણ જમીન પર સૂનાર આમ-તેમ ફેલાય. તેની કોઈ સીમા નહીં. જીવન પણ એવું જ છે. જે પોતાની ઈચ્છા,ખર્ચ અને આચરણને મર્યાદા માં રાખે છે તે સુખી રહે છે. જેની ઈચ્છા અનંત થાય, તેની મુશ્કેલી પણ અનંત થાય.' એક વાક્યમાં જગદીશનું જીવન બદલાઈ ગયું.તેને પિતાના શબ્દો યાદ આવ્યા.સમજાયું કે નિષ્ફળતા નું કારણ મહેનતનો અભાવ નહીં, પણ શિસ્ત અને સીમાનો અનાદર હતો.ઘરે જઈને તેણે બધું છોડીને એક જ કામ પકડ્યું ખેતી.સખત મહેનત, ધીરજ અને નિયમથી કામ કર્યું. ધીમે-ધીમે પાક લહેરાવા લાગ્યો. થોડા વર્ષમાં જગદીશ આખા વિસ્તારનો સફળ ખેડૂત બન્યો. આજે તે દરેક યુવાનને કહે છે, 'મોટા સપના જુઓ, પણ એને સાકાર કરતી વખતે તમારી મર્યાદા, તમારી ક્ષમતા અને ધીરજને ક્યારેય ભૂલશો નહીં.' બંને કથાનો એક જ સૂર રામની કથા અને જગદીશની કથા, દેખાવ માં અલગ લાગે,પણ અંદરનો સૂર એક જ છે.દશરથના સુખમાં વિઘ્ન આવ્યું કારણ વ્યવહારની મર્યાદા ચૂકાઈ. કૌશલ્યાનો ભાવ શુદ્ધ હતો, પણ વ્યવહારમાં સમતા નહોતી. પરિણામે મંથરાને તક મળી. જગદીશ નિષ્ફળ થતો હતો કારણ તેને કોઈ સીમા નહોતી. બધું એક સાથે,બધું જલ્દી.જ્યારે તેણેમર્યાદા સ્વીકારી,એક લક્ષ્ય પકડ્યું,ત્યારે જ સફળતા આવી.

આપણું મન પણ એવું જ છે. તેને જો છૂટું મૂકી દઈએ તો તે જમીનની જેમ ચારે બાજુ ફેલાઈ જાય. ચિંતા ઈર્ષા,લોભ,તુલના બધું ભેગું થાય.

# "આવત પંથ કબંધ નિપાતા", કબંધ પ્રભુ સન્મુખ થયો, અને હરિચરણ દર્શનથી શ્રાપ મુક્ત થયો!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ કબંધની સાતમા દિવસની કથામાં પ્રવેશતાં

કહ્યું કે, માનસનાં આધારે, કે પછી અન્ય ગ્રંથોનાં આધારે, સંતો પાસેથી સાંભળેલી વાતનાં આધારે, અને મૂળમાં તો ગુરુકૃપાને આધારે, આપણે કબંધનાં માધ્યમથી આપણાં જીવનનું દર્શન કરી રહ્યાં છીએ. પ્રસંગની પૂર્વભૂમિકા બાંધતા કહ્યું કે ગિરિરાજ જટાયુને પ્રભુએ ગોદમાં લીધાં, પિતા તુલ્ય આદર આપીને ભગવાન રામ ગીધરાજ જટાયુને બાપ કહી એનું લોહી લુછે છે, અંતમાં બંને ભાઈઓ ગીધરાજનાં અગ્નિસંસ્કાર કર્યા, અને એને નિર્વાણ આપ્યું. પરંતુ માનવ ભક્ષી અને અદમ જાતિના ગીતને પ્રભુએ યોગ્ય જેમ મુક્તિ માંગે છે એ ગતિ પ્રદાન કરી, ભગવાન રામ કોમલ ચિત્ત છે દિન દયાળ છે કારણ વિના કૃપા કરે છે, કૃપાનાં વિગ્રહનું નામ જ ભગવાન રામ છે. ગીતમાં ઘણાં દોષ છે, ગીત અધમ છે ગીધ માંસ ખાય છે, અભક્ષણ કરે છે ગીધનો ત્રીજો દોષ છે, એ આકાશમાં બહુ ઊંચે ઉડે છે, પરંતુ એની દ્રષ્ટિ નીચી છે, એ જુએ છે કે સબ ક્યાં પડ્યું છે! અને જ્યાં સબ દેખાય ત્યાં એટલી ઊંચાઈ છોડીને તરત જ નીચે આવે છે. સમાજમાં પણ એવાં ઘણાં વ્યક્તિ છે, જે પ્રગતિ કરી ઊંચાઈ તો પ્રાપ્ત કરી લે છે, પરંતુ એમની દ્રષ્ટિ બહુ જ નિમ્ન રાખે છે કે, મારો સ્વાર્થ ક્યાં છે? અને સ્વાર્થ જોઈ ત્યાં એકદમ નીચે આવી જાય છે. રામચરિત માનસમાં બે ગીધની વાત છે જટાયુ અને સંપાતિ, બંને ભાઈઓ છે, એ ખૂબ જ ઊંચે ઉડવાના આદતી છે, પરંતુ ઘણાં કુળ એવા હોય છે, જેનું આખેઆખું ખાનદાન અધમ હોય, પરંતુ એમાં પણ કોઈ અપવાદ નીકળે, એ રીતે જટાયુ અને સંપાતિ બંને ભાઈઓ ગીધ જાતિના હોવા છતાં એમની દ્રષ્ટિ નીચી ન્હોતી.

ભક્તિ દુષણ ને ભૂષણ કરી દે છે, ઘણાં મૌન રહે છે, ઉદાસ રહે છે! હાસ્યના સંગે જીવો આટલી પ્યારી પૃથ્વી, આટલો પ્યારો સુરજ, એ આપણા હકના છે, આખા આકાશમાં આપણે માલિક છીએ, આ નદીઓ આપણા માટે વહે છે, માટે એન્જોય કરો! ભગવાન શંકરનાં નવ અવગુણ બતાવ્યાં છે, પણ પાર્વતીરૂપી ભક્તિ સાથે એનાં વિવાહ થતાં, એ ભૂષણ બની ગયા.

નિર્ગુન, નિલજ કુબેષ કપાલી,
અકુલ અગેહ દિગંબર બ્યાલી.

નિર્ગુણ: કોઈ ગુણ ન હોય એ પણ દોષ છે, થોડો તમો ગુણ હોવો જોઈએ, રજો ગુણ હોવો જોઈએ, અને સતો ગુણ પણ હોવો જોઈએ. આપણે ગુણાતીત તો થઈ નથી શકતાં, કેમ કે જીવ છીએ. શંકરમાં કોઈ ગુણ નથી, એ એનો પ્રથમ અવગુણ છે. પરંતુ ભક્તિ આવે છે તો દૂષણ ભૂષણ બની જાય છે, ગુનાહિતીત અરુ ભોગ પુરંદર. નિર્ગુણનો મતલબ ગુણાતીત થઈ ગયા તે, નિર્લજ્જતા: એ દોષ છે, પરંતુ ભક્તિ આવે છે તો જે લોકોની દ્રષ્ટિમાં મીરાં નિર્લજ્જ હતી, એ જગદીશની દ્રષ્ટિમાં ભક્તિની શિરોમણી બની ગઈ, વિશ્વની ઈજ્જત બની ગઈ. કુબેષ: શંકરનો વેશ સારો નથી, એમણે શરીર પર સાપ લટકાવ્યા છે, ભસ્મ લગાવી છે, બહુ રજોગણી નહીં પરંતુ સાત્વિક વેશ હોવો જોઈએ. હનુમાનજી મહારાજ માત્ર એક લંગોટ પહેરતાં હતાં પરંતુ ભક્તિ એ એમને ભૂષણ બનાવી દીધાં. કપાલી: ભગવાન શિવ તો કપાલી છે, કપાલી એટલે મરેલા માણસોની ખોપરીને પહેરે એ. જીવિત લોકોને તો સૌ ગળે વળગાડે, પરંતુ મારા મહાદેવ તો જેણે જીવ ગુમાવ્યો છે, એટલે કે જેનો ઉત્સાહ મરી પરવાર્યો છે, જે મરતાં મરતાં જીવી રહ્યાં છે, એવાં લોકોને પણ ગળે લગાવીને પોતાની શોભા બનાવે છે. અકુલ: કુળ વગરના હોવું એ દોષ છે. શંકરનું કોઈ કુળ નથી, એમનું સૂર્યકુળ નથી, ચંદ્રકુળ નથી, અગ્નિકૂળ નથી, શંકર ક્યાં કુળના છે? એ અજન્મા છે. જેના કુળ નું કોઈ ઠેકાણું ન્હોય, જેનામાં પણ ભક્તિ આવી જાય, ત્યારે એના કુળનો પરિચય થઈ જાય છે. હરષિ સુધા સમ ગિરા ઉચારી. અગેહ: ભગવાન શિવ ઘર વગરના છે સન્યાસી ને ક્યાં ઘરબાર હોય છે, અકીંચન અને અપરિગ્રહ જેના વ્રત હોય, એને કેવા ઘરબાર! ભક્તિ ઘરવિહોણાને પણ ભૂષિત કરી દે છે. દિગંબર: નગ્ન રહેવું એ શંકર ભગવાનનો દોષ છે, પરંતુ નગ્ન રહેવાનો મતલબ કે કપટથી મુક્ત રહેવું, નિર્દંભ રહેવું, કોઈ વસ્ત્ર નહીં, એનો મતલબ કોઈ પરદો નહીં, કોઈ આવરણ નહીં, કોઈ વેરીવૃત્તિ નહીં, ભક્તિ માણસને નિષ્કપટ બનાવી દે છે, મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા. બ્યાલી: શિવ સર્પોના આભૂષણ રાખે છે, ભક્તો પણ આભૂષણ પહેરે છે. મહારાજ જનક રામના પ્રેમી છે, અને સમ્રાટ છે, કેટલા કેટલા અલંકારો પહેરતા હતાં! પરંતુ એમના મનમાં તો એવું હતું કે આભૂષણમાં વધારે આસક્તિ થઈ જાય તો એને ભુજંગ બનવામાં વાર નથી લાગતી, એ જ ભુજંગ દંસ દેશે, મારી નાખશે, એવી અનાસક્તિનો બોધ થાય છે .તો ભક્તિ નવ પ્રકારના દોષોને સુશોભિત કરી દે છે.

સંપાતિ અને જટાયુમાં ઘણાં દોષ છે, ઉપર ઉડવું અને દ્રષ્ટિને નીચે રાખવી, શબો પર દ્રષ્ટિ રાખવી અભક્ષ ભક્ષણ કરવું, અહંકારને કારણે સૂરજની સ્પર્ધા કરવી, એ બધા દોષ છે. પરંતુ રાઘવે એવાં ગીધરાજને અધમ પક્ષીને ગતિ આપી, જે યોગીઓને પણ ન મળે! કેમ કે રામ કોમળ ચિત્ત છે.

જટાયુનાં કહેવાં અનુસાર રામ અને લક્ષ્મણ બંને ભાઈઓ સીતાની શોધ કરવાં વનમાં ગયા એવા સમયે કબંધ આવ્યો. પ્રભુએ કબંધને પાડી દીધો, દિવ્ય ગતિ પામ્યા પહેલાં ,કબંધે પોતાનાં શ્રાપની વાત કહી, અને કહ્યું કે આપનાં ચરણનાં દર્શનથી હું શ્રાપ મુક્ત થયો. તુલસીનું નિવેદન જુઓ, 'આવત પંથ કબંધ નિપાતા', જીવ ગમે એટલો પાપી કેમ ન્હોય, પરંતુ પરમાત્માની સન્મુખ થાય તો કોટી કોટી જન્મોના પાપોથી તતક્ષણ મુક્ત થઈ જાય છે. હરિચરણનાં દર્શન માણસને તત્ક્ષણ મુક્ત કરે છે, અને એ રીતે ગંધર્વ નિષ્પાપ થઈ ગયો. ભગવાન રામ સંબંધને ઉપદેશ આપે છે, કે મન વચન અને કર્મથી કપટ છોડીને જે ભૂદેવ એટલે કે બ્રાહ્મણની સેવા કરે છે, એને હું આધીન છું! એટલે અહીં કોઈ વર્ણની વાત નથી પરંતુ, સત્વગુણની પ્રધાનતા હોય, સંસ્કૃતિની રક્ષણ કરનારાને બ્રાહ્મણ કહેવામાં આવે છે. ભગવાન રામ પણ પૃથ્વી પર જન્મ લે છે, અને મન વચન અને કર્મથી કપટ છોડીને બધાની સેવા કરે છે. ઉત્તરકાંડમાં રાજ્યરોહણ બાદ સમગ્ર પ્રજાને એકઠી કરીને ભગવાન રામ એક નાગરિક સંબોધન કરે છે, અને કહે છે, 'બડે ભાગ માનસ તનુ પાવા', આ પૃથ્વી પર સૌને બહુ જ સારા ભાગ્યના કારણે મનુષ્ય શરીર મળ્યું છે, જે દેવથી પણ ઊંચું છે, અને એ રીતે આપણે સૌ પણ પૃથ્વીના દેવ છીએ. કથાનાં પ્રવાહમાં ગંગા તટે વિશ્વામિત્રએ ગંગા અવતરણની કથા કહી, ત્યાં સુધીની કથા કહી સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

### વિવિધ તાલુકાઓમાં ક્લોરીનેશન, દવા છંટકાવ અને ફોગિંગ સાથે આરોગ્ય તંત્ર એલર્ટ

# અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જળજન્ય અને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા સઘન કામગીરી






**ગાંધીનગર, તા.31**

ચોમાસાની ઋતુ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક રોગચાળા અટકાયતી પગલાં હાથ ધરવામાં આવ્યા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (CDHO)ની દેખરેખ હેઠળ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) અને સબ સેન્ટરોની ટીમ દ્વારા રોગચાળા નિયંત્રણ અને અને મચ્છરજન્ય રોગોને ફેલાતા અટકાવવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આયોજનપૂર્વક દવા છંટકાવ, પીવાના પાણીનું ક્લોરીનેશન, સર્વેલન્સ અને જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. આ સઘન ઝુંબેશ અંતર્ગત બાવળા તાલુકાના રજોડા તેમજ સાણંદના ચાંગોદર ખાતે ભરાયેલા વરસાદી પાણીમાં ડાયફ્લૂબેન્ઝુરોનનો છંટકાવ કરવામાં આવ્યો છે. દસક્રોઈ, ધોળકા, ધોલેરા સહિતના તાલુકાઓમાં NVBDCP (નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ) અંતર્ગત મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ માટે એબેટ કામગીરી અને MLO(મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) દવા છંટકાવ, ફોગિંગ તથા ઘેર-ઘેર સર્વેલન્સ અને IEC(ઈન્ફોર્મ, એજ્યુકેટ, કોમ્યુનિકેટ) જાગૃતિની કામગીરી કરવામાં આવી છે. જે અંતર્ગત વહેલાલ PHC, નાંદેજ PHC, ધોલેરાના હેબતપુર અને ભાડિયાદ PHC હેઠળના ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. જળજન્ય રોગચાળા સામે રક્ષણ મેળવવા ધોળી, લોલીયા, કાવિઠા અને કાસિન્દ્રા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીમાં રેસીડ્યુઅલ ક્લોરિન (RC) ટેસ્ટ અને ક્લોરીનેશન હાથ ધરી નાગરિકોને ક્લોરીન ટેબ્લેટ તથા ORS નું વિતરણ કરાયું છે. કાસિન્દ્રા અને સોઢી ગામે સગર્ભા માતાઓની રૂબરૂ મુલાકાત લઈ આરોગ્ય તપાસ પણ કરવામાં આવી છે. બીજી તરફ, ધોળકા તાલુકાના બદરખા ખાતેના શેલ્ટર હોમમાં ૧ સગર્ભા માતા અને ૪ બાળકો સહિત કુલ ૭૬ આશ્રિતો માટે તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ આરોગ્ય સેવાઓ અવિરત રહી છે, જેના ભાગરૂપે સાણંદ તાલુકાના મોડાસર PHC ખાતે મટોડા ગામના મહિલાની સફળ પ્રસૂતિ કરાવી ૨.૫૦૦ કિલોગ્રામ વજન ધરાવતા તંદુરસ્ત નવજાત બાળકને જન્મ સમયની જરૂરી રસી આપવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સતત પરિસ્થિતિઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. કાસિન્દ્રા અને સોઢી ગામે સગર્ભા માતાઓની રૂબરૂ મુલાકાત લઈ આરોગ્ય તપાસ પણ કરવામાં આવી છે. બીજી તરફ, ધોળકા તાલુકાના બદરખા ખાતેના શેલ્ટર હોમમાં ૧ સગર્ભા માતા અને ૪ બાળકો સહિત કુલ ૭૬ આશ્રિતો માટે તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ આરોગ્ય સેવાઓ અવિરત રહી છે, જેના ભાગરૂપે સાણંદ તાલુકાના મોડાસર PHC ખાતે મટોડા ગામના મહિલાની સફળ પ્રસૂતિ કરાવી ૨.૫૦૦ કિલોગ્રામ વજન ધરાવતા તંદુરસ્ત નવજાત બાળકને જન્મ સમયની જરૂરી રસી આપવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સતત પરિસ્થિતિઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

# પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ખાતેથી હેડ ક્લાર્ક શ્રી જે.કે. રામી માનભેર વયનિવૃત્તિ થયાં

### શ્રી જે.કે. રામીનું નિવૃત્ત જીવન સુખમય અને નિરોગી નીવડે તેવી શુભેચ્છા સાથે ભાવભીની વિદાય આપતી અમદાવાદ પ્રાદેશિક માહિતી





**ગાંધીનગર, તા.31**

૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થઈ રહેલા પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના હેડ ક્લાર્ક શ્રી જે. કે. રામીને માનભેર વિદાય આપવામાં આવી હતી. સંયુક્ત માહિતી નિયામક શ્રી અમિત ગઢવી અને નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાયની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં શ્રી જે. કે. રામીનો વય નિવૃત્તિ સમારોહ પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતે યોજાયો હતો. આ તકે પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ વય નિવૃત્તિ લઈ રહેલા શ્રી જે. કે. રામીને નિવૃત્ત જીવન સુખમય અને નિરોગી નીવડે તેવી શુભેચ્છા સાથે ભાવભીની વિદાય આપી હતી. વિદાય સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોએ સંપૂર્ણ સ્ટાફ પરિવાર વતી નિવૃત્તિ વેળાએ શાલ ઓઢાડી શ્રી જે. કે. રામીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી જે.કે.રામી સાથેના પોતાના કાર્યકાળ દરમિયાનના યાદગાર ક્ષણો-અનુભવો વ્યકત કર્યા. પોતાની સુદીર્ઘ કારકિર્દીના અનુભવો વર્ણવતા શ્રી જે. કે. રામી ભાવવિભોર થયા હતા. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન દરેક તબક્કે સાથ સહકાર આપનાર તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ આભાર વ્યક્ત કર્યો હતો. ૨૬ વર્ષની આ લાંબી સફરમાં શ્રી રામીએ અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી, ગાંધીનગરમાં તાલીમ શાખા, ન્યૂઝ એન્ડ મીડિયા રિલેશન શાખા, પ્રેસ અકાદમી, વહીવટ શાખા સહિતની શાખાઓમાં સેવાઓ પ્રદાન કરી હતી. શ્રી જે.કે. રામીએ પોતાની કારકિર્દીમાં અવિરતપણે અને મજબૂતપણે તેમની પડખે રહેનાર પોતાના પરિવારનો પણ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. પોતાના નિખાલસ સ્વભાવ અને સહકારભાવ માટે જાણીતા શ્રી જે. કે. રામીને પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતેથી માનભેર વિદાયમાન અપાયું હતું.

# અમદાવાદના ડીલરોએ વાહનોમાં હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ નિયમાનુસાર અને ગુણવત્તાયુક્ત રીતે લગાવવા RTO અમદાવાદની તાકીદ

### અમદાવાદ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા શહેર તથા ગ્રામ્યના તમામ ઓટોમોબાઈલ ડીલરોને સૂચિત કરાયા





**ગાંધીનગર, તા.31**

અમદાવાદ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી દ્વારા અમદાવાદ શહેર તથા ગ્રામ્યના તમામ ઓટોમોબાઈલ ડીલરોને વાહનોમાં હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ (HSRP) નિયમાનુસાર અને ગુણવત્તાયુક્ત રીતે લગાવવા અંગે અમદાવાદ આરટીઓ કચેરી દ્વારા તાકીદ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય મોટર વાહન નિયમ 50(V) મુજબ વાહનોમાં HSRP નંબર પ્લેટ સ્નેપ લોક ફિટિંગ સિસ્ટમથી જ લગાડવી ફરજિયાત છે. અવારનવાર મળતી રજૂઆતો મુજબ RTO કચેરીના ધ્યાને આવ્યું હતું કે સ્નેપ લોકના બદલે સામાન્ય પ્રકારના રીવેટ લગાવવામાં આવે છે, જેના કારણે નંબર પ્લેટ ટકાઉ રહેતી નથી. ભારે વરસાદ કે ગરમીની સીઝન દરમિયાન નંબર પ્લેટનો કલર ફેડ થઈ જવો, નંબર પ્લેટ નીકળી જવી કે તૂટી જવાના કિસ્સાઓ બને છે. આ પરિસ્થિતિના કારણે ગુન્હાહિત કૃત્યો કરનારા તત્વોને અવકાશ મળે છે અને વાહનનો દુરુપયોગ કરીને ગુન્હો આચરવાની સંભાવનાઓ રહે છે.

આથી પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ દ્વારા અમદાવાદના તમામ ડીલરોને સરકારશ્રીના નિયમો મુજબ ગુણવત્તાયુક્ત HSRP નંબર પ્લેટ ફિટ કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ઓનલાઈન કામગીરી દરમિયાન અરજદારો પાસેથી નિયત ધોરણસરની જ ફી અને કાગળો માંગવા જેથી અરજદારોને કોઈ બિનજરૂરી મુશ્કેલી ન પડે. વાહનમાં ટકાઉ અને ગુણવત્તાયુક્ત નંબર પ્લેટ લગાવેલી હશે તો કોઈપણ ગુનાહિત કામગીરી દરમિયાન વાહનની ઓળખ સરળતાથી કરી શકાશે. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલવારી કરવા દરેક ડીલરોને આદેશ આપવામાં આવ્યો છે.

# ભારતીય રેલ્વેની વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ: સામાખિયાળી-ભચાઉ સેક્શનમાં ચૌહરીકરણ (Quadrupling) કાર્ય પૂર્ણ

**રેલ્વે અમદાવાદ, તા.31**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં સામાખિયાળી-ભચાઉ રેલખંડ પર ચૌહરીકરણ (Quadrupling)નું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા તા. 31 જુલાઈથી 2 ઑગસ્ટ, 2026 દરમિયાન આ સેક્શનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તા. 30.07.2026ના રોજ સામાખિયાળી-ભચાઉ વચ્ચે નવી બનાવવામાં આવેલી અપ અને ડાઉન રેલ લાઈન પર લોકોમોટિવ એન્જિનનું સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યું હતું. અંદાજે 17 કિલોમીટર લાંબા આ નવા વિકસિત સેક્શન પર સફળ એન્જિન ટ્રાયલ પ્રોજેક્ટની પ્રગતિમાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ સેક્શનનું નિરીક્ષણ ટૂંક સમયમાં રેલવે સુરક્ષા આયુક્ત (CRS) દ્વારા કરવામાં આવશે. નિરીક્ષણ બાદ રેલવે સુરક્ષા આયુક્તની અંતિમ મંજૂરી મળ્યા પછી આ રેલખંડ પર ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવશે. આ સિદ્ધિથી કચ્છ ક્ષેત્રની રેલ કનેક્ટિવિટી, માલપરિવહન ક્ષમતા તથા સંચાલન કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ

કુલ 32.90 કિલોમીટર લંબાઈમાં નવી રેલ લાઈન વિકસાવવામાં આવી છે, જેમાં ડાઉન લાઈન 16.398 કિલોમીટર અને અપ લાઈન 16.502 કિલોમીટરનો સમાવેશ થાય છે.

સમગ્ર 32.90 કિલોમીટર ક્ષેત્રમાં નવા ટ્રેક પાથરવાનું તથા લિંકિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓ વચ્ચે 6.25 લાખ ઘનમીટર અર્થવર્ક, 1.27 લાખ ઘનમીટર બ્લેન્કેટિંગ તથા 0.96 લાખ ઘનમીટર બેલાસ્ટ પાથરવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

ભારે રેલ ટ્રાફિકને ધ્યાનમાં રાખીને 4 મોટા (Major) પુલ તથા 25 નાના (Minor) પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સામાખિયાળી, વોંધ અને ભચાઉ સ્ટેશનો પર જરૂરી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત ચાર રેલ લાઈનોને અનુરૂપ 9 લેવલ ક્રોસિંગ (સમપાર ફાટકો)નું પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

વ્યૂહાત્મક અને આર્થિક મહત્વ

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે પશ્ચિમ રેલ્વે પોતાના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવા માટે સતત કાર્યરત છે. આ જ દિશામાં અમદાવાદ મંડળના સામાખિયાળી-ભચાઉ રેલખંડ પર ચૌહરીકરણ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ કચ્છ ક્ષેત્રમાં વધતા રેલ ટ્રાફિકના દબાણને ઘટાડવા તથા બંદર આધારિત માલપરિવહનને વધુ સરળ અને ઝડપી બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. સામાખિયાળી-ભચાઉ રેલખંડ કચ્છના ઔદ્યોગિક વિસ્તારો તેમજ કંડલા અને મુન્દ્રા બંદરોને દેશના મુખ્ય રેલ નેટવર્ક સાથે જોડતો અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. આ જ રેલખંડ મારફતે ભુજ, ગાંધીધામ, વાયોર તથા આસપાસના વિસ્તારોમાં પણ મોટા પાયે માલપરિવહન કરવામાં આવે છે. હાલમાં આ રેલખંડ મારફતે અમદાવાદ મંડળનું સર્વાધિક ગ્રોસ મિલિયન ટન (GMT) લોડિંગ પરિવહન થાય છે. સતત વધી રહેલા રેલ ટ્રાફિકને ધ્યાનમાં રાખીને આ માર્ગ પર વધારાની રેલ લાઈનોની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી. ચૌહરીકરણ કાર્ય પૂર્ણ થતાં આ રેલખંડની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, સમયબદ્ધ અને સુવ્યવસ્થિત રીતે થઈ શકશે.

આ પ્રોજેક્ટના પરિણામે ટ્રેનોની સરેરાશ ગતિમાં વધારો થશે, સંચાલન સંબંધિત વિલંબમાં ઘટાડો આવશે તથા વ્યસ્ત સમયગાળા દરમિયાન ટ્રાફિકનું વધુ અસરકારક સંચાલન શક્ય બનશે. સાથે સાથે ભવિષ્યમાં નવી મુસાફર ટ્રેનો અને માલગાડીઓ શરૂ કરવાની તેમજ વધારાના ફેરા ચલાવવાની સંભાવનાઓ પણ વધશે. પ્રોજેક્ટ સંપૂર્ણપણે કાર્યરત થયા બાદ કંડલા અને મુન્દ્રા બંદરોથી કન્ટેનર, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાતર, અનાજ, મીઠું તથા અન્ય વિવિધ માલસામાનના પરિવહનને નવી ગતિ મળશે. માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે, વેગનોનો વધુ અસરકારક ઉપયોગ થશે તેમજ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે, જેના કારણે ઉદ્યોગ, વેપાર તથા નિકાસ ક્ષેત્રને સીધો લાભ મળશે.

આ પ્રોજેક્ટ કચ્છ ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપવાની સાથે વેપાર, પર્યટન, રોજગાર તથા રોકાણને પણ પ્રોત્સાહન આપશે. વાણિજ્યિક સંચાલન શરૂ કરતા પહેલાં જરૂરી સુરક્ષા મંજૂરી, અંતિમ નિરીક્ષણ તથા નિર્ધારિત ગતિ પરીક્ષણની તમામ ઔપચારિકતાઓ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

# દેવગઢબારિયાના ખેડૂતોની મામલતદાર અને કૃષિ અધિકારીને રજૂઆત

### ■ સરકારી ભાવથી વધારે ભાવે યુરિયા વેચાતા તાત્કાલિક કાર્યવાહીની માંગ



**દેવગઢબારિયા, તા.31**

ચોમાસુ સિઝન વચ્ચે દેવગઢબારિયા તાલુકાના ખેડૂતો યુરિયા ખાતરની મોંઘવારી અને કાળાબજારીથી ત્રસ્ત બન્યા છે. સરકાર દ્વારા નિર્ધારિત 266.50 ના ભાવવાળી યુરિયાની થેલી ખેડૂતોને 400 થી 450 માં ખરીદવાની ફરજ પડી રહી છે. આજરોજ તા. 31/07/2026 ના રોજ દેવગઢબારિયા તાલુકાના વિવિધ ગામોના ખેડૂતોએ એકત્ર થઈને મામલતદારશ્રી દેવગઢબારિયા અને ખેતીવાડી અધિકારીશ્રી દેવગઢબારિયા ને લેખિત આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. ખેડૂતોની મુખ્ય ફરિયાદો: 1. ભારત સરકાર દ્વારા 45 કિલો યુરિયાની થેલીનો MRP 266.50 નક્કી કરેલ છે, પરંતુ સ્થાનિક વેપારીઓ ખેડૂતો પાસેથી 400 થી 450 સુધીનો ભાવ લઈ રહ્યા છે. 2. મોટાભાગની ખાતરની દુકાનો બીલ આપતી નથી અને ખેડૂતોને DAP, ઝીંક, સુક્ષ્મ તત્વો સાથે 'કોમ્બો' લેવા માટે મજબૂર કરવામાં આવે છે. 3. સરકાર દ્વારા જાહેર કરાયેલા સહાય કેન્દ્રો પર પણ યુરિયા ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. 4. ખાતર ન મળવાના ડરે નાના-સીમાંત ખેડૂતો મોંઘા ભાવે ખરીદી કરવા મજબૂર બન્યા છે. ખેડૂતોની માંગણી: ખેડૂતોએ માંગ કરી કે તાત્કાલિક તાલુકા ફ્લાઈંગ સ્ક્વોડ બનાવીને તમામ ખાતરની દુકાનો પર તપાસ કરવામાં આવે. સરકારી ભાવથી વધારે ભાવ લેનારા વેપારીઓ સામે Essential Commodities Act અને Fertilizer Control Order હેઠળ કડક કાર્યવાહી કરી લાયસન્સ રદ કરવામાં આવે. તેમજ તમામ ગ્રામ પંચાયતોમાં સરકારી ભાવની નોટિસ લગાવવામાં આવે અને સહકારી મંડળીઓ મારફતે પૂરતા પ્રમાણમાં યુરિયાનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ : ૧-૭ ઑગસ્ટ, ૨૦૨૬ - "જીવનની ટકાઉ અને સ્વસ્થ શરૂઆત માટે સ્તનપાન: અસરકારક અને સફળ પ્રયાસોને વધુ મજબૂત બનાવીએ"

**નડિયાદ, તા.31**

હોસ્પિટલમાં પ્રસૂતિ અને જન્મ પછીનો "ગોલ્ડન અવર" દરમિયાન સ્તનપાન - બંને માતા અને બાળક માટે જીવનદાયી સાબિત થાય છે. સ્તનપાનને વિશ્વભરમાં શિશુના જીવન, પોષણ અને વિકાસનો આધારસ્તંભ માનવામાં આવે છે. માતાનું દૂધ કુદરતી રસી છે, જે અનેક રોગોથી બાળકને સુરક્ષિત રાખે છે.

વિશ્વ સ્તનપાન સપ્તાહ ૨૦૨૬ના ઉદ્દેશ્યો -

શિશુ અને નાનાં બાળકોના પોષણ માટે ટકાઉ માર્ગ તરીકે પરિવારો અને સમાજને સ્તનપાન વિશે માહિતગાર કરવું સ્તનપાનને સુરક્ષિત, પ્રોત્સાહિત અને સહાયરૂપ બનાવવા માટે મજબૂત નીતિઓ અને કાર્યક્રમોની માંગણી. સરકારો, વ્યાવસાયિક સંસ્થાઓ, સમાજ અને વ્યક્તિઓ વચ્ચે સહકાર વધારીને સ્તનપાન માટે અનુકૂળ વાતાવરણ સર્જવું.

હોસ્પિટલમાં પ્રસૂતિ, તાત્કાલિક તબીબી સહાયની સાથે સાથે "બ્રેસ્ટ ક્રૉલ" જેવી પ્રથાને શક્ય બનાવે છે. નવજાત બાળકને માતાના પેટ પર મૂકતાં તે સ્વાભાવિક રીતે સ્તન તરફ આગળ વધે છે અને સ્તનપાન શરૂ કરે છે. આ પ્રથા માતા-બાળક વચ્ચેનું બંધન મજબૂત કરવામાં મદદરૂપ છે, દૂધનું પ્રમાણ વધારવામાં સહાયક બને છે અને સમયસર સ્તનપાનની શરૂઆત સુનિશ્ચિત કરે છે. જન્મ પછીનો પ્રથમ "ગોલ્ડન અવર" અત્યંત મહત્વપૂર્ણ છે પ્રથમ એક કલાકની અંદર સ્તનપાન શરૂ કરવાથી નવજાત શિશુના મૃત્યુદર ઘટે છે, ચેપથી બચાવે છે અને બાળકના શ્વાસ તથા તાપમાનને સ્થિર રાખે છે. વૈજ્ઞાનિક પુરાવા દર્શાવે છે કે જન્મ પછીની પહેલી કલાકમાં માતાનું દૂધ મેળવનારા બાળકોમાં પ્રથમ મહિનામાં મૃત્યુનો જોખમ નોંધપાત્ર રીતે ઓછો રહે છે. આ ક્ષેત્રમાં પ્રગતિ છતાં કેટલાક પડકારો યથાવત છે જેવા કે, જાગૃતિનો અભાવ, કોલોસ્ટ્રમ (પ્રથમ દૂધ) અંગેની ખોટી માન્યતાઓ અને પ્રી-લેક્ટિયલ ખોરાક આપવાની પરંપરા, વધતી ન્યુક્લિયર ફેમિલી અને પ્રથમ વખત માતા બનેલ સ્ત્રીઓમાં અજ્ઞાનતા. માતા-પિતાને શિશુ અને નાનાં બાળકોના પોષણ અંગે સાચી અને નિષ્પક્ષ માહિતી મળે તે સુનિશ્ચિત કરવા માટે IMS અધિનિયમનું અસરકારક અમલીકરણ પણ અત્યંત આવશ્યક છે. માતાનું દૂધ કુદરતી રસી છે. તે બાળકના જીવન, પોષણ અને વિકાસનું આધારસ્તંભ છે. વિશ્વ સ્તનપાન સપ્તાહ ૨૦૨૬ એ સામૂહિક પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકે છે. હોસ્પિટલ પ્રસૂતિ, જન્મ પછીનો ગોલ્ડન અવર (પ્રથમ એક કલાક) અને બ્રેસ્ટ ક્રૉલ જેવી સરળ પરંતુ શક્તિશાળી પ્રથાઓ અનેક જીવ બચાવી શકે છે. મજબૂત નીતિઓના સહાયથી ખોટી માન્યતાઓ દૂર કરવી અને માતાઓને તમામ સ્તરે - પરિવાર, સમાજ અને કાર્યસ્થળ પર જરૂરી સહાય અને પ્રોત્સાહન આપવું, માતાઓ તથા સમાજને સશક્ત બનાવવું - આ બધું મળીને દરેક બાળકને જીવનની શ્રેષ્ઠ શરૂઆત આપી શકે છે. વિશ્વ સ્તનપાન સપ્તાહ ૨૦૨૬ની થીમ ને વધુ વેગવંતી બનાવવા માટે તમામ જિલ્લાઓમાં વિવિધ પ્રવૃતિઓ જેવી કે - સેમીનાર, વર્કશોપ, રેલી, પોષણ પંચાયત થકી સમુદાય અને કુટુંબના સભ્યોમાં સ્તનપાનની સાચી પ્રથાઓ અંગે ચર્ચા, સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ સાથે સુપોષણ સંવાદ, વગેરે. વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીને એક અભિયાન તરીકે આગળ વધારવા દરેક પરિવાર અને સમુદાયની ભાગીદારી જરૂરી છે. વિશ્વ સ્તનપાન સપ્તાહ 2026 દરમિયાન આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે દરેક બાળકને પ્રથમ એક કલાકના ગોલ્ડન અવરમાં માતાનું દૂધ મળે.

# વિરમગામ તાલુકામાં ભારે વરસાદ પછી પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઇ



**વિરમગામ, તા.31**

વિરમગામ પંથકમાં પડેલા ભારે વરસાદ અને ઉપવાસથી આવેલા પાણીના કારણે વિરમગામ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ કરવામાં આવી છે. તાલુકા આરોગ્ય કચેરી, વિરમગામની દેખરેખ હેઠળ આરોગ્ય કર્મચારીઓ દ્વારા સઘન ફિલ્ડ સર્વેલન્સ, એમ.એલ.ઓ (મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) છંટકાવ, ક્લોરીન ટેબલેટ વિતરણ, જનજાગૃતિ સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ભારે વરસાદના લીધે અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય સેવાઓ સઘન બનાવવા સારું તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ દ્વારા પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો ન થાય અને જન આરોગ્ય જોખમાય નહિ તે હેતુથી સર્વેલન્સની કામગીરી શરૂ કરવા માટે તાલુકા વિસ્તારના પ્રા.આ.કેન્દ્રોમાં સુચના આપી તમામ વિસ્તારોને અગમચેતીના ભાગરૂપે કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવી છે. જે અનુસંધાને આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે ફરીને પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળા સંબંધી સર્વે કામગીરી કરવામાં આવી રહી છે જેમાં પાણીના સુદ્ધીકરણ માટે ઘરે ઘરે ક્લોરીનની ટીકડીનું વિતરણ કરવામાં આવી રહે છે તથા મચ્છર કરડવાથી થતા મેલેરિયા, ડેન્ગ્યું, ચીકનગુનિયા વગેરે રોગો અટકાવવા મચ્છરઉત્પતિ અટકાવવા એમ.એલ.ઓ છંકટાવ અને ફોગીંગ કામગીરી, પોરાનાશક કામગીરીના ભાગ રૂપે કામગીરી કરવામાં આવી રહી છે. સાંપ્રત પરિસ્થિતિ અનુસંધાને તાલુકા આરોગ્ય વિરમગામના તાબા હેઠળના અસરગ્રસ્ત ગામોમાં મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે.

# 2027 વન-ડે વર્લ્ડકપના 12 યજમાન શહેરોની જાહેરાત : સાઉથ આફ્રિકામાં 8 સ્થળો, ઝિમ્બાબ્વે-નામિબિયા પણ યજમાન; 24 વર્ષ પછી આફ્રિકામાં વર્લ્ડકપ

**જોહાનિસબર્ગ, તા.31**

ICCએ 2027 વન-ડે વર્લ્ડ કપ માટે 12 યજમાન શહેરોની જાહેરાત કરી દીધી છે. ટુર્નામેન્ટ 4 ઓક્ટોબરથી 21 નવેમ્બર સુધી સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે.

સાઉથ આફ્રિકાના 8 સ્થળોએ મેચ રમાશે. જેમાં જોહાનિસબર્ગ, સેન્ચુરિયન, ડર્બન, ગ્કેબેર્હા, કુગોમ્પો સિટી, કેપટાઉન, પાર્લ અને બ્લોમફોન્ટેન શહેરો હશે. જ્યારે ઝિમ્બાબ્વેના હરારે, બુલાવાયો અને વિક્ટોરિયા ફોલ્સ અને નામિબિયાની રાજધાની વિન્ડહોકમાં પણ મેચ રમાશે.



ફાઈનલ મેચ જોહાનિસબર્ગના વાન્ડરર્સ અથવા કેપટાઉનના ન્યૂલેન્ડ્સ સ્ટેડિયમમાં થઈ શકે છે.

2023 વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં યજમાન ભારતને 6 વિકેટે હરાવીને ખિતાબ જીત્યો હતો.

2023 વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં યજમાન ભારતને 6 વિકેટે હરાવીને ખિતાબ જીત્યો હતો.

**24 વર્ષ પછી આફ્રિકામાં પરત ફરશે વન-ડે વર્લ્ડ કપ**

વન-ડે વર્લ્ડ કપ 24 વર્ષ પછી આફ્રિકામાં પરત ફરી રહ્યો છે. આ પહેલા 2003માં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને કેન્યાએ ટુર્નામેન્ટની યજમાની કરી હતી. આ પછી સાઉથ આફ્રિકા 2007 T20 વર્લ્ડ કપ, 2009 ચેમ્પિયન્સ ટ્રોફી અને 2023 મહિલા T20 વર્લ્ડ કપની યજમાની કરી ચૂક્યું છે.

**નામિબિયા પહેલીવાર કોઈ સિનિયર ICC ટુર્નામેન્ટની યજમાની કરશે.** જોકે, આ જ વર્ષે તેણે ઝિમ્બાબ્વે સાથે મળીને અંડર-19 વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું.

2007 T20 વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં રમાયો હતો. ભારત ચેમ્પિયન બન્યું હતું.

**54માંથી 41 મેચ સાઉથ આફ્રિકામાં રમાઈ શકે છે**

વર્લ્ડ કપની કુલ 54 મેચમાંથી ઓછામાં ઓછી 41 મેચ સાઉથ આફ્રિકામાં રમાવાની શક્યતા છે. ઝિમ્બાબ્વેને 7થી 10 મેચની યજમાની મળશે, જ્યારે નામિબિયામાં ઓછામાં ઓછી ત્રણ મેચ રમાશે.

બેનોની અને પોટચેફસ્ટ્રુમને વોર્મ-અપ વેન્યુ બનાવ્યા છે. આ બંને શહેરો આવતા વર્ષે યોજાનાર વર્લ્ડ કપ ક્વોલિફાયરની યજમાની પણ નામિબિયા સાથે મળીને કરી શકે છે.

સાઉથ આફ્રિકાનું જોહાનિસબર્ગ સ્ટેડિયમ.

**વિક્ટોરિયા ફોલ્સ પહેલીવાર બનશે વર્લ્ડ કપ વેન્યુ**

12 શહેરોમાં વિક્ટોરિયા ફોલ્સ નવું વેન્યુ છે. અહીં 10 હજાર દર્શકોની ક્ષમતાવાળું નવું સ્ટેડિયમ બનાવવામાં આવી રહ્યું છે, જે આ વર્ષના અંત સુધીમાં તૈયાર થવાની અપેક્ષા છે.

**14 ટીમ સાથે નવા ફોર્મેટમાં ટુર્નામેન્ટ યોજાશે**

2027 વન-ડે વર્લ્ડ કપમાં કુલ 14 ટીમ ભાગ લેશે. ICCએ તાજેતરમાં આ માટે નવું થ્રી-સ્ટેજ ફોર્મેટ મંજૂર કર્યું છે.

# ઇટાલીના દિગ્ગજ ફૂટબોલર ફ્રેન્કો બારેસીનું નિધન : ફૂટબોલ વર્લ્ડકપના ત્રણેય મેડલ જીતનાર એકમાત્ર ખેલાડી, એસી મિલાનને 18 ટાઇટલ જીતાડ્યા

**નવી દિલ્હી, તા.31**

ઇટાલીના મહાન ફૂટબોલર ફ્રેન્કો બારેસીનું 66 વર્ષની વયે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. બારેસીએ ગુરુવારે મિલાનના હ્યુમનિટાસ ડી રોઝાનો ક્લિનિકમાં અંતિમ શ્વાસ લીધા.

ઓગસ્ટ 2025માં ફેફસામાં ગાંઠ (પલ્મોનરી નોડ્યુલ) દૂર કરવા માટે તેમની સર્જરી થઈ હતી, ત્યારબાદ તેઓ ઈમ્યુનોથેરાપી લઈ રહ્યા હતા.

**ક્લબ માટે 20 વર્ષની સફર**

બારેસીએ 1977 થી 1997 સુધીની તેમની સમગ્ર ક્લબ કારકિર્દીમાં એસી મિલાનનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે મિલાન માટે 719 સત્તાવાર મેચ રમી અને 33 ગોલ કર્યા.

બારેસી 15 સીઝન સુધી ટીમના કેપ્ટન રહ્યા. તેમની આગેવાની હેઠળ મિલાને 6 સીરી એ ટાઇટલ, 3 UEFA ચેમ્પિયન્સ લીગ (યુરોપિયન કપ), 3 યુરોપિયન સુપર કપ, 2 ઇન્ટરકોન્ટિનેન્ટલ કપ અને 4 ઇટાલિયન સુપર કપ જીત્યા.



તેમની વફાદારીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જ્યારે મિલાન બે વાર સીરી બીમાં રેલિગેટ થયું, ત્યારે પણ તેઓ ક્લબ સાથે રહ્યા. 1997માં તેમના સંન્યાસ પછી મિલાને તેમની જર્સી નંબર 6ને હંમેશા માટે રિટાયર કરી દીધી.


28 ઓક્ટોબર 1997ના રોજ પોતાની છેલ્લી મેચ રમ્યા પછી બારેસી. એસી મિલાન વિરુદ્ધ ઓલ સ્ટાર્સની ફ્રેન્ડલી મેચ પહેલા સિલ્વિયો બર્લુસ્કોની દ્વારા આપવામાં આવેલી ભેટ બતાવતા.

28 ઓક્ટોબર 1997ના રોજ પોતાની છેલ્લી મેચ રમ્યા પછી બારેસી. એસી મિલાન વિરુદ્ધ ઓલ સ્ટાર્સની ફ્રેન્ડલી મેચ પહેલા સિલ્વિયો બર્લુસ્કોની દ્વારા આપવામાં આવેલી ભેટ બતાવતા.

# હિમપ્રપાત- નેપાળના પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જા પાકિસ્તાનમાં ગુમ : 10 સભ્યો સાથે બ્રોડ પીક પર ચઢાણ કરી રહ્યા હતા

**કાઠમંડુ, તા.31**

નેપાળના જાણીતા પર્વતારોહક નિર્મલ પુર્જા પાકિસ્તાનમાં હિમસ્ખલન એટલે કે એવલાંચની ઝપેટમાં આવ્યા બાદ ગુમ થઈ ગયા છે. અલ્પાઈન ક્લબ ઓફ પાકિસ્તાન (ACP) અનુસાર, કારાકોરમ વિસ્તારમાં 8,051 મીટર ઊંચા બ્રોડ પીક પર ચઢાણ દરમિયાન લગભગ 7,000 મીટરની ઊંચાઈએ આ દુર્ઘટના બની હતી. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, પુર્જા સાથે 9 સભ્યો હતા. શિખર પર ચઢવાનો પ્રયાસ કરતી વખતે બરફીલા તોફાને 10 સભ્યોની ટીમને પોતાની ઝપેટમાં લીધી હતી. ગુમ થયેલા લોકોમાં નેપાળના 6, પાકિસ્તાન, ઓમાન, અમેરિકા અને ચીનનો એક-એક પર્વતારોહક સામેલ છે. તેમાંથી 4ના મૃતદેહ મળી આવ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે, પરંતુ ખરાબ



હવામાનને કારણે બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યો છે.

**GPS ટ્રેકરમાં હલચલના સંકેત**

એવરેસ્ટ ક્રોનિકલના રિપોર્ટ અનુસાર, નિર્મલ પુર્જાના GPS ટ્રેકરમાં હળવી હલચલ જોવા મળી છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે આ ટેકનિકલ ખામી પણ હોઈ શકે છે.

ટ્રેકિંગ ડેટા અનુસાર ગુરુવારે સવારે 9:38 વાગ્યે પૂર્જા 6,659 મીટરની ઊંચાઈ પર હતા. ત્યારબાદ સવારે 10:18 વાગ્યે 800 મીટરનો ઝડપી ઘટાડો નોંધાયો, જે હિમપ્રપાતના સમય સાથે સુસંગત છે.

**બચાવ હેલિકોપ્ટર પહાડી વિસ્તારોમાં પહોંચી શકતા નથી**

નેપાળ પર્વતારોહણ સંઘના પૂર્વ અધ્યક્ષ આંગ શેરિંગ શેરપાએ જણાવ્યું કે ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર પહાડી વિસ્તારમાં ઉતરી શકતા નથી, જેના કારણે બચાવ કામગીરી પ્રભાવિત થઈ છે.

**પાકિસ્તાન સરકારના સંપર્કમાં નેપાળ**

નેપાળના સંસ્કૃતિ, પર્યટન અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે તેઓ પાકિસ્તાનમાં સ્થિત નેપાળી દૂતાવાસ દ્વારા પાકિસ્તાની સરકાર સાથે સતત સંપર્કમાં છે. નેપાળના પર્યટન મંત્રી ખડક પ્રસાદ પૌંડેલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને પર્વતારોહકોના સુરક્ષિત પરત ફરવાની આશા રાખી રહ્યા છે.

# કોમનવેલ્થ ગેમ્સ- નીરજ ચોપરા ગોલ્ડ માટે ઉતરશે : બોક્સિંગમાં પ્રીતિ અને અંકુશ ફાઇનલમાં; ભારત 10મા નંબરે, 17 મેડલ જીત્યા

**ગ્લાસગો, તા.31**

ભારતીય બોક્સર્સ પ્રીતિ પવાર અને અંકુશ પંઘાલે ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં પોતાની પોતપોતાની કેટેગરીના ફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે. આનાથી ભારત માટે ઓછામાં ઓછા 2 સિલ્વર પાક્કા થઈ ગયા છે. હવે પ્રીતિ અને અંકુશ પાસે ગોલ્ડ જીતવાની તક પણ છે.

મહિલાઓની 54 કિગ્રા વેટ કેટેગરીના સેમિફાઈનલમાં પ્રીતિએ ઝામ્બિયાની કેથરીન મ્વાપેને 5-0થી હરાવી. બીજી તરફ, અંકુશે મેન્સ 80 કિગ્રા વેટ કેટેગરીમાં જોશુઆ ઓફોરીને 5-0થી હરાવ્યો.

શુક્રવારે ગેમ્સના આઠમા દિવસે 8 અન્ય ભારતીય બોક્સર્સ પોતાની



પોતપોતાની કેટેગરીના સેમિફાઈનલ મેચ રમશે. ભારત અત્યાર સુધીમાં કુલ 17 મેડલ જીતી ચૂક્યું છે, જેમાં ત્રણ ગોલ્ડ, નવ સિલ્વર અને પાંચ બ્રોન્ઝ સામેલ છે.

**નીરજ ચોપરાની ઈવેન્ટ મોડી રાત્રે યોજાશે**

કોમનવેલ્થ ગેમ્સના આઠમા દિવસે ભારતનો નીરજ ચોપરા જેવલિન થ્રો ફાઈનલમાં ગોલ્ડ મેડલ માટે મેદાનમાં ઊતરશે. ભારત તરફથી રોહિત યાદવ અને યશવીર સિંહ પણ ફાઈનલમાં ભાગ લેશે. આ ઈવેન્ટ રાત્રે 12:45 વાગ્યે રમાશે.

નીરજ સામે પાકિસ્તાનના વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ અને શ્રીલંકાના રુમેશ પાથિરાગેનો પડકાર રહેશે. રુમેશે ક્વોલિફિકેશન રાઉન્ડમાં 82.84 મીટરનો થ્રો કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે અરશદ સાતમા સ્થાને રહ્યો હતો.

ક્વોલિફિકેશન રાઉન્ડમાં નીરજે પ્રથમ પ્રયાસમાં 76.28 મીટર અને બીજા પ્રયાસમાં 79.61 મીટરનો થ્રો કર્યો હતો. ત્યારબાદ તેણે ત્રીજો થ્રો કર્યો ન હતો. નીરજ 79.61 મીટર સાથે પાંચમા સ્થાને રહીને ફાઈનલમાં પહોંચ્યો હતો.

ભારતના જ રોહિત યાદવ 78.37 મીટર સાથે નવમા અને યશવીર સિંહ 78.36 મીટર સાથે 10મા સ્થાને રહ્યા હતા. બંને ભારતીય ખેલાડીઓએ પણ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું છે.

**નીરજે અરશદને 10 વખત પાછળ છોડ્યો**

નીરજ અને અરશદની પ્રથમ ટક્કર 2016 સાઉથ એશિયન ગેમ્સમાં થઈ હતી. ત્યાર બાદ બંને 11 ટુર્નામેન્ટમાં આમને-સામને આવી ચૂક્યા છે. તેમાંથી 10 વખત નીરજે અરશદને પાછળ છોડ્યો છે.

અરશદને એકમાત્ર સફળતા પેરિસ ઓલિમ્પિક 2024માં મળી હતી. ત્યારે તેણે 92.97 મીટરના ઓલિમ્પિક રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે નીરજે 89.45 મીટર સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

# ભોજપુરી એક્ટ્રેસિસે બોલિવૂડ હીરોઇનોની બોટોક્સ સર્જરીની મજાક ઉડાવી: કહ્યું- 'અમારું બધું જ નેચરલ છે, બોલિવૂડમાં હોત તો બતક જેવા હોઠ કરાવવા પડત'

**મુંબઈ, તા.31**

ભોજપુરી એક્ટ્રેસિસ આમ્રપાલી દુબે અને રાની ચેટર્જીએ બોલિવૂડ એક્ટ્રેસિસની સર્જરી કરાવવાની મજાક ઉડાવી છે. તેઓ રિયાલિટી શો 'ભોજપુરી બવાલ'ના સેટ પર આ વાતો કરતી જોવા મળી હતી. દિવ્ય ભાસ્કર પાસે આ વાતચીતનો અનકટ વીડિયો પહોંચ્યો છે. જેમાં રાની ચેટર્જી, આમ્રપાલી દુબે અને તેમની સાથી એક્ટ્રેસ મેકઅપ રૂમમાં બેઠેલી જોવા મળી રહી છે.

વાતચીત દરમિયાન જ્યારે બોટોક્સ અને પ્લાસ્ટિક સર્જરીનો ઉલ્લેખ થયો, ત્યારે ત્રણેય એક્ટ્રેસિસે બોલિવૂડ એક્ટ્રેસિસ પર જોરદાર કટાક્ષ કર્યો. રાની ચેટર્જી અને આમ્રપાલી દુબેએ દાવો કર્યો કે, 'ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં બધું જ 100% નેચરલ છે. જ્યારે બોલિવૂડમાં કામ કરવા માટે બોટોક્સ, લિપ ફિલર્સ અને



મગજની સર્જરી સુધી કરાવવી પડે છે.'

ભોજપુરી એક્ટ્રેસિસ આમ્રપાલી દુબે અને રાની ચેટર્જી.

ભોજપુરી એક્ટ્રેસિસ આમ્રપાલી દુબે અને રાની ચેટર્જી.

'અમારું બધું અસલી છે, બોલિવૂડમાં હોત તો બોટોક્સ કરાવવું પડત' સામે આવેલા વીડિયોમાં સેટ પર પેડિક્યોર અને મેકઅપ કરાવતી વખતે એક્ટ્રેસે રાની ચેટર્જીને પૂછ્યું કે, તેણે કયું બોટોક્સ કરાવ્યું છે? આના પર રાની ચેટર્જીએ આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, 'શું ભોજપુરી એક્ટ્રેસિસ બોટોક્સ કરાવે છે? ત્યારબાદ આમ્રપાલી દુબેએ હસતા કહ્યું કે, 'આપણે ત્યાં બધું જ નેચરલ છે.'

આના પર રાની ચેટર્જીએ કહ્યું, 'અમારો આ બધો માલ અસલી છે. મને લાગે છે કે જો અમે બોલિવૂડમાં હોત, તો ત્યાં આ બધું કરાવવું પડત. ત્યાં ચહેરો બદલવા માટે સર્જરી કરાવવી પડે છે.'નકલી ઉચ્ચાર અને લિપ ફિલર્સની મજાક ઉડાવી વાતચીત આગળ વધી તો સાથી એક્ટ્રેસિસે બોલિવૂડ એક્ટ્રેસિસના લિપ ફિલર્સની મજાક ઉડાવતા કહ્યું કે, 'તેઓ સર્જરી કરાવીને પોતાના હોઠ બતક જેવા બનાવી લે છે.' આના પર આમ્રપાલી દુબેએ બોલિવૂડ સ્ટાર્સના બોલવાની રીતની નકલ ઉતારી. આમ્રપાલીએ વિચિત્ર મોં બનાવીને અને ઉચ્ચાર બદલતા કહ્યું, 'હાય ગાય્ઝ, હાઉ આર યુ ગાય્ઝ ડુઈંગ.' આ સાંભળતા જ સેટ પર હાજર બધા લોકો જોર જોરથી હસવા લાગ્યા. પવન સિંહ પૂછે છે કે, 'આ શું કરાવી લીધું?' વીડિયોમાં આગળ એક્ટ્રેસિસે ભોજપુરી પાવર સ્ટાર પવન સિંહનો ઉલ્લેખ કર્યો. તેણે મજાકમાં કહ્યું કે, જો તે બોલિવૂડવાળાની જેમ લિપ સર્જરી કરાવી લે.

# આસામના પૂર પીડિતોની મદદ માટે આગળ આવ્યું બોલિવૂડ : સલમાને રાહત સામગ્રીનું વિતરણ કર્યું, આલિયાએ દુઃખ વ્યક્ત કરી મદદ કરવા વિનંતી કરી

**મુંબઈ, તા.31**

અસમમાં ચાલી રહેલા ભયાનક પૂર વચ્ચે બોલિવૂડ હસ્તીઓએ મદદનો હાથ લંબાવ્યો છે. એક્ટરે સલમાન ખાન અને એક્ટ્રેસ આલિયા ભટ્ટ પીડિતોની મદદ માટે આગળ આવી છે. સલમાન ખાને પોતાની ચેરિટેબલ સંસ્થા 'બીઈંગ હ્યુમન' દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં બહુ-સ્તરીય રાહત અભિયાન શરૂ કર્યું છે.

ઉપરાંત, આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર અપીલ જારી કરીને દેશવાસીઓને અસમના પૂર પીડિતોને મદદ કરવા વિનંતી કરી છે. અસમમાં ચોમાસાના ભારે વરસાદને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે.

સલમાન ખાનની સંસ્થા 'બીઈંગ હ્યુમન' ગરીબ બાળકોના શિક્ષણ અને સારવારનો ખર્ચ ઉઠાવે છે. સલમાને ફેન ક્લબ સાથે મળીને રાહત કાર્ય શરૂ કર્યું મિડ ડેના રિપોર્ટ અનુસાર સલમાન ખાનની સંસ્થા 'બીઈંગ હ્યુમન'એ આસામમાં જમીની સ્તરે કામ કરવા માટે પોતાના સ્થાનિક ફેન ક્લબ સાથે હાથ મિલાવ્યા છે. અભિયાનના પ્રથમ તબક્કામાં પૂર પ્રભાવિત વિસ્તારોમાં તૈયાર ભોજનના પેકેટ અને અન્ય જરૂરી સામાનનું વિતરણ



કરવામાં આવી રહ્યું છે. રાહત સામગ્રીમાં પીવાનું પાણી, દવાઓ, સેનિટરી પેડ્સ અને મચ્છર ભગાડતી રિપેલન્ટ ક્રીમનો સમાવેશ થાય છે. આવનારા અઠવાડિયામાં આ અભિયાન હેઠળ સૂકો રાશન, અસ્થાયી આશ્રય સામગ્રી અને પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલી શાળાઓ અને હોસ્પિટલોના પુનર્નિર્માણમાં મદદ કરવામાં આવશે.

**આલિયા ભટ્ટે દુઃખ વ્યક્ત કર્યું**

એક્ટ્રેસ આલિયા ભટ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ભાવુક પોસ્ટ શેર કરીને આસામની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી. આલિયાએ લખ્યું, આ સમયે દેશના ઘણા ભાગો પૂરથી પ્રભાવિત છે, જેમાં આસામ સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. 60થી વધુ લોકોના જીવ ગયા છે અને લાખો લોકો બેઘર થઈ ગયા છે. પરિવારોએ પોતાના ઘર, જમીન, પશુધન અને સ્વજનો ગુમાવ્યા છે. તેણે આગળ લખ્યું કે આ આફત દર વર્ષે આવે છે, છતાં લોકો તેના માટે તૈયાર થઈ શકતા નથી. આલિયાએ વચન આપ્યું કે તે ટૂંક સમયમાં મદદ માટે જમીની સંગઠનોની માહિતી શેર કરશે. એક્ટર આયુષ્માન ખુરાના અને તેમની પત્ની તાહિરા કશ્યપે આસામમાં ચાલી રહેલા ભયાનક પૂરથી પ્રભાવિત લોકોની મદદ માટે હાથ લંબાવ્યો છે. આ દંપતીએ આસામ મુખ્યમંત્રી રાહત કોષમાં આર્થિક યોગદાન આપ્યું છે, જેનો ઉપયોગ પૂર પીડિત પરિવારોના રાહત અને પુનર્વસન કાર્યોમાં કરવામાં આવશે.


# પાકિસ્તાનમાં 'રામાયણ'ના ટ્રેલરની ધૂમ : લોકોએ VFX અને મેકિંગને શાનદાર ગણાવ્યા, રણબીર કપૂર અને યશના ખોબલે ખોબલે વખાણ કર્યા

**મુંબઈ, તા.31**

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર ગુરુવારે રિલીઝ થયા પછી ભારતની સાથે પાકિસ્તાનમાં પણ તેની ચર્ચા થઈ રહી છે. પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર અને ફિલ્મ વિવેચકોએ ટ્રેલર પર પ્રતિક્રિયા આપતા તેના VFX, સ્ટાર કાસ્ટ અને મેકિંગની પ્રશંસા કરી.

**પાકિસ્તાની ક્રિએટરે VFXની પ્રશંસા કરી**

પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર 'કામ વાલી બાત'ના નામથી ઓળખાતા માવિયા ઉમર ફારૂકીએ સોશિયલ મીડિયા પર ટ્રેલરની સમીક્ષા કરતા કહ્યું કે, 'ફિલ્મનું મોટું બજેટ તેના વિઝ્યુઅલ્સમાં સ્પષ્ટ



દેખાય છે.' ફારૂકીએ હોલીવુડ સ્ટુડિયોઝ સાથે VFX પર કરવામાં આવેલા કામની પણ પ્રશંસા કરી. તેણે કહ્યું, 'એક પાકિસ્તાની તરીકે હું કહીશ કે ભાઈ, હું ટ્રેલર જોઈને તો ઉત્સાહિત થઈ ગયો છું કે ફિલ્મની અંદર શું છે, ફિલ્મની અંદર શું જોવા મળશે.'

સાથે જ તેણે રણબીર કપૂર અને યશના પર્ફોર્મન્સની પણ પ્રશંસા કરી. પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર માવિયા ઉમર ફારૂકી ક્રિકેટ મેચ અને ફિલ્મોને લઈને મોટાભાગનું કન્ટેન્ટ બનાવે છે. પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર માવિયા ઉમર ફારૂકી ક્રિકેટ મેચ અને ફિલ્મોને લઈને મોટાભાગનું કન્ટેન્ટ બનાવે છે. તે જ સમયે, પાકિસ્તાની યુટ્યુબર અને ફિલ્મ વિવેચક હસનાત ખાને પણ પોતાના યુટ્યુબ રિવ્યુમાં ટ્રેલરના વખાણ કર્યા. તેણે કહ્યું કે, ફિલ્મને લઈને જે હાઈપ બની હતી, ટ્રેલર તેને સંપૂર્ણપણે સાચી સાબિત કરે છે. તેના મતે, ટ્રેલરનો દરેક સીન શાનદાર છે અને મેકર્સે વિઝ્યુઅલ્સ, CGI, લાઈટિંગ, એનિમેશન અને સ્ટન્ટ્સ પર ઉત્તમ કામ કર્યું છે. તેને ક્યાંય પણ લો ક્વોલિટી કે નબળા VFX દેખાયા નથી.

# 'શ્વેતા તિવારીનું દરેક પુરુષ સાથે અફેર હતું' : પૂર્વ પતિ રાજા ચૌધરીના એક્ટ્રેસ પર ગંભીર આરોપ, કહ્યું- 'કસૌટી...ના સેઝાને મારી સામે અફેર કબૂલ્યું હતું'

**મુંબઈ, તા.31**

ટેલિવિઝનની લોકપ્રિય એક્ટ્રેસ શ્વેતા તિવારીના પૂર્વ પતિ રાજા ચૌધરીએ તેના પર ઘણા અફેર હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. રાજાએ દાવો કર્યો છે કે, તેનું 'કસૌટી ઝિંદગી કી'ના કૉ-એક્ટર સેઝાન ખાન સાથે પણ અફેર હતું અને એક્ટરે તેની સામે આ કબૂલ પણ કર્યું હતું.

રાજા ચૌધરીએ સિદ્ધાર્થ કાનનને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, 'ફક્ત સેઝાન ખાન જ નહીં, શ્વેતાના બીજા ઘણા લોકો સાથે પણ અફેર હતા. મને લાગે છે કે તેનું દરેક વ્યક્તિ સાથે અફેર હતું.'

શ્વેતાએ સેઝાન ખાન સાથે 'કસૌટી ઝિંદગી કી'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

**'સેઝાને અફેર કબૂલી મને પડકાર્યો હતો'**તેણે આગળ કહ્યું, 'મેં તે સમયે જે જોયું, તેનાથી તે સાબિત પણ થયું. તે તેના (સેઝાન ખાન) સાથે કામ કરી રહી હતી, તેના ઘરમાં રહી રહી હતી. અમારા એક કોમન મિત્ર સામે તેણે કબૂલ પણ કર્યું છે કે, તે તેની સાથે અહીં આવતી હતી. એટલું જ નહીં, તેણે (સેઝાને) મારી સામે કબૂલ કર્યું છે કે, હા, અમારું અફેર છે, તારામાં હિંમત હોય તો આવી જા મારા ઘરે કોલીવાડા. મેં તેને કહ્યું કે, શું હવે હું તારી સાથે આ લડાઈ-ઝઘડા કરવા બેસીશ? પોતાના જ સિક્કામાં ખોટ છે. પરંતુ શ્વેતાએ ક્યારેય કબૂલ કર્યું નહીં.'

વાતચીતમાં રાજા ચૌધરીએ એવો પણ દાવો કર્યો છે કે, ઘણી વાર તે શ્વેતાના ટીવી શોના સેટ પર ગયો હતો, ત્યારે તે સેટ પર નહોતી હોતી અને સેઝાન સાથે બહાર રહેતી. પૂછવા પર કહેતી હતી કે ડબિંગ છે, પરંતુ જ્યારે રાજાએ ડબિંગ કરનારાઓને પૂછ્યું તો જવાબ મળ્યો કે, કોઈ ડબિંગ ચાલી રહ્યું નથી. રાજાએ એવો પણ દાવો કર્યો કે, 'શ્વેતા લાંબા સમય સુધી રોડ કિનારે સેઝાન સાથે કારમાં સમય વિતાવતી હતી.'

**રાજા ચૌધરીએ મારપીટના દાવાને નકાર્યો**

વાતચીતમાં રાજા ચૌધરીએ શ્વેતા તિવારી પર હાથ ઉપાડવાના દાવાઓને સદંતર નકારી કાઢ્યા. તેનું કહેવું છે કે, ગુસ્સામાં તેણે ગાળો આપી છે, સામાન તોડ્યો છે, પરંતુ ક્યારેય એક્ટ્રેસ પર હાથ ઉપાડ્યો નથી.

**1998માં પરિવાર વિરુદ્ધ જઈને શ્વેતાએ લગ્ન કર્યાં હતાં**

શ્વેતા તિવારીએ 1998માં પરિવારની વિરુદ્ધ જઈને રાજા ચૌધરી સાથે લગ્ન કર્યાં હતાં. ત્યારે તે માત્ર 18 વર્ષની હતી. લગ્ન પછી શ્વેતાએ 2000માં દીકરી પલકને જન્મ આપ્યો. આ જ સમયે તેણે ટીવી શો 'આને વાલા પલ'થી એક્ટિંગ કરિયરની શરૂઆત કરી. તેને 2001ના શો 'કસૌટી ઝિંદગી કી'થી દેશભરમાં ઓળખ મળી.

રાજા અને શ્વેતાને એક દીકરી પલક તિવારી છે, જેણે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ, કિસી કી જાન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું.

રાજા અને શ્વેતાને એક દીકરી પલક તિવારી છે, જેણે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ, કિસી કી જાન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું.

# Gen-Z પ્રદર્શનમાં ઉપયોગમાં લીધેલી એપ હવે ઈન્ટરનેટ વિના ઇન્સ્ટોલ થશે : ગિટહબ પરથી બિટચેટ એપ બ્લોક કરવાની સરકારની માંગ પછી કંપનીનો નિર્ણય

મુંબઈ, તા.31

ટ્વિટર બનાવનાર જેક ડોર્સીની ઓફલાઈન મેસેજિંગ એપ 'બિટચેટ'એ એન્ડ્રોઈડ યુઝર્સ માટે નવું ફીચર રોલઆઉટ કર્યું છે. આની મદદથી યુઝર્સ ઈન્ટરનેટ, ગૂગલ પ્લે સ્ટોર કે ગિટહબ વગર એપને સીધા એક ફોનથી બીજા ફોનમાં શેર અને ઈન્સ્ટોલ કરી શકે છે. કંપનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર તેની જાહેરાત કરી.

આ અપડેટ ભારત સરકાર દ્વારા ગિટહબ પરથી બિટચેટ એપને બ્લોક કરવાની માંગણી પછી આવ્યું છે. સરકારનું કહેવું હતું કે, આ એપનો ઉપયોગ ગુનાહિત જૂથો કરી શકે છે, જેનાથી કાયદાકીય તપાસમાં અવરોધ આવી શકે છે. નવી દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શન દરમિયાન જેન-ઝી યુવાનો દ્વારા ઉપયોગ થયા પછી આ એપ ચર્ચામાં આવી હતી.

ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર પ્રતિબંધની પણ અસર નહીં થાય




બિટચેટ ટીમે પોતાની પોસ્ટમાં લખ્યું કે, એપ હવે "ઈન્ટરનેટ વિના બીજા એન્ડ્રોઈડ ફોન પર પોતાને મોકલી શકે છે." એટલે કે, ગિટહબ કે ગૂગલ પ્લે સ્ટોર જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પરથી એપ બ્લોક થયા પછી કે હટાવ્યા પછી પણ યુઝર્સ તેને એકબીજાના ફોનથી શેર કરીને ઉપયોગ કરી શકે છે. આ રીતે, બિટચેટ ઈન્સ્ટોલ કરેલો દરેક એન્ડ્રોઈડ ફોન એપ વહેંચવાનું કેન્દ્ર બની જશે.

એકાઉન્ટ કે ફોન નંબરની જરૂર નથી

બિટચેટ એપની સૌથી મોટી ખાસિયત એ છે કે તેનો ઉપયોગ કરવા માટે યુઝર્સને એકાઉન્ટ બનાવવાની, ફોન નંબર લિંક કરવાની કે ક્લાઉડ સર્વર સાથે જોડાવાની જરૂર નથી હોતી. કંપનીનું કહેવું છે કે, આ એપ સંપૂર્ણપણે સુરક્ષિત છે, કારણ કે મેસેજ કોઈ ત્રીજા પક્ષ પાસે જતા નથી, પરંતુ સીધા આસપાસના ફોન વચ્ચે ટ્રાન્સફર થાય છે. તેથી જ્યાં ઈન્ટરનેટ બંધ હોય અથવા નેટવર્ક ઓછું હોય કે બ્લોક હોય, ત્યાં વાતચીત માટે આ યોગ્ય છે.

ગિટહબ, BLE મેશ નેટવર્ક અને APK શું છે?

બ્લૂટૂથ લો એનર્જી (BLE) મેશ નેટવર્ક: આ એક એવી ટેકનોલોજી છે, જેમાં આસપાસના ઘણા બ્લૂટૂથ ડિવાઈસ એકબીજા સાથે જોડાઈને મેશ એટલે કે જાળા જેવું નેટવર્ક બનાવે છે. આમાં સેન્ટ્રલ રાઉટર કે ટાવરની જરૂર પડતી નથી અને ડેટા કે મેસેજ ઈન્ટરનેટ વગર એક ડિવાઈસથી બીજા ડિવાઈસ સુધી ટ્રાવેલ કરે છે.

એન્ડ્રોઈડ એપ્લિકેશન પેકેજ (APK): આ એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમનું ફાઈલ ફોર્મેટ છે. જેમ વિન્ડોઝમાં સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા માટે '.exe' ફાઈલ હોય છે, તેમ એન્ડ્રોઈડમાં એપ્સને પ્લે સ્ટોર વગર સીધા ઈન્સ્ટોલ કરવા માટે '.apk' ફાઈલનો ઉપયોગ થાય છે.

ગિટહબ (GitHub): દુનિયાનું સૌથી મોટું સોફ્ટવેર ડેવલપમેન્ટ અને કોડ હોસ્ટિંગ પ્લેટફોર્મ છે. અહીં ડેવલપર્સ એપ્સ, સોફ્ટવેરનો કોડ અને ફાઈલો (જેમ કે APK) શેર કરે છે અને સાથે કામ કરે છે. જ્યારે કોઈ એપ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ ન હોય, ત્યારે ડેવલપર્સ તેને ગિટહબની 'રિપોઝિટરી' (ફાઈલ સ્ટોર) પર હોસ્ટ કરે છે.

# ITR ફાઈલ કરવાની આજે છેલ્લી તારીખ : 5 કરોડ લોકોએ રિટર્ન ભર્યું; ચૂકી જશો તો ₹5,000નો દંડ; CA દ્વારા જણાવેલ 4 સરળ સ્ટેપ્સ અને નિયમો

નવી દિલ્હી, તા.31

ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ આજે 31 જુલાઈ 2026 છે. ગુરુવાર સુધીમાં 5 કરોડથી વધુ ટેક્સપેયર્સે પોતાનું ITR ફાઈલ કરી દીધું છે. જો તમે નિર્ધારિત તારીખ સુધીમાં ITR ફાઈલ કરવામાં ચૂકી જાઓ છો, તો 31 ડિસેમ્બર સુધી દંડ ભરીને 'બિલેટેડ રિટર્ન' ફાઈલ કરી શકો છો.

કોણે 31 જુલાઈ સુધી ITR ફાઈલ કરવું જરૂરી?

પગારદાર કર્મચારીઓ અને પેન્શનરો: જેઓ ITR-1 અથવા ITR-2 ફાઈલ કરે છે અને જેમની આવક મૂળભૂત મુક્તિ મર્યાદા કરતાં વધુ છે.

કેપિટલ ગેઈન્સ અને ભાડાની આવક: જેમની એકથી વધુ હાઉસ પ્રોપર્ટી અથવા કેપિટલ ગેઈન્સમાંથી આવક છે અને જેમને ટેક્સ ઓડિટની જરૂર નથી.

ઉચ્ચ-મૂલ્યના વ્યવહારો: ભલે આવક ટેક્સ મુક્તિ મર્યાદા કરતાં ઓછી હોય, પરંતુ જો નાણાકીય વર્ષ 2025-26માં વિદેશ યાત્રા પર 2 લાખથી વધુ ખર્ચ કર્યા હોય, સેવિંગ્સ એકાઉન્ટમાં 50 લાખથી વધુ જમા કર્યા હોય અથવા 1 લાખથી વધુ વીજળી બિલ ભર્યું હોય, તો રિટર્ન ભરવું ફરજિયાત છે.

નોંધ: જે બિઝનેસ માલિકો




અને પ્રોફેશનલ્સને ઓડિટની જરૂર હોય છે તેમના માટે અંતિમ તારીખ 31 ઓગસ્ટ 2026 અથવા 31 ઓક્ટોબર 2026 છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) આનંદ જૈન પાસેથી રિટર્ન ભરવાની પ્રક્રિયા 4 સ્ટેપમાં જાણો...

1. બધા કાગળિયાં તૈયાર રાખો

પગાર, TDS ની માહિતી માટે ફોર્મ 16. કેટલો ટેક્સ જમા કર્યો અને કેટલો બાકી છે તે માટે ફોર્મ 26AS અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS).

બેંક સ્ટેટમેન્ટ, વ્યાજ પ્રમાણપત્ર ઉપરાંત LIC, PPF, NSC જેવા ઈન્વેસ્ટમેન્ટ પ્રૂફ. ઘર/મકાન લોનની વિગતો. ભાડાની રસીદ, કેપિટલ ગેઈનની માહિતી.

2. યોગ્ય ITR ફોર્મ પસંદ કરો

ITR-1 : જો આવક પગાર, એક મકાન અને વ્યાજમાંથી હોય. આવક 50 લાખથી ઓછી હોય.

ITR-2: જો આવક પગાર અને પેન્શનમાંથી હોય. એકથી વધુ ઘર હોય અથવા કેપિટલ ગેઈન હોય.

ITR-3: જો આવક બિઝનેસ અથવા પ્રોફેશનમાંથી હોય.

ITR-4: પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમ હેઠળ રિટર્ન ફાઈલ કરી રહ્યા હોય.

3. ઓનલાઈન ITR ફાઈલિંગ

ઈનકમ ટેક્સ વેબસાઈટ (https://incometax.gov.in) પર લોગિન કરો.

ઈ-ફાઈલિંગ પોર્ટલ પર તમારો PAN અને પાસવર્ડ દાખલ કરો.

આવક મુજબ યોગ્ય ફોર્મ પસંદ કરીને માહિતી ભરો.

ટેક્સની ગણતરી કરો. જો વધારાનો ટેક્સ ચૂકવવાનો હોય તો ઓનલાઈન પેમેન્ટ કરો.

4. ITR વેરિફિકેશન

રિટર્ન ફાઈલ કર્યા પછી 30 દિવસની અંદર ઈ-વેરિફિકેશન કરવું જરૂરી છે.

વેરિફિકેશન માટે - આધાર OTP, નેટ બેન્કિંગ, ડીમેટ એકાઉન્ટ જેવા વિકલ્પો.

31 જુલાઈ સુધી ITR ન ભરવાના 5 મોટા નુકસાન

1. વિલંબિત રિટર્ન ફાઈલ કરવા પર દંડ ભરવો પડશે

5 લાખથી વધુ આવક: 5,000 સુધીની પેનલ્ટી લાગશે.

5 લાખ સુધીની આવક: મહત્તમ 1,000 દંડ ભરવો પડશે.

# ક્લોડ-AIએ 3 કંપનીની સિસ્ટમ હેક કરી : ટેસ્ટિંગમાં મિસકોન્ફિગરેશનની ભૂલ, લાઈવ ઈન્ટરનેટ એક્સેસ મળતા જ ઘૂસણખોરી કરી

મુંબઈ, તા.31

ટેસ્ટિંગ દરમિયાન ક્લાઉડ AIએ 3 કંપનીઓની સિસ્ટમ હેક કરી લીધી. કંપનીએ જણાવ્યું કે એક સિસ્ટમ મિસકોન્ફિગરેશનને કારણે મોડેલને ભૂલથી ઈન્ટરનેટનો એક્સેસ મળી ગયો, જેના કારણે તેણે અસલી કંપનીઓના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઘૂસણખોરી કરી.

આ આખી ઘટના અને તેની અસરોને સમજવા માટે વાંચો આ Q&A:

પ્રશ્ન 1. એન્થ્રોપિકે તેના ક્લાઉડ AI મોડેલ વિશે શું ખુલાસો કર્યો છે?

જવાબ: અમેરિકન ટેક ફર્મ એન્થ્રોપિકે જણાવ્યું કે સાયબર સિક્યુરિટી ટેસ્ટિંગ દરમિયાન તેના AI મોડેલ 'ક્લાઉડ' એ ત્રણ અલગ-અલગ સંસ્થાઓની સિસ્ટમમાં અનધિકૃત રીતે પ્રવેશ કરી લીધો. કંપનીએ જણાવ્યું કે આ ઘટના એક સિસ્ટમ મિસકોન્ફિગરેશનને કારણે થઈ, જેના કારણે ટેસ્ટિંગ માટે નક્કી કરાયેલી સુરક્ષિત સીમાઓ તૂટી ગઈ અને મોડેલને લાઈવ ઈન્ટરનેટનો એક્સેસ મળી ગયો.

પ્રશ્ન 2. આ ઘટના કેવી રીતે સામે આવી અને આ માટે એન્થ્રોપિકે કેટલા ટેસ્ટ્સની સમીક્ષા કરી?

જવાબ: પ્રતિસ્પર્ધી કંપની OpenAI દ્વારા તેના મોડલ્સ દ્વારા અન્ય કંપનીઓની સિસ્ટમમાં ઘૂસણખોરીના




અહેવાલ જારી કર્યા પછી એન્થ્રોપિકે તેની સિસ્ટમ્સની તપાસ શરૂ કરી હતી. એન્થ્રોપિકે લગભગ 1.40 લાખથી વધુ ટેસ્ટના રેકોર્ડ્સની સમીક્ષા કરી. આ દરમિયાન, કંપનીને ત્રણ એવા કિસ્સાઓ મળ્યા જ્યાં ક્લાઉડે સુરક્ષિત ટેસ્ટિંગ એન્વાયર્નમેન્ટમાંથી બહાર નીકળીને સિસ્ટમ્સને હેક કરી હતી.

પ્રશ્ન 3. ક્લાઉડ AI કયા પ્રકારનું ટેસ્ટિંગ કરી રહ્યું હતું, જેમાં આ ભૂલ થઈ?

જવાબ: એન્થ્રોપિક અને તેના ભાગીદાર સંસ્થા 'કેપ્ચર-ધ-ફ્લેગ' નામથી ઈવેલ્યુએશન ટેસ્ટ કરી રહ્યા હતા. આ પ્રકારના ટેસ્ટમાં AI મોડેલને સુરક્ષા ખામીઓ શોધીને અન્ય સિસ્ટમ્સમાંથી ડેટા કાઢવાનો પડકાર આપવામાં આવે છે, જેથી તેની હેકિંગ ક્ષમતાઓનું મૂલ્યાંકન કરી શકાય. આ ટેસ્ટ સીલ્ડ-ઓફ એન્વાયર્નમેન્ટમાં થવાનો હતો, પરંતુ તકનીકી ભૂલને કારણે મોડેલ લાઈવ ઈન્ટરનેટ સાથે જોડાઈ ગયું.

પ્રશ્ન 4. હેક થયેલા ત્રણ સંગઠનોની ઓળખ શું છે અને તેમને તેની જાણ ક્યારે થઈ?

જવાબ: એન્થ્રોપિકે સુરક્ષા અને ગોપનીયતાના કારણોસર તે ત્રણેય પ્રભાવિત સંગઠનોના નામ જાહેર કર્યા નથી. રસપ્રદ વાત એ છે કે ન તો એન્થ્રોપિકને કે ન તો તે ત્રણેય સંગઠનોને ઘટના સમયે આ ઘૂસણખોરી વિશે જાણ હતી. પાછળથી તપાસ દરમિયાન આ મામલો સામે આવ્યો, જેના પછી એન્થ્રોપિકે પ્રભાવિત કંપનીઓને તેની જાણકારી આપી. આ ઘટનાઓ એપ્રિલથી શરૂ થઈ હતી.

પ્રશ્ન 5. ઓપનએઆઈનો તાજેતરનો વિવાદ શું હતો, જેના પછી આ સંપૂર્ણ તપાસ શરૂ થઈ?

જવાબ: 21 જુલાઈએ, ChatGPT બનાવતી કંપની OpenAI એ સ્વીકાર્યું હતું કે તેનો AI એજન્ટ માનવીય નિર્દેશોની મર્યાદામાંથી બહાર નીકળીને AI ટૂલ્સ હબ 'હગિંગ ફેસ'ની સિસ્ટમને હેક કરી દીધી હતી.

# ટેલિગ્રામના ફાઉન્ડરને વોન્ટેડ લિસ્ટમાં મૂકાયા : રશિયાએ પાવેલ દુરોવ પર આતંકવાદ ફેલાવવાનો આરોપ લગાવ્યો, કેસ દાખલ; NEET પેપર લીકમાં ભારતમાં પણ વિવાદોમાં રહી છે એપ

નવી દિલ્હી, તા.31

રશિયાની મુખ્ય સુરક્ષા એજન્સી ફેડરલ સિક્યુરિટી સર્વિસ (FSS) એ મેસેજિંગ એપ ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવ વિરુદ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. રશિયાએ તેમને ઈન્ટરનેશનલ વોન્ટેડ લિસ્ટમાં પણ મૂક્યા છે.

FSSએ આરોપ લગાવ્યો કે ટેલિગ્રામનું એડમિનિસ્ટ્રેશન તે ચેનલો, ચેટ્સ અને બોટ્સને હટાવવામાં નિષ્ફળ રહ્યું છે, જેનો ઉપયોગ યુક્રેનિયન ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને કટ્ટરપંથી સંગઠનો રશિયામાં તોડફોડ, સાયબર ફ્રોડ અને આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે કરી રહ્યા છે.

રશિયામાં ટેલિગ્રામ એપ સંપૂર્ણપણે બેન થઈ શકે છે

સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે વારંવાર ચેતવણી આપવા છતાં ટેલિગ્રામ પ્રશાસને તેમને હટાવવા માટે કોઈ નક્કર પગલાં લીધા નથી. પાવેલ દુરોવ પર નવો કેસ નોંધાયા બાદ હવે રશિયામાં ટેલિગ્રામના ભવિષ્ય અને તેની સેવાઓ પર



સંપૂર્ણ પ્રતિબંધ લાગવાની આશંકા વધી ગઈ છે.

દુબઈમાં રહીને એપનું ઓપરેશન સંભાળી રહ્યા છે દુરોવ

પાવેલ દુરોવનો જન્મ રશિયામાં જ થયો હતો, પરંતુ તેમણે 2021માં ફ્રાન્સની નાગરિકતા મેળવી લીધી હતી. આ સમયે તેઓ દુબઈથી પોતાની કંપની અને એપનું સંચાલન કરી રહ્યા છે.

ટેલિગ્રામ પર પહેલેથી જ પ્રતિબંધો, છતાં લોકપ્રિય

રશિયામાં ટેલિગ્રામ સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ્સમાંથી એક છે. રશિયન સરકારે સુરક્ષા કારણોનો હવાલો આપતા એપ પર પહેલેથી જ કડક પ્રતિબંધો લગાવી રાખ્યા છે. આમ છતાં સામાન્ય લોકોથી લઈને સરકારી અને મિલિટરી સાથે જોડાયેલા લોકો પણ આ એપનો ઉપયોગ કરે છે. રશિયામાં ટેલિગ્રામ સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ્સમાંથી એક છે. રશિયન સરકારે સુરક્ષા કારણોનો હવાલો આપતા એપ પર પહેલેથી જ કડક પ્રતિબંધો લગાવી રાખ્યા છે. આમ છતાં સામાન્ય લોકોથી લઈને સરકારી અને મિલિટરી સાથે જોડાયેલા લોકો પણ આ એપનો ઉપયોગ કરે છે.

ભારતમાં પણ વિવાદોમાં રહી છે ટેલિગ્રામ એપ, શું છે ફેડરલ સિક્યુરિટી સર્વિસ

FSS રશિયાની મુખ્ય આંતરિક સુરક્ષા અને ગુપ્તચર એજન્સી છે. તે પૂર્વ સોવિયત સંઘની એજન્સી KGBની ઉત્તરાધિકારી માનવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય દેશની અંદર આતંકવાદ અટકાવવો, સરહદોની સુરક્ષા કરવી અને સાયબર સુરક્ષાનું નિરીક્ષણ કરવું છે.

કોણ છે પાવેલ દુરોવ

1984માં રશિયામાં જન્મેલા દુરોવને 'રશિયાના માર્ક ઝકરબર્ગ' કહેવામાં આવે છે. તેમણે ટેલિગ્રામ પહેલા રશિયાનું સૌથી મોટું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ VK બનાવ્યું હતું. ડેટા પ્રાઈવસી અને અભિવ્યક્તિની આઝાદીને લઈને રશિયન સરકાર સાથે થયેલા વિવાદ બાદ તેમણે 2014માં રશિયા છોડી દીધું હતું. હાલમાં દુરોવ દુબઈમાં રહે છે. 1984માં રશિયામાં જન્મેલા દુરોવને 'રશિયાના માર્ક ઝકરબર્ગ' કહેવામાં આવે છે. તેમણે ટેલિગ્રામ પહેલા રશિયાનું સૌથી મોટું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ VK બનાવ્યું હતું. ડેટા પ્રાઈવસી અને અભિવ્યક્તિની આઝાદીને લઈને રશિયન સરકાર સાથે થયેલા વિવાદ બાદ તેમણે 2014માં રશિયા છોડી દીધું હતું. હાલમાં દુરોવ દુબઈમાં રહે છે.

# લેપટોપ-કમ્પ્યુટરથી વોટ્સએપ પર ઓડિયો-વીડિયો કોલ કરી શકાશે : વેબ-કોલિંગ ફીચર લોન્ચ, હવે બ્રાઉઝર પર મળશે સ્ક્રીન શેરિંગ, ગ્રુપ કોલિંગ સહિતના ફીચર્સ

નવી દિલ્હી, તા.31

ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપે વેબ-આધારિત કોલિંગ ફીચર લોન્ચ કર્યું છે. હવે યુઝર્સને લેપટોપ કે કમ્પ્યુટર પર ઓડિયો અને વીડિયો કોલ કરવા માટે અલગથી ડેસ્કટોપ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની જરૂર નહીં પડે. તેઓ સીધા વેબ બ્રાઉઝરથી ઓડિયો-વીડિયો કોલ કરી શકશે અને રિસીવ પણ કરી શકશે.

કંપનીનું કહેવું છે કે, આ નવું ફીચર એવા યુઝર્સ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે, જેઓ કોલેજમાં કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે અથવા એવી વર્કિંગ પ્લેસમાં લેપટોપ પર કામ કરે છે, જ્યાં એપ ડાઉનલોડ કરવાની પરવાનગી હોતી નથી.

વેબ કોલિંગમાં આ 4 ખાસ ફીચર પણ મળશે

વન-ઓન-વન અને ગ્રુપ કોલિંગ: બ્રાઉઝર દ્વારા યુઝર એક વ્યક્તિ સાથે વાત કરવા ઉપરાંત ગ્રુપ કોલિંગ પણ કરી શકશે.

સ્ક્રીન શેરિંગ અને રિએક્શન્સ: કોલ દરમિયાન પોતાની સ્ક્રીન શેર કરવાની અને રિએક્શન્સ આપવાની સુવિધા પણ બ્રાઉઝર પર મળશે.

ડેડિકેટેડ કોલ્સ ટેબ: યુઝર્સને વેબ ઈન્ટરફેસ પર એક અલગ કોલ્સ ટેબ




મળશે, જ્યાં તેઓ પોતાની સંપૂર્ણ કોલ હિસ્ટ્રી અને 'ફેવરિટ્સ' લિસ્ટ જોઈ શકશે.

એપ વગર સરળ એક્સેસ: બ્રાઉઝર પર પહેલાથી કામ કરી રહેલા યુઝર્સ પ્લેટફોર્મ છોડ્યા વગર સીધા કોલ સાથે જોડાઈ શકશે.

ચાલુ કોલને બીજા ડિવાઈસ પર ટ્રાન્સફર કરી શકશે

વેબ કોલિંગ સાથે વોટ્સએપે 'કોલ ટ્રાન્સફર' ફીચર પણ રજૂ કર્યું છે. આ ફીચરની મદદથી યુઝર્સ કોઈ ચાલુ (એક્ટિવ) ગ્રુપ કોલને ડિસ્કનેક્ટ કર્યા વિના એક ડિવાઈસથી બીજા ડિવાઈસ પર શિફ્ટ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો તમે મોબાઈલ પર કોઈ ગ્રુપ કોલ શરૂ કર્યો છે, તો કોલ કાપ્યા વિના તેને સીધા ડેસ્કટોપ પર ટ્રાન્સફર કરી શકશો.

સુરક્ષા માટે આવ્યું 'વેઈટિંગ રૂમ' ફીચર

ગ્રુપ કોલની સુરક્ષા અને મેનેજમેન્ટને સુધારવા માટે 'વેઈટિંગ રૂમ' ફીચર પણ ઉમેરવામાં આવ્યું છે. જ્યારે કોઈ યુઝર 'રિક્વાયર અપ્રુવલ ટુ જોઈન' સેટિંગ સાથે કોલ લિંક બનાવશે, ત્યારે જોડાનારા સહભાગીઓ સીધા કોલમાં નહીં આવે. તેઓ એક વર્ચ્યુઅલ વેઈટિંગ એરિયામાં રહેશે અને હોસ્ટના અપ્રુવ કર્યા પછી જ કોલમાં સામેલ થઈ શકશે.

કોલિંગની ગુણવત્તા સુધારવા માટે 2 નવા અપગ્રેડ

કોલિંગના અનુભવ અને ઓડિયો-વીડિયો ગુણવત્તાને સુધારવા માટે કંપનીએ બે નવા ટેકનિકલ અપગ્રેડ કર્યા છે:

ક્વિક-HD: આ ટેકનોલોજી દ્વારા કોલ શરૂ થતા જ તરત હાઈ-ડેફિનેશન વીડિયો ક્વોલિટી મળશે.

નોઈઝ સપ્રેશન: આ ફીચર બેકગ્રાઉન્ડના ઘોંઘાટ અને આસપાસના અવાજને ફિલ્ટર કરીને દૂર કરશે, જેનાથી ભીડભાડમાં પણ યુઝરનો અવાજ સ્પષ્ટ સંભળાશે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ તમામ નવા ફીચર્સ ગ્લોબલ રોલઆઉટ હેઠળ ધીમે ધીમે યુઝર્સ સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.

સ્ટેટસ શેર કર્યા પછી કેપ્શન બદલી શકશે

આ ઉપરાંત, વોટ્સએપે એન્ડ્રોઈડ યુઝર્સ માટે સ્ટેટસ કેપ્શન એડિટ કરવાનું નવું ફીચર પણ રોલઆઉટ કરવાનું શરૂ કર્યું છે. આ ફીચરની મદદથી યુઝર્સ હવે સ્ટેટસમાં કોઈ ભૂલ કે ટાઈપો હોય તો તેને ડિલીટ કર્યા વિના સીધા સુધારી શકશે.

અત્યાર સુધી જો કોઈ સ્ટેટસના કેપ્શનમાં કોઈ ભૂલ થઈ જતી હતી, તો યુઝરને આખું સ્ટેટસ ડિલીટ કરીને તેને ફરીથી સાચા કેપ્શન સાથે અપલોડ કરવું પડતું હતું. નવા અપડેટ પછી હવે વારંવાર પોસ્ટ કરવાની ઝંઝટ સમાપ્ત થઈ જશે.

કેપ્શન એડિટ કરવા માટે 2 વિકલ્પો મળશે

કંપનીએ આ ફીચરનો ઉપયોગ સરળ બનાવવા માટે એપમાં 2 એન્ટ્રી પોઈન્ટ આપ્યા છે:

સ્ટેટસ લિસ્ટમાંથી સીધો વિકલ્પ: યુઝર જ્યાં પોતાના શેર કરેલા સ્ટેટસ અપડેટ્સની યાદી જુએ છે, તે જ સેક્શનમાં સ્ટેટસ મેનૂની અંદર 'Edit caption' નો વિકલ્પ મળશે. આનાથી યુઝર સ્ટેટસ ખોલ્યા વિના જ કેપ્શન એડિટ કરી શકશે.

# 8મું પગાર પંચ : ફિટમેન્ટ ફેક્ટર અને ભલામણો પર પહેલીવાર બોલી સરકાર, સંસદમાં જવાબ આપ્યો

નવી દિલ્હી, તા.31

8માં કેન્દ્રીય પગાર પંચ (8th Pay Commission)ના ફિટમેન્ટ ફેક્ટર અને વેતન નક્કી કરવાના ફોર્મ્યુલામાં ફેરફારને લઈને લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે પહેલીવાર સંસદમાં આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સરકારે કોઈપણ માંગને સીધી મંજૂર કે ફગાવી દેવાને બદલે સ્પષ્ટ કર્યું છે કે 8મું પગાર પંચ સંપૂર્ણપણે સ્વતંત્ર સંસ્થા છે અને તે પોતાની પ્રક્રિયા જાતે નક્કી કરશે.

ફિટમેન્ટ ફેક્ટર અને ફેમિલી યુનિટની માગ પર સરકારનું નિવેદન

રાજ્યસભામાં સરકારને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, શું કર્મચારી સંગઠનોએ ફિટમેન્ટ ફેક્ટર નક્કી કરતી વખતે 'ફેમિલી યુનિટ'ની સંખ્યા 3 થી વધારીને 5 કરવાની માંગ કરી છે, જેથી કર્મચારીઓના માતા-પિતાનો પણ તેમાં સમાવેશ થઈ શકે?

આ સવાલના જવાબમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગત 3 નવેમ્બર 2025ના રોજ 8મા પગાર પંચની રચના તેના નક્કી કરેલા કાર્યક્ષેત્ર (Terms of Reference) હેઠળ કરવામાં આવી હતી અને પંચ તે અનુસાર જ કામ કરી રહ્યું છે.

સરકાર પણ પંચની આંતરિક બાબતોથી અજાણ

સંસદમાં સરકારે સ્પષ્ટ કર્યું કે 8મા પગાર પંચને તેની ભલામણો, આંતરિક ચર્ચાઓ અથવા કયા પ્રસ્તાવો પર ચર્ચા ચાલી રહી છે તેની વિગતો સરકારને આપવાની કોઈ બંધાયેલી નથી. એટલે કે, પંચ પોતાની પ્રક્રિયા અને નિર્ણયો જાતે લેશે અને અંતિમ અહેવાલ તૈયાર ન થાય ત્યાં સુધી સરકાર પણ તેમાં દખલ કરતી નથી. સંસદમાં સરકારે સ્પષ્ટ કર્યું કે 8મા પગાર પંચને તેની ભલામણો, આંતરિક ચર્ચાઓ અથવા કયા પ્રસ્તાવો પર ચર્ચા ચાલી રહી છે તેની વિગતો સરકારને આપવાની કોઈ બંધાયેલી નથી. એટલે કે, પંચ પોતાની પ્રક્રિયા અને નિર્ણયો જાતે લેશે અને અંતિમ અહેવાલ તૈયાર ન થાય ત્યાં સુધી સરકાર પણ તેમાં દખલ કરતી નથી. સાંસદોએ એ પણ પૂછ્યું હતું કે પંચે અત્યાર સુધી કેટલી બેઠકો યોજી છે અને કયા કર્મચારી સંગઠનો સાથે ચર્ચા થઈ છે? આ અંગે પણ સરકારે કોઈ આંકડા કે વિગતો શેર કરી નથી. જવાબમાં કહેવામાં આવ્યું કે પંચ પોતાની બેઠકો કે પરામર્શ પ્રક્રિયાની માહિતી સરકારને આપવા માટે બંધાયેલું નથી.

ક્યારે આવશે 8મા પગાર પંચનો અહેવાલ?

સરકારે માહિતી આપી છે કે 3 નવેમ્બર 2025ના રોજ જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, 8મા કેન્દ્રીય પગાર પંચે ગઠનની તારીખથી 18 મહિનાની અંદર પોતાની ભલામણો સરકારને સોંપવાની રહેશે.

પંચની રચના નવેમ્બર 2025માં થઈ હોવાથી, મે 2027ની આસપાસ તેનો અંતિમ અહેવાલ આવવાની સંભાવના છે. આ અહેવાલ આવ્યા બાદ જ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોની સેલરીમાં વધારો થવાની આશા છે.

**પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ**
**ઓએચઈ ફેરફાર**
**ઈ-ટેન્ડર સૂચના નં.: Sr.DEE/TRD/ADI/27 (2026-27), તા. 30.07.2026 ક્રમ નં.: 1 ટેન્ડર નં.: TRD-ADI-T-26- 2026-27 કામનું નામ:** ગેરતપુર-અમદાવાદ વિભાગમાં કિ.મી. 483 પર આવેલા બ્રિજ નં. 711 (અપ તથા ડાઉન) ના સ્ટીલ ગર્ડરના બદલાવ અને બ્રિજના માળખાના મજબૂતીકરણ કાર્યના અનુસંધાને ઓએચઈ ફેરફાર. **અંદાજિત કિંમત:** ₹38,89,766.50 **ઈએમડી રકમ:** ₹77,800/- **ક્રમ નં.: 2 ટેન્ડર નં.: TRD-ADI-T-27-2026-27 કામનું નામ:** ખોડીયાર-મહેસાણા વિભાગમાં નાના બ્રિજના પુનઃનિર્માણ તથા કડી સ્ટેશન ખાતે ફૂટ ઓવર બ્રિજ (FOB) ના નિર્માણ કાર્યના અનુસંધાને ઓએચઈ ફેરફાર. **અંદાજિત કિંમત:** ₹54,85,313.50 **ઈએમડી રકમ:** ₹1,09,700/- **ઉપરોક્ત બંને ટેન્ડરો માટે: ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** તા. 27.08.2026 ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** તા. 27.08.2026 ના રોજ 15:30 કલાકે. **વેબસાઈટ:** www.ireps.gov.in **કચેરીનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (વેસ્ટર્ન રેલ્વે), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345
ADI 121
અમને લાઈક કરો: facebook.com/WesternRly

# 'અનામત હટાવો કેમ્પેઇન'થી ગુજરાતમાં હલચલ મચી : ઠાકોર નેતા બોલ્યા-RSS અને ભાજપનો દોરીસંચાર, પાટીદાર-ક્ષત્રિયોએ કહ્યું-જરૂરિયાતમંદને લાભ આપો

## દેશભરમાં જુલાઈ મહિનાના પ્રારંભથી જ સોશિયલ મીડિયા પર 'રિઝર્વેશન હટાવો આંદોલન' (RHA)ને વેગ પકડ્યો

**ગાંધીનગર, તા.31**

દેશભરમાં જુલાઈ મહિનાના પ્રારંભથી જ સોશિયલ મીડિયા પર 'રિઝર્વેશન હટાવો આંદોલન' (RHA)ને વેગ પકડ્યો છે. આ પેજને અત્યાર સુધીમાં કુલ 5.9 મિલિનય લોકો ફોલો કરી રહ્યા છે. હવે તેની અસર ગુજરાતમાં પણ થઈ રહી છે. પાટીદાર, ક્ષત્રિય અને બ્રાહ્મણ સમાજના આગેવાનોએ આ કેમ્પેઇનને સમર્થન આપતા કહ્યું કે, અનામત નીતિની 10 વર્ષે સમીક્ષા કરવામાં આવે અને જરૂરિયાતમંદને લાભ મળે તે રીતની વ્યવસ્થા કરવી જોઇએ.

તો બીજી તરફ આદિવાસી અને ઠાકોર સમાજના આગેવાનોનું કહેવું છે કે, શિક્ષણ, સરકારી નોકરી અને રાજકીય ક્ષેત્રમાં મળતી અનામત યથાવત રાખવી જોઇએ. અનામત હટાવવાની વાત કરનારાઓનો હેતુ શું છે તે સમજાતો નથી. આ સમગ્ર ઝૂંબેશ RSS અને ભાજપના દોરીસંચારમાં ચાલી રહી છે.

આ અંગે પાટીદાર આગેવાન દિનેશ બાંભણિયા, વરૂણ પટેલ, લાલજી પટેલ અને અલ્પેશ કથીરિયા, ક્ષત્રિય સમાજના આગેવાન રમજુભા જાડેજા અને તૃપ્તિબા રાઓલ તેમજ બ્રહ્મ સમાજના આગેવાન અશ્વિન ત્રિવેદી, ઠાકોર સમાજના નેતા બળદેવજી ઠાકોર, આદિવાસી નેતા અને ધારાસભ્ય અનંત પટેલે સાથે વાતચીત કરી હતી.

**'અનામતની નીતિમાં સુધારા થવા જોઈએ': દિનેશ બાંભણિયા**

પાટીદાર સમાજના આગેવાન દિનેશ બાંભણિયાએ કહ્યું કે, અનામત નીતિની સમીક્ષા કરી સુધારા થવા જોઈએ. જે મૂવમેન્ટ ચાલી રહી છે, તે એક વ્યક્તિએ મૂકેલા વિચારથી શરૂ થઈ છે અને તેમાં સમગ્ર ભારતના લોકો પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે. અનામતમાં જે ખામીઓ છે, કેટલીક કેટેગરીના લોકોને મળતા લાભો અને અત્યાર સુધી મળેલા લાભો સહિત તમામ બાબતો પર વિચાર થવો જોઈએ.

**'આર્થિક નબળા વર્ગને પ્રાયોરિટી આપો'**

'આ કેમ્પેઇનમાં રાજકીય હાથ કે દોરીસંચાર છે કે નહીં તે સમય જતાં ખબર પડશે. સરકારને અમે વારંવાર રજૂઆત કરી છે કે આર્થિક નબળા વર્ગને ખાસ પ્રાયોરિટી આપવામાં આવે અને કોઈપણ કેટેગરીમાં આવતા યુવાનોને આર્થિક ધારાધોરણ મુજબ અનામત આપવામાં આવે. હાલ જે વ્યવસ્થા ચાલી રહી છે તેમાં સુધારાની જરૂર છે.'

**'રિઝર્વેશનની પદ્ધતિનું આકલન થવું જોઈએ': વરૂણ પટેલ**

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા વરૂણ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રવ્યાપી 'અનામત હટાવો' કેમ્પેઇનમાં યુવાનોની લાગણી અને દેશના લોકો પોતાના વિચારો મૂકી રહ્યા છે. રિઝર્વેશનની પદ્ધતિનું આકલન કરી બદલાયેલી પરિસ્થિતિ પ્રમાણે સુધારા થવા જોઈએ.

**'ગરીબનું શોષણ અને અમીરને હંમેશા લાભ'**

અનામતનો લાભ જરૂરિયાતમંદના ઘર સુધી પહોંચવો જોઈએ. જાતિ વ્યવસ્થાની વાત કરીએ તો દુનિયામાં બે જ જ્ઞાતિ છે. એક અમીર અને એક ગરીબ. ગરીબનું હંમેશા શોષણ થયું છે અને અમીરને લાભ મળતા રહ્યા છે. અનામતમાં પણ આ જ પરિસ્થિતિનું સતત રિપિટેશન થઈ રહ્યું છે. અમારી માગણી છે કે, પોતાની નૈતિક જવાબદારી અને હિંમત દાખવે. આ વિષયમાં તમામ સમાજવર્ગોને સાથે રાખીને અનામતની સમીક્ષા અને સુધારા કરવાની તૈયારી દાખવવી જોઈએ.

**'રાજકીય પાર્ટીની તાકાત હોય એવું લાગતું નથી'**

રાજકીય દોરીસંચાર અંગે વરુણ પટેલે જણાવ્યું કે, ભારતમાં અત્યારે કોઈપણ એવી રાજકીય પાર્ટી નથી કે જે આટલું મોટું કેમ્પેઇન ચલાવી શકે. જાતિગણના કેમ્પેઇન હોય કે રિઝર્વેશન હટાવો , આ કોઈ રાજકીય પાર્ટીની તાકાત હોય એવું મને લાગતું નથી. આ રાષ્ટ્રના યુવાનોની તાકાત છે.

**'હાલની સિસ્ટમથી જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે ભેદભાવ': રમજુભા જાડેજા**

ક્ષત્રિય સમાજના આગેવાન રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, અનામતના દુરુપયોગને અટકાવી જરૂરિયાતવાળા વ્યક્તિને, તે કોઈપણ જ્ઞાતિનો હોય તેને લાભ મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. હાલમાં જે સિસ્ટમ છે તેના કારણે જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે જે ભેદભાવ થાય છે, તે ઓછો થાય તે રીતે પુનઃસમીક્ષા થવી જોઈએ.

'રિઝર્વેશન હટાવો આંદોલન' (RHA)ના ઈન્સ્ટાગ્રામ પેજને કુલ 5.9 મિલિનય લોકો ફોલો કરી રહ્યા છે.

'રિઝર્વેશન હટાવો આંદોલન' (RHA)ના ઈન્સ્ટાગ્રામ પેજને કુલ 5.9 મિલિનય લોકો ફોલો કરી રહ્યા છે.

**આ કેમ્પેઇનમાં કંઈ ખોટું નથી**

'હાલમાં જે મૂવમેન્ટ ચાલી રહી છે તેને અમે સપોર્ટ કરીએ છીએ. અમારા સમાજની પણ બેઠક યોજાવાની છે. બિનઅનામત કમિટીની બેઠકમાં આ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. હાલમાં આ સમગ્ર મુદ્દો પ્રાથમિક તબક્કામાં છે અને સોશિયલ મીડિયા પર જે કેમ્પેઇન ચાલી રહ્યું છે તેનું પરિણામ આવવું જોઈએ. આ કેમ્પેઇનમાં કંઈ ખોટું નથી.'

**'સમીક્ષા ન્યાયાધીશની અધ્યક્ષતામાં થવી જોઈએ'**

વધુમાં જણાવ્યું હતું કે, આ કેમ્પેઇન કોઈ રાજકીય પાર્ટીથી ચાલી રહ્યું હોય તેવું મને લાગતું નથી. NEET પેપર લીક બાદ જે જાગૃતિ આવી છે, તેના પછી આ પ્રકારની ચળવળ શરૂ થઈ છે. સમાજની બેઠક બાદ સરકાર સમક્ષ રજૂઆત કરાશે કે, અનામતની સમીક્ષા ન્યાયાધીશની અધ્યક્ષતામાં થવી જોઈએ.

**'સમાન તક અને યોગ્યતાના આધારે આગળ વધવાની જરૂર': તૃપ્તિબા રાઓલ**

ક્ષત્રિય સમાજના આગેવાન તૃપ્તિબા રાઓલે જણાવ્યું હતું કે, મારા મતે અનામત વ્યવસ્થા જે સમયના સામાજિક સંજોગોમાં જરૂરી હતી તેણે પોતાનું ઐતિહાસિક મહત્વ નિભાવ્યું છે, પરંતુ આઝાદીના દાયકાઓ પછી હવે દેશને સમાન તક, પ્રતિભા અને યોગ્યતાના આધારે આગળ વધવાની જરૂર છે.

# પંચાયતની બેદરકારી કે ભ્રષ્ટાચાર? કાંશમાં ખોદકામ કરીને પાણીનો નિકાલ રોકતા અનેક વિસ્તાર જળબંબાકાર

**ઉંઢેલા, તા.31**

ઉંઢેલા ગામે પંચાયતની ગંભીર લાપરવાહી સામે આવી છે. ગામની ઈન્દિરાનગરી પાસે આવેલા કુદરતી પાણીના નિકાલ માટેના કાંશમાં ચોમાસાની સીઝન દરમિયાન અંડરગ્રાઉન્ડ પાણીનો ટાંકો બનાવવા માટે મનસ્વી રીતે ખોદકામ કરવામાં આવ્યું છે. ખોદકામ દરમિયાન નીકળેલી માટી કાંશની અંદર જ નાખી દેવામાં આવી હતી, જેના કારણે વરસાદી પાણીના આગળ જવાનો તમામ નિકાલ બંધ થઈ ગયો છે. કાંશની અંદર પાણીના ફિલ્ટર પ્લાન્ટનું ટાંકો બનાવવા માટે આ પ્રકારે મંજૂરી કોણે આપી અને શું જવાબદાર તંત્ર આ વાતથી અજાણ છે તેવા ગંભીર સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. કાંશનો મૂળ હેતુ વરસાદી પાણીના નિકાલનો છે છતાં તંત્રની આંખ આડા કાન કરવાની નીતિના કારણે આજે





આ વિસ્તારમાં રહેતા લોકોના ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ ગંભીર બેદરકારી બદલ સ્થાનિક પ્રજાજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને સવાલ કરી રહ્યા છે કે શું તલાટી કે તાલુકા વિકાસ અધિકારીને આ ખોદકામ વિશે જાણ છે ખરી? આખરે આ ખોદકામ કોના દ્વારા અને કયા આદેશથી કરવામાં આવ્યું છે તેનો જવાબ તંત્ર ક્યારે આપશે તે જોવું રહ્યું.

# સેક્ટર 13માં ચોરીનું એક્ટિવા લઈને ટહેલતો 'કાચબો' પકડાયો

## 45 હજારનો મુદ્દામાલ જપ્ત, શંકાસ્પદ શખસ વાહન સાથે હોવાની માહિતી મળી હતી

**ગાંધીનગર, તા.31**

પાટનગર ગાંધીનગરમાં વાહનચોરીના બનાવો અટકાવવા તથા અગાઉ બનેલા વણઉકેલાયેલા ચોરીના બનાવોનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા ખાસ એક્શન પ્લાન બનાવીને સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે સેક્ટર 7 પોલીસ મથકની સર્વેલન્સ ટીમે વાહનચોરીના ગુનામાં સંડોવાયેલા અજય ઉર્ફે કાચબો નામના શખસને ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

**શંકાસ્પદ શખસ એક્ટિવા સાથે હોવાની માહિતી મળી હતી**

ગાંધીનગરમાં હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ અને સતત સરપ્રાઈઝ વાહન ચેકિંગના પરિણામે વાહનચોરીના એક વણ ઉકેલાયેલા ગુનાનો પર્દાફાશ થયો છે.જેમાં ચોરાઉ વાહન સાથે એક રીઢા શખસને દબોચી



લેવાયો છે. સેક્ટર 7 પોલીસ મથકની સર્વેલન્સ સ્ક્વોર્ડની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન, ગાંધીનગરના સેક્ટર-13 સ્થિત લીંબચ માતાના મંદિરની બાજુમાં આવેલા બગીચા નજીક એક શંકાસ્પદ શખસ એક્ટિવા સાથે હોવાની ચોક્કસ માહિતી મળી હતી.

**એક્ટિવાના આધાર-પુરાવા રજૂ કરી શક્યો નહીં**

આ બાતમી મળતાની સાથે જ ટીમે સ્થળ પર પહોંચીને શંકાસ્પદ શખસને કોર્ડન કરીને દબોચી લીધો હતો. જેની પૂછપરછમાં તેનું નામ માણસાની આર.બી.એલ.ડી. હાઈસ્કૂલની બાજુમાં રહેતા 20 વર્ષીય અજય ઉર્ફે કાચબો પ્રકાશભાઇ દંતાણી હોવાનું સામે આવ્યું હતું. જોકે તેની પાસે રહેલા કાળા રંગના એક્ટિવા (નંબર GJ-18-FH-4678) અંગે કડક પૂછપરછ કરતાં તે કોઈ યોગ્ય આધાર-પુરાવા રજૂ કરી શક્યો ન હતો.

**એક્ટિવા સાથે આરોપીની ધરપકડ**

જે અંગે પોલીસે ક્રોસ વેરિફિકેશન કરતા એક્ટિવા ચોરીનું હોવાની વિગતો સામે આવી હતી. જેના પગલે પોલીસે 45 હજારના એક્ટિવા સાથે તેની ધરપકડ કરી તે અન્ય કઈ કઈ ચોરીઓમાં સંડોવાયેલો છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. જે અંગે પોલીસે ક્રોસ વેરિફિકેશન કરતા એક્ટિવા ચોરીનું હોવાની વિગતો સામે આવી હતી. જેના પગલે પોલીસે 45 હજારના એક્ટિવા સાથે તેની ધરપકડ કરી તે અન્ય કઈ કઈ ચોરીઓમાં સંડોવાયેલો છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

# અણઘડ આયોજનનું પરિણામ : કાંસ પૂરીને નળ નાખતા વરસાદી પાણીના નિકાલ વગર લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા

### ઉંઢેલા ગામમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં, કાંશમાં ખોદકામથી પાણીનો નિકાલ રોકતા જળબંબાકાર સર્જાયો

**ઉંઢેલા, તા.31**





વહેલી સવારેથી સમગ્ર ખેડા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને માતર તાલુકામાં ભારે વરસાદના પગલે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. માતર તાલુકાના ઉંઢેલા ગામમાં ભારે વરસાદને કારણે ખરાબ સ્થિતિ જોવા મળી છે. ગામના ઈન્દિરાવાસ વિસ્તારમાં લોકોના ઘરોની અંદર પાણી ઘૂસી ગયા છે અને રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આવી જ ગંભીર પરિસ્થિતિ ગામના ખારાકુવા વિસ્તારમાં પણ જોવા મળી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં વર્ષોથી ક્યારેય પાણી ભરાવાની સમસ્યા થઈ નહોતી. ગ્રામજનો દાવો કરી રહ્યા છે કે ગ્રામ પંચાયત દ્વારા નાખવામાં આવેલા નાના નળોના કારણે પાણીની યોગ્ય નિકાલ ન થવાથી આ કૃત્રિમ જળબંબાકારની પરિસ્થિતિ ઊભી થઈ છે, જેના કારણે સ્થાનિકોમાં હાલાકી સર્જાઈ

# પેપર લીક કરનારાઓની હવે ખેર નથી : CM ભૂપેન્દ્ર પટેલે કહ્યું- 'યુવાનોના ભવિષ્ય સાથે કોઈ સમાધાન નહીં'

**ગાંધીનગર, તા.31**

સંસદમાં જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવા માટેના સુધારા વિધેયક-2026 પસાર થવા પર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેને આવકારીને દેશના કરોડો યુવાનોના ભવિષ્યને સુરક્ષિત કરતું એક ઐતિહાસિક પગલું ગણાવ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાત-દિવસ મહેનત કરનારા વિદ્યાર્થીઓ સાથે કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય અને દરેક યુવાનને તેની ક્ષમતા તથા મેરિટના આધારે આગળ વધવાની સમાન તકો મળે તે માટે સમગ્ર પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા અત્યંત જરૂરી છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, પેપર લીક કરનારા માફિયાઓ અને પરીક્ષામાં ગેરરીતિ આચરતા તત્વો સામે કડક સજા, આકરા દંડ તથા ઝડપી કાનૂની કાર્યવાહી કરવાથી આવા અસામાજિક તત્વો પર અસરકારક અંકુશ આવશે. આ નવા કાયદા હેઠળ ગેરરીતિના કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, પરીક્ષા પ્રક્રિયામાં અદ્યતન ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવાથી સમગ્ર પરીક્ષા પ્રણાલી વધુ મજબૂત અને વિશ્વસનીય બનશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

